

# ઉત્કર્ષ

સ્થાપના : શિક્ષક દિન - ૧૯૯૧
અંક - ૧૭ વર્ષ : ૨૦૦૭-૨૦૦૮

ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન

## કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડ

તા. અંકલેશ્વર, જી. ભરૂચ.



Scanned with CamScanner




''શુભેચ્છા સમારોહ'' (૨૦૦૭-૦૮)માં
કૂલપતિશ્રી ડો. કોઠારી સાહેબ,
કોલેજ ટ્રસ્ટના ટ્રેઝરર
શ્રી રાજેશ મનુબરવાલા,
મંત્રીશ્રી મહમદભાઈ ભૈયાત



''શુભેચ્છા સમારોહ'' (૨૦૦૭-૦૮)માં
કુલપતિશ્રી ડો. કોઠારી સાહેબનું મનનીય
પ્રવચન માણતા પ્રશિક્ષણાર્થી ભાઈબહેનો



''શુભેચ્છા સમારોહ''(૨૦૦૭-૦૮)માં
ઉદ્‌બોધન કરતા વીર નર્મદ દક્ષિણ
ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી
ડો. રમેશચંદ્ર કોઠારી સાહેબ



શુભેચ્છા સમારોહ પ્રસંગે
ગીતાબહેન રમેશચંદ્ર કોઠારીનું
સ્વાગત કરતા ચંથપાલ
કવિતાબહેન રાઠવા

Scanned with CamScanner

।।योग: कर्मसु कौशलम् ।।

(કર્મમાં કુશળતા પ્રાપ્ત કરવી એટલે યોગ)

અંક ૧૭

# ઉત્કર્ષ

વર્ષ ૨૦૦૭-૦૮

## સંપાદકો


**પ્રિ. ડૉ. પ્રફુલસિંહ જે. રાજ**

**પ્રા. ડૉ. જયંત એ. શાહ** (અધ્યક્ષ : મેગેઝીન સમિતિ)

**ઈમ્તિયાઝ એચ. માંજરા** (મંત્રી : મેગેઝીન સમિતિ)

**સુનિલ ડી. યાદવ** (સભ્ય : મેગેઝીન સમિતિ)

**માયા એમ. સિંધા** (સભ્ય : મેગેઝીન સમિતિ)



ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

(વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન)

**કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડ**

તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. ફોન : (૦૨૬૪૬) ૨૭૬૧૭૬


Scanned with CamScanner

ઉત્કર્ષ

# અનુક્રમણિકા

ઉત્કર્ષ


| ક્રમ નંબર | લેખનું શીર્ષક | લેખક | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | સંપાદકીય | | ૫ |
| ૨ | આચાર્યશ્રીની કલમે | ડૉ. પ્રફુલસિંહ જે. રાજ | ૭ |
| ૩ | અમારું ટ્રસ્ટી મંડળ | | ૮ |
| ૪ | વિદ્યાર્થી સંઘ | | ૯ |
| ૫ | સાયબર યુગ અને શિક્ષણ | ડૉ. પ્રફુલસિંહ જે. રાજ | ૧૦ |
| ૬ | Pedagogical Change Through Information Technology | Pravinchandra R. Master | ૧૪ |
| ૭ | મેમરી મેપ | પ્રા. જયંત એ. શાહ | ૨૬ |
| ૮ | On Line Education | પ્રા. પારૂલ ટંડેલ | ૨૮ |
| ૯ | ડીજીટલ લાયબ્રેરી | કવિતા રાઠવા | ૩૩ |
| ૧૦ | આભાસી વર્ગખંડો | ઈમ્તિયાઝ એચ. માંજરા | ૩૬ |
| ૧૧ | સિસ્ટમ અભિગમ દ્વારા શિક્ષણની સમૃદ્ધિ | માયાબહેન એમ. સિંધા | ૩૯ |
| ૧૨ | મલ્ટીમિડિયા પેકેજ (બહુમાધ્યમ સમૂહ) | સુનિલ યાદવ, યોગેશ વસાવા | ૪૨ |
| ૧૩ | જ્ઞાનનું વ્યવસ્થાપન | હેમાંગિની ડી. પ્રજાપતિ | ૪૮ |
| ૧૪ | નેનો લર્નિંગ એટલે કે સૂક્ષ્મ સ્તર ઉપરની શિક્ષણ-પ્રાપ્તિ | રૂપલ સી. પ્રજાપતિ | ૫૦ |


Scanned with CamScanner

ઉત્કર્ષ **અનુક્રમણિકા** ઉત્કર્ષ



| ક્રમ નંબર | લેખનું શીર્ષક | લેખક | પાન નંબર |
|---|---|---|---|
| ૧૫ | પ્રકલ્પ આધારીત અધ્યયન | પારૂલ પટેલ, શિલ્પા ત્રિવેદી | ૫૨ |
| ૧૬ | વર્ગખંડમાં ટેલિવિઝનનો ઉપયોગ | કમલેશકુમાર એમ. પટેલ | ૫૪ |
| ૧૭ | ફ્લોચાર્ટ | અમિતકુમાર એન. પટેલ | ૫૭ |
| ૧૮ | પ્રાચીન સમયની અધ્યયન પ્રણાલિકાઓ | ડૉ. મયૂરીબહેન એ. ભાટીયા | ૫૯ |
| ૧૯ | શિક્ષણમાં પ્રેરણાનું મહત્ત્વ | ડૉ. કિશોરભાઈ નાયક | ૬૧ |
| ૨૦ | વર્ષ ૨૦૦૭-૦૮ના શૈક્ષણિક વર્ષની વિશિષ્ટ પ્રવૃત્તિઓ | | ૬૪ |
| ૨૧ | શૈક્ષણિક સહયોગ | | ૬૭ |
| ૨૨ | વિવિધ સમિતિઓનો અહેવાલ | | ૭૦ |
| ૨૩ | ઋણ સ્વીકાર | | ૭૭ |
| ૨૪ | પ્રશિક્ષણાર્થી સંપર્ક સેતુ | | ૭૮ |
| ૨૫ | શુભેચ્છકોની યાદી | | ૮૫ |



Scanned with CamScanner

# સંપાદકીય

કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડ સમાજને શ્રેષ્ઠ અને ગુણવત્તા સભર શિક્ષકો મળી રહે તે માટે ૧૯૯૧થી કટિબદ્ધ છે. પ્રતિવર્ષ પ્રગટ થતા વર્ષાન્ત સામયિક 'ઉત્કર્ષ'નો આ સત્તરમો અંક આપના હાથમાં મૂકતાં અમે આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. આજે સમાજમાં અને શિક્ષણ ક્ષેત્રે ICTનું મહત્ત્વ ઘણું જ વધી રહ્યું છે ત્યારે પ્રસ્તુત અંક ઈન્ફર્મેશન ટેક્નૉલોજી ઈન એજ્યુકેશનને કેન્દ્રમાં રાખી તૈયાર કર્યો છે.

આજે અનેક શિક્ષણ સંસ્થાઓમાં ટેલિવિઝન છે, જેમાં - The History Channel, Discovery Channel, National Geography, Animal Planet, GCERT દૂરદર્શન - દ્વારા પ્રાથમિક કક્ષાના શૈક્ષણિક કાર્યક્રમો, Topper Channel, જ્ઞાન દર્શન ૧-૨ Channel દ્વારા Educational Programmes for Higher Education, IGNOU, વગેરેના ઉત્તમ કોટીના જ્ઞાનવર્ધક શૈક્ષણિક કાર્યક્રમો આવતા હોય છે સત્તર વર્ષ પહેલાં વાપીની પી.ટી.સી. કૉલેજ દ્વારા શિક્ષણને વધુ સમૃદ્ધ બનાવવા અભ્યાસક્રમને ઉપયોગી ટી.વી. કાર્યક્રમોનું વિડિયો કેસેટ પર રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું. આજે તો સગવડ વધી છે આવા કાર્યક્રમોની વી.સી.ડી. કે ડી.વી.ડી. પણ તૈયાર કરી શકાય. શિક્ષણ સંસ્થાઓમાં માત્ર મેચ જોવા માટે ટી.વી.નો ઉપયોગ થાય તે કેટલું યોગ્ય ?

સંસ્થામાં મલ્ટી મિડિયા હૉલ બનાવ્યો હોય, એલસીડી પ્રોજેક્ટર હોય, પણ જો તેના મહત્તમ ઉપયોગ માટેનું યોગ્ય આયોજન જ નહિ હોય અને વર્ષમાં બે-ત્રણ વાર માંડ ઉપયોગ થતો હોય તો તે માટે કરેલ ખર્ચ વ્યર્થ છે. પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન કે મલ્ટીમિડિયા પેકેજ માટે તેનો ઉપયોગ થતો હોય તો આધુનિક ટેક્નૉલોજીનો પૂરતો લાભ વિદ્યાર્થીઓને મળે. આ માટે તેના યોગ્ય ઉપયોગનું આયોજન સંસ્થાઓએ કરવું જ જોઈએ. કારણ કે તેના દ્વારા અપાતું શિક્ષણ વધુ અસરકારક નીવડે છે.

આજે કેટલીક સંસ્થા પાસે હેન્ડીકેમની પણ સગવડ છે જે માત્ર થોડાક કાર્યક્રમો પૂરતો તેનો ઉપયોગ કરી સંતોષ માને છે. શાળાના શ્રેષ્ઠ શિક્ષકના વર્ગકાર્યનું રેકોર્ડિંગ કરવા માટે કે અભ્યાસક્રમને અનુલક્ષીને કોઈ ઉત્પાદન સ્થળની મુલાકાત, પ્રાકૃતિક સ્થળની મુલાકાત જેવા શિક્ષણના કાર્યક્રમનું રેકોર્ડિંગ કરવામાં આવે તો તે હંમેશ માટે ઉપયોગી બની રહે. વિકાસ વર્તુળ ભાવનગર દ્વારા શ્રી નારાયણભાઈ દેસાઈની ગાંધીકથાની સી.ડી.નો સેટ પ્રકાશિત થયો છે. વલસાડના શ્રી જિનચંદ્ર વિજયજી મહારાજ સાહેબે મુંબઈમાં ઘણાં વર્ષો પહેલાં ચાતુર્માસ દરમિયાન 'શાંતસુધા રસ' વિશે પ્રવચનો કર્યા હતા. આ અંગે છ એમ.પી.થ્રી.માં સિત્તેર કલાકના બધા પ્રવચનો પ્રાપ્ત થાય છે. આવું કાર્ય શિક્ષણના ક્ષેત્રમાં પાઠ્યપુસ્તક મંડળ કે શિક્ષક સંઘ જેવી સંસ્થા દ્વારા થાય તેવા પ્રયત્નની જરૂર છે.

Multi Media Encarta, IBM Encyclopedia of World Book, Encyclopedia of Britanica ની સી.ડી.ઓ સંસ્થામાં હોય પરંતુ તેનો ઉપયોગ જેટલા પ્રમાણમાં થવો જોઈએ તેટલો થતો નથી. ઈન્ટરનેટ

Scanned with CamScanner

દ્વારા શિક્ષણને લગતી માહિતી આપનારી એજ્યુકેશનની લાખો વેબસાઈટો અસ્તિત્વમાં છે. Wikipedia જેવા Online Encyclopedia પર અનેક વિષયો અંગે ઊંડાણપૂર્વકની માહિતી ઉપલબ્ધ છે. જેનો ઉપયોગ શિક્ષણના ક્ષેત્રમાં ગુજરાતમાં થવો જોઈએ તેટલો થતો નથી. ચોક, ગ્રીન બોર્ડ, ચાર્ટ, ઓવરહેડ પ્રોજેક્ટરની સાથે સાથે હવે ઈન્ફોર્મેશન ટેક્નોલોજીનો ઉપયોગ કરીશું તો જ આપણે વિશ્વની સાથે કદમ મિલાવી શકીશું.

આજે વિદ્યાર્થીઓ પાસે મોબાઈલમાં અનેક મલ્ટી ફંક્શન સુવિધાઓ પ્રાપ્ત હોય છે. મનોરંજન માટે તેનો વ્યાપક ઉપયોગ થાય છે પરંતુ શિક્ષણ માટે એનો ઉપયોગ કેટલો ? આઈપોડ, બ્લ્યુ ટુથ, રિમાઈન્ડર, વગેરેનો શૈક્ષણિક ઉપયોગ કેટલો ? આવા આધુનિક સાધનોનો ઉપયોગ શિક્ષણના ક્ષેત્રમાં મહત્તમ પ્રમાણમાં થાય તે જરૂરી છે. માટે જ આ દિશામાં વિચાર પ્રસારના ઉદેશ્યને ધ્યાનમાં રાખી અહીં એજ્યુકેશનલ ટેક્નૉલોજીના વિષયો પસંદ કર્યા છે.

'ઉત્કર્ષ' પ્રકાશનના આ અવસરે ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ તથા કૉલેજ પરિવાર આપ સૌ શુભેચ્છકો કે જેમણે જાહેરાતને નિમિત્ત બનાવી આર્થિક સહાય કરી છે તેમજ વાલીગણ જેમણે દાન એકત્ર કરવામાં સહકાર આપ્યો છે તેની સાનંદ નોંધ લઈ આભાર માનીએ છીએ. 'ઉત્કર્ષ'ના સમયસર અને સુંદર છાપકામ બદલ સ્મીરા ગ્રાફીક્સનો પણ આભાર માનીએ છીએ. પ્રશિક્ષણાર્થીઓએ આ પ્રકાશનમાં ખૂબ મહેનત કરી અનુભવનું ભાથુ મેળવ્યું છે તે ભવિષ્યમાં તેમને ખૂબ ઉપયોગી બની રહેશે. સંસ્થાને ભવિષ્યમાં પણ આપ સૌ તરફથી આવો જ સાથ અને સહકાર પ્રાપ્ત થાય અને ગુજરાતનું ક્ષેત્ર ICT ના ઉપયોગને વધારી વધુ સમૃદ્ધ બને તેવી અભ્યર્થના.

- સંપાદકો

૧. આશાવાદી તથા નિરાશાવાદી બન્ને નવા વર્ષ પહેલાંની અડધી રાત સુધી જાગે છે. આશાવાદી નવું વર્ષ આવકારવા અને નિરાશાવાદી એનો દિલાસો મેળવવા કે હાશ એક વર્ષ પત્યું.

*– બિલ વોગન*

૨. જીવનમાં તમને મોં બંધ રાખવાના અનેક અવસર મળશે, એનો ભરપૂર લાભ લેજો.

*– જેમ્સ ડેન્ટ*

૩. દુનિયામાં એવા અટળક લોકો છે, જે અસાધારણ સુખ મેળવવા માટે સંતોષનો ભોગ આપી દેવા તત્પર છે.

*– ડગ લાર્સન*

Scanned with CamScanner

# આચાર્યશ્રીની કલમે

ભાવિ શિક્ષકોને વ્યાવસાયિક પ્રશિક્ષણ આપતી અમારી કૉલેજનું આ સત્તરમું વર્ષ એટલે ૨૦૦૭-૦૮. પ્રથમ સત્રનો પ્રારંભ પ્રશિક્ષણાર્થીઓના પ્રવેશોત્સવથી થયો. પ્રથમ દિવસથી અભ્યાસક્રમના ઉપક્રમે સાક્ષરી વિષયોની ચર્ચા શરૂ થઈ. ત્યારબાદ સમયોચિત માઈક્રો લેશન, ડેમોન્સ્ટ્રેશન લેશન, પ્રેક્ટીસ લેશન, સતત શિક્ષણના લેશન વગેરે દ્વારા પ્રશિક્ષણાર્થીઓ How to teach ના સંસ્કાર પામ્યા.

કૉલેજ ટ્રસ્ટના પ્રમુખશ્રી આરીફભાઈ વજીફદાર તથા મંત્રીશ્રી મહમદભાઈ ભેંયાત તથા આમંત્રિતોની ઉપસ્થિતિમાં કૉલેજ સ્થાપના દિન તથા શિક્ષક દિનની ઉજવણી તા. ૦૫-૦૯-૦૭ના શુભ દિને કરવામાં આવી. પ્રશિક્ષણાર્થીઓએ ''શીવો ભુત્વા શીવમ્ યજેત્'' એ ન્યાયે ડૉ. રાધાકૃષ્ણન્ જેવા મહાન શિક્ષકને દૃષ્ટિ સમક્ષ રાખી તેમના જેવા બનવા સંકલ્પ કર્યો.

આ વર્ષમાં પ્રશિક્ષણાર્થીઓની વિશેષતામાં કંઈક નવું કરવાની તમન્ના સાથે સંપ, એકતા, ખેલદીલી હતાં. કૉલેજે યોજેલી તમામ પ્રવૃત્તિઓને સફળ બનાવવા પાછળ સ્ટુડન્ટ યુનિયન તથા સામાન્ય મંત્રી જલ્પા પટેલનું આયોજન, વ્યવસ્થાપન અને અમલીકરણ દાદ માંગી લે તેવાં હતાં. વળી, તેજસ્વી પ્રશિક્ષણાર્થીઓ માયા સિંધા, સંદીપ પટેલ, અમિત પટેલ, હેમાંગીની પ્રજાપતિ, મનિષા વૈદ, રંજન મહેતા, લીના ચૌહાણ વગેરે વિવિધ કૉલેજોએ યોજેલી પ્રતિયોગિતામાં ભાગ લઈ પારિતોષિકો પણ મેળવવા સહભાગી થયા હતા.

બીજા સત્રમાં મથકેતર શિક્ષણ કાર્યક્રમ, ઈન્ટર્નશીપ કાર્યક્રમ ઉપરાંત નૂતન ગ્રામ વિદ્યાપીઠ સંચાલિત શૈક્ષણિક સંકુલ થવા, માલસામોટ, નિનાઈ ધોધ, દેવમોગરાનો શૈક્ષણિક પ્રવાસ, થીમ, અભિનય અને કૃતિઓની દૃષ્ટિએ ભવ્ય વાર્ષિકોત્સવ, રમતોત્સવ વગેરે દ્વારા પ્રશિક્ષણાર્થીઓને બહુવિધ સંસ્કાર આપવાનો કૉલેજ પરિવારે પ્રયત્ન આદર્યો.

કૉલેજે આ વર્ષે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની પ્રશિક્ષણ કૉલેજોના પ્રશિક્ષણાર્થીઓ માટે ક્રિયાત્મક સંશોધન પ્રતિયોગિતા ૨૦૦૮નું આયોજન કર્યું હતું. કૉલેજોનો ઉમદા સહકાર મળ્યો હતો. આ ઉપરાંત કૉલેજના પ્રશિક્ષણાર્થીઓએ સેવા પ્રવૃત્તિના ઉપક્રમે સેવાશ્રમ હોસ્પિટલ, ભરૂચ અને સરદાર પટેલ ચેરીટેબલ હોસ્પિટલ, અંકલેશ્વરમાં દર્દીઓને બિસ્કીટ તથા ફળ દ્વારા ઉષ્મા આપવાનો પ્રયત્ન કર્યો હતો. કૉલેજનો શૈક્ષણિક અને વહિવટી કર્મચારી ગણ સતત વ્યાવસાયિક સજ્જતા પ્રાપ્ત કરવા સદા તત્પર અને ઉત્સાહી રહ્યો છે.

ગુણવત્તા સાથેની તાલીમ એ કૉલેજના બી.એડ્. ઈગ્નુ સેન્ટરનો મહામંત્ર રહ્યો છે. કૉલેજના સિનિયર પ્રાધ્યાપક ડૉ. પ્રવિણ માસ્ટર અને પ્રાધ્યાપક ગણના સંયુક્ત સહકારથી બી.એડ્. ઈગ્નુ સેન્ટર યશસ્વી કામગીરી બજાવી પાંચમાં વર્ષમાં પ્રવેશી ચૂક્યું છે.

વળી, કૉલેજે મેળવવાના NAAC પ્રમાણપત્ર માટે ડૉ. પ્રવિણ માસ્ટરના કન્વીનર પદે કામગીરી અંતિમ તબક્કામાં છે. ભૂતપૂર્વ પ્રશિક્ષણાર્થી એશોશિયેશન (સેતુ) પણ કાર્યરત થયું છે. કૉલેજમાંથી ૧૯૯૧થી ૨૦૦૭ સુધી ૯૭૦ જેટલા પ્રશિક્ષણાર્થીઓ 'શિક્ષણશાસ્ત્રી' થવા સદ્ભાગી બન્યા છે.

૨૦૦૭-૦૮ના વર્ષમાં આપ સૌ - ટ્રસ્ટીઓ, કૉલેજ પરિવાર, પ્રશિક્ષણાર્થીઓ, વાલીઓ, ભૂતપૂર્વ પ્રશિક્ષણાર્થીઓ, ખરોડના ગ્રામજનો, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પદાધિકારીશ્રીઓ તથા શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય તરફથી મળેલ ઉષ્માપૂર્ણ સહકારની નોંધ લઉં છું અને ભવિષ્યમાં પણ આવા જ સહકારની અપેક્ષા રાખી વિરમું છું.

*- ડૉ. પ્રફુલસિંહ રાજ*

Scanned with CamScanner

ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ, ખરોડ સંચાલિત

# કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડ.

તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.


## ❖ અમારું ટ્રસ્ટી મંડળ ❖

**શ્રી અહમદભાઈ એમ. પટેલ (M.P.)**

સ્થાપક પ્રમુખ, પથદર્શક તથા પ્રેરણાસ્રોત

પટેલ સ્ટ્રીટ, મુ. પો. પીરામણ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.

| | | |
|---|---|---|
| શ્રી આરીફભાઈ વજીફદાર | – પ્રમુખશ્રી | રસુલબાગ, જૂની દીવી, અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી સુનિલભાઈ બી. પટેલ | – ઉપપ્રમુખશ્રી | 'શિવમ્' હવેલી ફળિયા, અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી મહંમદભાઈ એ. ભૈયાત | – મંત્રીશ્રી | મુ. પો. ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી રાજેશભાઈ ટી. મનુબરવાલા | – કોષાધ્યક્ષ | ૪૬, પ્રિતમનગર-૧, ભરૂચ. |
| શ્રી કમલેશભાઈ ઉદાણી | – ટ્રસ્ટીશ્રી | કુંદન-૪, દિપાલી સોસાયટી, પ્રિતમ-૨ પાછળ, ભરૂચ. |


## ❖ અમારો સ્ટાફ ❖

**ડૉ. પ્રફુલસિંહ જે. રાજ - પ્રાચાર્યશ્રી**

૧, ગુરૂકૃપા સોસાયટી, મુ. પો. શુકલતીર્થ, તા. જિ. ભરૂચ - ૩૯૨ ૦૩૦

| | | |
|---|---|---|
| ડૉ. પ્રવીણચંદ્ર આર. માસ્ટર | – પ્રાધ્યાપક | બી/૧૬, આશુતોષ-૨, લીંક રોડ, ભરૂચ. |
| ડૉ. જયંતભાઈ એ. શાહ | – પ્રાધ્યાપક | એ/૯, જ્યોતિનગર-૧, ઝાડેશ્વર રોડ, ભરૂચ. |
| શ્રીમતી કવિતાબહેન એ. રાઠવા | – ગ્રંથપાલ | એ/૧૪, ગજાનનપાર્ક, પાંચસો ક્વાટર્સની બાજુમાં, નવી કોલોની, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર-૨ |
| કુ. પારૂલ બી. ટંડેલ | – અધ્યાપક સહાયક | મુ. પો. ભદેલી, તા. જિ. વલસાડ. |

## ❖ વહીવટી કર્મચારીગણ ❖

| | | |
|---|---|---|
| શ્રી જયંતભાઈ એસ. પટેલ | – સિ. ક્લાર્ક | બી/૪, મૈત્રીનગર સોસાયટી, ભોલાવ, ભરૂચ. |
| શ્રી ઈસ્માઈલ એમ. જોગીયાત | – જુ. ક્લાર્ક | મુ. પો. ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી અશ્વિન એમ. વસાવા | – જુ. ક્લાર્ક | મુ. પો. રજલવાડા, તા. ઝઘડિયા, જિ. ભરૂચ. |

## ❖ સેવકગણ ❖

| | | |
|---|---|---|
| શ્રી ફારૂક યુસુફ બીજાભાઈ | – સેવક | મુ. પો. પીરામણ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી ચંદ્રવદન કે. ગુર્જર | – સફાઈ કામદાર | જૂની મામલતદાર કોર્ટ પાછળ, અંકલેશ્વર-૧ |
| શ્રી મિનેષકુમાર એચ. જાદવ | – વોચમેન | ૩૫/૬, નવી વસાહત, લાહોરી ગોડાઉન પાછળ, ભરૂચ. |

Scanned with CamScanner

# વિદ્યાર્થી સંઘ : ૨૦૦૭-૨૦૦૮

યુનિયન પ્રમુખ : ડૉ. પ્રફુલસિંહ જે. રાજ (આચાર્ય)
સામાન્ય મંત્રી : શ્રી જલ્પાબેન એ. પટેલ

| | | | |
|---|---|---|---|
| (૧) | મેગેઝીન સમિતિ : | અધ્યક્ષ | : ડૉ. જે. એ. શાહ |
| | | મંત્રી | : શ્રી ઈમ્તિયાઝભાઈ એચ. માંજરા |
| | | સભ્યો | : શ્રી સુનિલભાઈ ડી. યાદવ<br>માયાબહેન એમ. સિંધા |
| (૨) | સાંસ્કૃતિક સમિતિ : | અધ્યક્ષ | : પ્રા. પી. બી. ટંડેલ |
| | | મંત્રી | : હેમાંગીનીબહેન ડી. પ્રજાપતિ |
| | | સભ્યો | : રૂપલબહેન સી. ભાવસાર<br>શ્રી રિતેશભાઈ આર. આજગિયા |
| (૩) | પ્રવાસ સમિતિ : | અધ્યક્ષ | : ડૉ. પી. આર. માસ્ટર |
| | | મંત્રી | : શ્રી રિતેશભાઈ આર. આજગિયા |
| | | સભ્યો | : શ્રી ઈમ્તિયાઝભાઈ એચ. માંજરા<br>રૂપલબહેન સી. ભાવસાર |
| (૪) | સાહિત્ય સમિતિ : | અધ્યક્ષ | : ડૉ. જે. એ. શાહ |
| | | મંત્રી | : માયાબહેન એમ. સિંધા |
| | | સભ્યો | : શ્રી ઈમ્તિયાઝભાઈ એચ. માંજરા<br>શ્રી જયેશભાઈ આર. પટેલ |
| (૫) | પ્લાનિંગ સમિતિ : | અધ્યક્ષ | : પ્રા. પી. બી. ટંડેલ |
| | | મંત્રી | : શ્રી દિવાકરભાઈ આર. પ્રજાપતિ |
| | | સભ્યો | : હેમાંગિનીબહેન ડી. પ્રજાપતિ<br>શ્રી રિતેશભાઈ આર. આજગિયા |
| (૬) | રમત-ગમત સમિતિ : | અધ્યક્ષ | : શ્રી પી. આર. માસ્ટર |
| | | મંત્રી | : શ્રી જયેશભાઈ આર. પટેલ |
| | | સભ્યો | : શ્રી દિવાકરભાઈ આર. પ્રજાપતિ<br>હેમાંગિનીબહેન ડી. પ્રજાપતિ |
| (૭) | નાણાં સમિતિ : | અધ્યક્ષ | : ડૉ. જે. એ. શાહ |
| | | મંત્રી | : રૂપલબહેન સી. ભાવસાર |
| | | સભ્યો | : શ્રી દિવાકરભાઈ આર. પ્રજાપતિ<br>શ્રી જયેશભાઈ આર. પટેલ |
| (૮) | ગ્રંથાલય સમિતિ : | અધ્યક્ષ | : શ્રીમતી કવિતાબહેન રાઠવા |
| | | મંત્રી | : શ્રી સુનિલભાઈ ડી. યાદવ |
| | | સભ્યો | : શ્રી દિવાકરભાઈ આર. પ્રજાપતિ<br>હેમાંગિનીબહેન ડી. પ્રજાપતિ |

Scanned with CamScanner

# સાયબર યુગ અને શિક્ષણ

- પ્રિ. ડૉ. પ્રફુલસિંહ જે. રાજ

**પ્રાસ્તાવિક :**

માનવી ઈશ્વરનું ઉત્કૃષ્ટ સર્જન છે. ઈશ્વરે માનવીને વિકાસ માટે અમાપ ઈચ્છાશક્તિ અને કર્તૃત્વશક્તિ આપીને સ્વતંત્રતા બક્ષી છે. માનવ વિકાસની પ્રક્રિયા ઉત્ક્રાંતિમૂલક રહેવા પામી છે. પ્રાગૈતિહાસિક કાળથી ઉદ્ભવીને આજે ૨૧મી સદીની શરૂઆતના દશકામાં એ પ્રક્રિયા ઘણા પડકારભર્યા, રોમાંચક અને હેરતનાક યુગ એવા સાયબર યુગમાં પ્રવેશી ચૂકી છે, જે માનવીના રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને વિજ્ઞાન-તક્નિકી જીવનમાં અદ્વિતીય પરિવર્તન લાવી છે. આ પરિવર્તનોને પરિણામે આખા વિશ્વમાં માનવ જીવનને હચમચાવી નાખે તેવાં પરિબળો ઉદ્ભવી રહ્યાં છે. બીજી બાજુ એ ખળભળાટની પ્રક્રિયામાંથી પણ માનવ જીવનમાં એક સુમેળ, એક સહાનુભૂતિ ઊભી કરવાનો ભગીરથ પુરૂષાર્થ પણ આદરવામાં આવી રહ્યાનું દશ્યમાન થાય છે.

આવો આ વિરલ જોડાણ (Junction)નો યુગ શિક્ષણના ક્ષેત્રના હિતચિંતકો (Stake holders) ને માટે પડકારનો અને તકનો યુગ છે. આપણે એ પડકાર અને તકને ઝડપીએ એ આજના સમયની માંગ છે.

**સાયબર યુગ અને સમસ્યા ક્ષેત્રો :**

**(૧) સમગ્ર પર્યાવરણ ક્ષેત્રે સમસ્યા :**

આજનો માણસ અજનબી વાતાવરણમાં જીવી રહ્યો છે, આગળ વધી રહ્યો છે. અનેક પ્રકારની ટેક્નૉલોજી (બાયો, ઈન્ફર્મેશન, એનર્જી, સ્પેસ, મટીરીયલ્સ) માનવ જીવન પર પ્રભાવ પાડી રહી છે. વાહન વ્યવહાર, સંદેશા વ્યવહાર અને માહિતી સંચારને લીધે વિશ્વ સાંકડું બની ગયું છે. માનવ સમાજ સામાજિક, સાંસ્કૃતિક, કલા, જ્ઞાન માહિતી વગેરે ક્ષેત્રોમાં ગતિશીલ બન્યો છે. વિશ્વ એક બજાર બનવા પામ્યું છે. ગુણવત્તા સ્પર્ધા, ઉત્તમતા, બજારભાવ પ્રભાવક બન્યા છે. પરિણામે બળિયાના બે ભાગ જેવી આર્થિક પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. તેથી Have's અને Have not's ના બે વર્ગો ઉભરી રહ્યા છે. આજનો યુગ જ્ઞાનનો યુગ બની ગયો છે. જ્ઞાન સમૃદ્ધ અને જ્ઞાન ગરીબ. એવા બે વર્ગો ઊભા થઈ રહ્યા છે. આર્થિકવાદ, ભોગવાદ, કલ્પતરૂવાદ, ભૌતિકવાદને લીધે ગળાકાપ સ્પર્ધાઓ, બીજાનો પૈસો મારા ગજવામાં કેવી રીતે આવી જાય તેવી વૃત્તિને લીધે વિવિધ મૂલ્યો પર વિઘાતક અસરો થઈ છે. માનવ અધિકાર અને માનવ ગરિમા ક્ષેત્રે વિશ્વ માનવ સમાજ આજે ગૂંગળાઈ રહ્યો છે અને કુરૂપતાઓનો ભોગ બની રહ્યો છે. આવા પડકારક્ષમ પર્યાવરણમાં કેવી રીતે ટકવું અને વિકસવું એ મોટો પડકાર છે અને એમાં જ ઘણી તકો પણ રહેલી છે.

**(૨) વ્યક્તિના જીવનના સમગ્ર ક્ષેત્રે સમસ્યા :**

સંકુલ એવા પર્યાવરણમાં માનવીને જીવવા, સાર્થક્તાને પામવા કેટલીયે સજ્જતાઓ કેળવવી પડશે. આ સજ્જતાઓ કેળવવા અંગેની તાલીમ શૈક્ષણિક સંસ્થાઓ ઉપરાંત સમાજ, ઘર, વ્યવસાયના સ્થળે મળી રહે તેવી ગોઠવણ કરવી પડશે. જ્ઞાન, માહિતી, તક્નિકી, કુશળતા, કમ્યુનિકેશન, સર્જનશીલતા, મૂલ્યો, સ્વાસ્થ્ય, નાગરિક્તા - આમ, ઘણાં બધા ક્ષેત્રોમાં સજ્જતા કેળવવી પડશે. વ્યક્તિ ગમે તે હોય,

Scanned with CamScanner

સાક્ષર કે નિરક્ષર, ગરીબ કે તવંગર, પ્રજાજન કે સત્તાધિશ, પુરૂષ કે સ્ત્રી, નીતિ ઘડનાર કે પાલન કરનાર સૌ પોતપોતાના ક્ષેત્રની નવા યુગની સજ્જતાઓ નિરંતર કેળવતા રહે તે આજના યુગનો પડકાર પણ છે અને તેમાં ઘણી તકો સમાયેલી છે.

**(૩) માનવના સમગ્ર શિક્ષણ ક્ષેત્રે સમસ્યા :**

સાયબર યુગમાં અનેક સંભાવનાઓ, શક્યતાઓ અને ડરને પહોંચી વળાય તેવી ક્ષમતા વ્યક્તિમાં કેળવવા અનુરૂપ શિક્ષણ ગોઠવવું પડશે. આ શિક્ષણના પાયામાં યોગ્ય દર્શનશાસ્ત્ર જોઈશે. આ શિક્ષણ દર્શનના ઉપલક્ષ્યમાં સુયોગ્ય અભ્યાસક્રમ ઘડવો પડશે. આ અભ્યાસક્રમને પાઠ્યક્રમમાં સમાવવો પડશે. આ પાઠ્યક્રમને અમલમાં મૂકવા યોગ્ય અધ્યાપન-અધ્યયન સામગ્રી જોઈશે. અધ્યાપન પદ્ધતિઓ, મૂલ્યાંકન, સંશોધન, સુધારણા, ઉપચાર કાર્ય તો ખરાં જ. આ બધાનું સુગ્રથીકરણ (Net Working) કરવાનું થશે. પરિણામે જીવંત, ચૈતન્યસભર શૈક્ષણિક સંયોજન સર્જાશે. જે અધ્યેતાના જીવનને ગતિશીલ, સર્જક બનાવશે. હવે પછીનું શિક્ષણ આજના બે ચાર વિષય શીખવતા શિક્ષણ કરતાં ઊંચેરું હશે અને અનેકગણી ઊંચાઈઓ અને ઉંડાણ ધરાવતું પ્રેરક હશે. શિક્ષણનો આવો ક્રાંતિકારી ખ્યાલ આજના શિક્ષણને હચમચાવી મૂકે તેવો છે. આવું શિક્ષણ ગોઠવવું એ મોટો પડકાર છે અને તેમાં તકો પણ રહેલી છે.

**(૪) શિક્ષણ માટેની સંસ્થાના ક્ષેત્રે સમસ્યા :**

આકાર પામેલા સાયબર યુગમાં શૈક્ષણિક સંસ્થા એક વૈશ્વિક પરિબળ બની ગયેલ છે ઉપર વર્ણવેલ વ્યાપક અને જીવંત શિક્ષણ ચીલેચાલુ ભૌગોલિક બંધનોમાં પૂરાયેલું સંભવી ન શકે. આજની શાળાના બૌદ્ધિક સીમાડા, વ્યાવસાયિક સરહદો એની રણનીતિનો પરિઘ, સામાજિક સંસ્થાઓ સાથેના જોડાણ ખૂબ વિસ્તરી ચૂક્યાં છે. શાળાઓ ઈન્ટરનેટ, મિડિયાનાં ઉપકરણોને લીધે સમગ્ર સમાજની ગતિવિધિઓની યંત્રણામાં એક ઘટક જ બની રહેશે.

શિક્ષણ સંસ્થા એની સાથે સંલગ્ન એવા ભાગીદારોનું સહિયારું સાહસ બની રહેશે. આ સાહસ જ શિક્ષણ, તેના ઉદ્દેશો, પદ્ધતિઓ, મૂલ્યાંકન, નવીનીકરણ વગેરે વિશે વિચારશે. સમાજને અપેક્ષિત એવું શિક્ષણનું તંત્ર નીચે મુજબની લાક્ષણિક્તા ધરાવતું હોવું જોઈએ. વિચારતું રહેલું તંત્ર, સંવેદનશીલ તંત્ર, નિત્ય શીખતું રહેલું તંત્ર, એક ભવિષ્યલક્ષી, અભિક્રમ મૂલક, પરાક્રમલક્ષી સાહસિક તંત્ર, વ્યવસાયના મૂલ્યોને વરેલું તંત્ર, સહકાર અને ભાગીદારી પર રચાયેલું સમાનતા મૂલક તંત્ર વગેરે લાક્ષણિક્તાઓ હોવી ઘટે.

આવી સંસ્થાને પોતાનું સુસ્પષ્ટ દર્શન (Vision) અને પોતે જેને વરેલ હોય તેવા લક્ષ્યાંકોનું પ્રતિબદ્ધ આલેખન (Mission) અને પોતે કઈ રીતે કાર્યાન્વિત થશે તેની રણનીતિનું બયાન હોવું જોઈશે. આ મોટો પડકાર છે અને તેમાં તક પણ સમાયેલી છે

**(૫) શિક્ષકના વ્યવસાયના ક્ષેત્રની સમસ્યાઓ :**

સાયબર યુગ એક ટેક્નૉલોજી સભર યુગ છે. ટેક્નૉલોજી દ્વારા અનેક કાર્યો થતાં હશે, જે માનવી પોતે શરીરથી, બુદ્ધિથી, અન્યના સહકારથી અને આવડત અને સાધનોની મદદથી કરતો આવ્યો છે. આમ છતાં ભાવિનો આયોજક, વિધાયક, શિલ્પી, વહિવટદાર, મૂલ્યાંકનકાર અને નવનિર્માતા તો માણસ

Scanned with CamScanner

પોતે જ હશે. એ ન્યાયે શિક્ષણના સમગ્ર વિચારનો કેન્દ્રિય વ્યક્તિ તો શિક્ષક જ હશે.

શિક્ષણ ભલે તકનિકી આધારિત બને, ચીલેચાલુ સરહદથી મુક્ત બને, બહુ સ્રોત બને, પણ માનવ-વ્યક્તિ-શિક્ષકની આવશ્યક્તા રહેવાની જ. સમગ્ર વિભાવનામાં ચાલકબળ (Prime Mover) તરીકે શિક્ષણ અનિવાર્યપણે રહેશે અને નિર્ણાયક ભાગ ભજવશે.

અલબત્ત શિક્ષક તરીકે સજ્જતાઓ, શિક્ષકના મૂલ્ય વિશ્વ, શિક્ષકના વ્યક્તિત્વ સંબંધે શિક્ષકે સંસાધન બનવા-બનાવવા પર ભાર આપવો પડશે.

શિક્ષકે.....

- માનવ સંસાધન વિકાસના શાસ્ત્ર અને પદ્ધતિઓના જ્ઞાતા, નિષ્ણાત અને કાર્યદક્ષ-કુશળ-કાબેલ કારીગર હોવું જોઈએ.
- એણે થવું પડશે વ્યક્તિ વિકાસની સળંગ પ્રક્રિયાના જાણકાર અને કાર્યકર
- એણે બનવું પડશે જ્ઞાનના કાર્યકર - ટેક્નૉલોજીના જાણકાર અને કાર્યકર
- એણે બનવું પડશે ભાષા કૌશલ્યોના નિષ્ણાત - અભિવ્યક્તિઓના માહિર, પ્રત્યાયનના નિષ્ણાત
- એ હશે મિડિયાનો પારંગત કાર્યકર
- એ હશે તંદુરસ્ત, સંવેદનશીલ માનવ સંબંધોનો અને ઈજનેરીનો કુશળ કાર્યકર
- એ હશે સમર્પિત, મૂલ્યનિષ્ઠ વ્યવસાયી વ્યક્તિ
- એ હશે વધુ ધારદાર અધ્યયન, અધ્યાપન કૌશલ્યોનો કાર્યકર
- એ હશે એક આદર્શ નમૂનો (Role Model) જે આશાવાદી, ચેતનાભર્યા અને મેઘધનુષી વ્યક્તિત્વ ધરાવનાર -

આવા શિક્ષક થવું, એવા શિક્ષક તૈયાર કરવા, પાંગરવા દેવા. આ એક મોટો પડકાર છે જ પણ તેમાં તકો પણ રહેલી છે.

## (૬) શિક્ષકની સર્વગ્રાહી તાલીમની સમસ્યા :

સાયબર યુગ માટે જોઈતો શિક્ષક સમાજે તૈયાર કરવાની જોગવાઈ કરવી પડશે. એ તાલીમ વ્યવસાયની તાલીમ હોવી જોઈએ. સાયબર યુગ જ વ્યવસાયીઓનો યુગ બની રહેનાર છે. કારણ કે તે સેવાઓનો યુગ હશે. આ સેવાઓ પ્રદાન કરતી વ્યક્તિ કેટલીક ક્ષમતાઓ ધરાવતી વ્યવસાયી હોવી જોઈએ.

- ધારદાર બૌદ્ધિક ક્ષમતાઓ, ઉત્કૃષ્ટ બુદ્ધિ પ્રતિભા
- વ્યવસાયના શાસ્ત્ર અને વ્યવહારનું તલસ્પર્શી જ્ઞાન
- વ્યવસાયના પ્રવેશ માટેની સઘન તાલીમ
- વ્યવસાય દરમ્યાનની સતત તાલીમ
- સમાજ સેવા કરવા સદા તત્પર
- આર્થિક કે અન્ય પ્રકારના અંગત લાભોનો અસ્વિકાર
- વ્યવસાયી વર્તનનું સઘન નિરીક્ષણ
- સંશોધન માટેની ક્ષમતા, નવીનીકરણની તૈયારી

Scanned with CamScanner

શિક્ષકના વ્યવસાય પૂર્વેની તાલીમ માટે આટલું જરૂર વિચારવું પડે -

- માનવ સંસાધન વિકાસના સિદ્ધાંતો પર રચાયેલી ભવિષ્યલક્ષી તાલીમ વ્યવસ્થા ઉભી કરવી પડશે.
- અભ્યાસક્રમ વિશાળ, બહુ સાંસ્કૃતિક, બહુ વિધાશાખાકીય અને બહુ કૌશલ્યલક્ષી હોવો જોઈશે.
- શિક્ષકને આજીવન અધ્યેતા અને તેના દ્વારા વિદ્યાર્થીઓને પણ આજીવન અધ્યેતા બનાવવાનો ઉપક્રમ હશે.
- શિક્ષકની તાલીમ એક સહિયારું સાહસ બને તે જરૂરી છે. સમાજ-ઉદ્યોગ-ધંધા, સરકાર દ્વારા તે સુસજ્જ તાલીમ - નવા નવા સ્વરૂપો ધારણ કરતી થવી જોઈશે.
- તાલીમી સંસ્થા શિક્ષણ પ્રશિક્ષણનું કેન્દ્ર બને, તે સમસ્યાઓ સુલઝાવનારું - નવીનતા સર્જક કેન્દ્ર બને તે જરૂરી.
- વ્યવસાય દરમ્યાનની તાલીમ એ શિક્ષક તાલીમી સંસ્થાનું હાર્દ બની રહેવું જોઈએ.
- આવી તાલીમ ઓપન, દૂરસ્થ, ઑન લાઈન હોઈ શકે.

**(૭) પ્રક્રિયાના વ્યવસ્થાપના ક્ષેત્રની સમસ્યા :**

સાયબર યુગ એ મહા પડકારોનો યુગ છે. આ પડકારોને પહોંચી વળવા અને તેનું યોગ્ય વ્યવસ્થાપન કરવું એ આ યુગની મુખ્ય જરૂરિયાત રહેશે. આ યુગમાં (૧) જ્ઞાનનું વ્યવસ્થાપન (૨) અધ્યયનનું વ્યવસ્થાપન (૩) અભ્યાસક્રમનું વ્યવસ્થાપન (૪) માળખાનું વ્યવસ્થાપન (૫) માનવ સંસાધનનું વ્યવસ્થાપન (૬) તંત્ર-તંત્રોનું વ્યવસ્થાપન (૭) આપત્તિઓનું વ્યવસ્થાપન (૮) પરિવર્તનનું વ્યવસ્થાપન. વગેરે ક્ષેત્રે કેટલાક વિશિષ્ટ વ્યવસ્થાપનના પેટાક્ષેત્રો ઉભર્યા છે. શિક્ષણનું વ્યવસ્થાપનને એક આગવી વિદ્યાશાખા બની ગયેલ છે તે સુવિદિત છે. શિક્ષણ સાથે સંકળાયેલા સૌ માટે આવા વ્યવસ્થાપનોની તાલીમ આવશ્યક રહેશે.

આમ સાયબર યુગ દરેક ક્ષેત્ર માટે અનેક પડકારોનો યુગ સાબિત થયો છે. સાથે સાથે નવી તકોનો યુગ પણ દેખાય છે. હવે આપણે જૂના-નવાના સંઘર્ષના સમય બિંદુએ આવી ઊભા છીએ. જૂનામાં સરળતા છે, ઓછું કષ્ટ છે, સલામતી છે, જોખમો ઓછાં છે, બીજી બાજુ નવીની દુનિયા અનિશ્ચિત છે, અપાર છે, જોખમી છે, નિષ્ફળતાનો ભય છે પરંતુ સાથે સાથે એમાં ગુણવત્તા, પરિવર્તન, સ્પર્ધા અને વૈશ્વિક લક્ષ્યાંકોને આંબી જવાની ગુંજાઈશ છે.

આપણે શિક્ષણના સૌ હિતચિંતકો આ સમયબિંદુએ ઊભા રહી યોગ્ય નિર્ણય લઈ તક ઝડપી લઈશું તો ભાવી પેઢીઓના નિર્માણ માટે નિર્ણાયક બનીશું. છેલ્લે એટલું જ કહી શકાય કે

તું ખોટી રકઝક ન કર
જિંદગી પર શક ન કર
એ તક ફરી નહીં આવે
તું જતી આ તક ન કર

Scanned with CamScanner

# PEDAGOGICAL CHANGE THROUGH INFORMATION TECHNOLOGY

**Pravinchandra R. Master**
College of Education-Kharod
Tal.Ankleshwar,
Gujarat.

"Finally, the re-structuring of information and knowledge will involve a profound transformation of our system of education..:

It is not occurring in our academic institutions so much as among the general population, in thousands of spontaneous adult-education efforts undertaken by social movements."

- (Firitj of Capra, in the turning point: Science, Society and the Rising Culture)

"We will have to alter our attitude towards education. Society will have to take if it for granted that learning is-a life long privilege-that learning is not a task to be completed, but a process to be continued."

(Isaac Asimov in 'Change!')

"We live in a period of enormous political, economic and social change... (as we)... . rush head long into a post industrial, interdependent, information based age." — Anthony Paul Miller.

Advances in informatics offer a new global resource that provides potential for far- reaching social changes. Futurists presume that computing education and communication technology will have an impact on political, social and economic aspects of the society, which would be far greater, then the impact of the industrial revolution. We are moving across the threshold into a new high era-an era of a world information-based society.

After the introduction of microcomputer in 1980, in developed countries, resent years have seen a gradual disappearance of the teaching machine and radio. After the launching of the Sputnik, there was an urgent demand for production and delivery of television courses. Subsequently 242 channels for the exclusive use of television in education were formulated in the U.S. and the Federal communications commission, awarded to each state one or more channels (Wittich & Schuller, 1979). It is interesting to note that university presidents, deans, professors. State and City school superintendents, public officials, teachers and various other educators (Saettler 1968) promoted the idea of educating people in school and at home through television. But till the middle of 1960s, Only 100 out of 242 education channels were in operation. The teachers did not accept instructional television as an effective media and often educators and instructional technologists were blamed for this failure, that they produced uninteresting and instructionally ineffective programmes. In 1960s, with the introduction of computers, gradually the interests were diverted. Through computers, individualized drill and practice, direct information transfer with learning checkpoints, immediate feedback and remedial instruction was possible. Further, in 1980, when microcomputer was introduced in education, interest of the society strengthened in using more sophisticated technology for instructional purposes. Recently, attention is being focused on the use of laser discs and holography to bring remote and three-dimensional imagery into the schools.

The recent innovations having significant role and future potential in the process of teaching. These are:

Scanned with CamScanner

1) Tele-Conferencing
2) Videotex and teletex
3) Interactive Videodisc
4) Robot Technology
5) Spatial Visual Computers
6) Information workstation Technologies
7) Networking Computer Based Instructions
8) Computer Managed Instruction
9) E-Mail
10) Internet
11) Information Super Highway

**1. Tele-Conferencing;**

At Bell Laboratories (1950) the satellite communication systems motivated some scientists to develop a non-geosynchronous satellite communication system. in July 1962, the communication satellite (Telestar-1) was launched into a geosynchronous orbit. Other countries also launched several satellites into the space. Now electronic meetings, convened across a nation or around the world, have become more easily as well as cost effective. Everyday thousands of teleconferences are being held in different sites and millions of interested persons share information via telephone lines, eliminating the need to travel not only long distances but also even shortest ones.

This technology was applied to commerce, science, and military. agriculture and administrative purposes. Now it has expanded the horizons of education too. It can solve the problems of rural education. Recently, attempts have been mad use teleconferencing as a possible way of delivering instructional materials the students in a cost effective way. The new technology presents information in a more concert fashion and provides students with more accurate verbal and visual facsimiles. The speed and immediacy of information can be comprehended without special efforts or skills.

Tele-conferencing has been implemented in learning environment for only a short while. However the current application of teleconferencing-distance education, enhancing the quality of teaching learning process, delivering information to remote rural schools have already enhanced its use for educational purposes. Barnhardt-1984, Haile & Richards-1984 etc. have proved the validity of teleconferencing in teaching learning process.

Types of teleconferencing: **Following are the different formats, which can be used in** teleconferencing:

(a) Two-Way Audio
(b) Two-Way Audio! Two-Way Video
(c) One Way Video! Two-Way Audio
(d) Picture phone Tele-Conference
(e) Computer Confer

**(a) Two-Way Audio:-**

- an expensive format
- Information is received via phone lines and amplified through a speaker phone
- responses are sent from microphone via phone.

Scanned with CamScanner

(b) **Two – Way Audio / Two-Way Video: -**

- used by the television networks
- participants can see and listen to one another
- audio-video signals are transmitted via satellite and received by satellite dish.
- A more expensive format

(c) **One-Way Video! Two Way Audio:**

- the most common format
- video and audio signals originate from a television station or a mobile unit.
- Signals are transmitted into a communication satellite's orbit and then down linked to an earth station (satellite dish, and to the participants).
- Participants can interact through a direct telephone line.
- Audience can be heard but not seen at the point of origin.

**(d) Picture phone Teleconference:**

- still images are sent via satellites, micro waves, land lines or other means
- audio signals are sent through phone lines
- a different format from two-way audio-video teleconferencing

**(f ) Computer Conferencing:**

- consists of communication terminals used by participants to obtain to access a central computer
- central computer stores text and forwards information to the recipients
- potential to be an enhancing productivity the most

Tele-Conferencing may be applied successfully both for instructional/professional developments.

**(a) Instructional Applications:**

- to teach subjects like math's, science computer etc. in remote areas where experts are not available
- to teach the content of subject like math's, science, computer etc. in different campuses where simultaneous instruction is desired
- to teach overcrowd classes where demonstration is critical
- to teach new technology where access to information is limited and costly
- to teach a subject in a big geographical area where standard of instruction is crucial.
- To teach subject matter for adult education programmes where attendance in the class is a problem
- To teach materials in multi-sites where the p' interaction is desired.
- To watch special academic events like speech, discussions, etc.
- To listen to keynote speakers who cannot travel extensively and with whom interaction is very much desired.

(b) **In service Training! Professional Development Applications:**

(1) Updating the information

(2) Immediacy of information

Scanned with CamScanner

(3) Renewing credentials

(4) Inexpensive training for a large group

(5) Watching different models of teaching at different sites.

Tele-Conferencing is intended to extend or supplement the classroom teaching beyond its immediate walls. Tele-conferencing has great potential in increasing the effectiveness of instruction. The telecommunication revolution offers different channels of instructional - communications, from telephone, microwave and satellite to computer. Teleconferencing can be cost-effective and time saving. In addition to these, teleconferencing enhances the effectiveness in teachers in service programmes. Tele-conferencing is not intended to replace the classroom teacher.

**2. Video-Tex and Tele-Tex:**

Videotex and Teletex are new technologies of enormous promise. Tele-Tex and Video-Tex have replaced many traditional information sources (Gabriel 1988) in France, Great Britain, Canada, West Germany, Australia, Japan, Italy etc.. Where national video Tex systems are in operation.

Tele-Tex emphasis information with broadest appeal whether sports, news headlines, where as video-Tex offers a wealth of more highly specialized services: educational features, classified advertisements, directory listing financial data and much else. Videotex is a choice of many companies and they are investing considerable amount in its development.

**Videotex:**

Videotex is a two way interactive communication' system, wherein students and other users can transmit requests to a central data base, often a very large computer, which can fulfill many requests simultaneously for many different users. With Videotex, transmission or cable TV, and user often employs a personal computer and display terminals of one kind or another.

**Teletex:**

Teletex is one-way system with signals following from a source to a user who often reads the desired information on a television screen. The information may be relayed to the user over telephone lines, by radio and television signals, by cable TV and even microwave transmission. In Teletex, a single set of electronic text is sent simultaneously to all viewers, and by using a special fixture attached to the set, a user can select certain pages of text from the continuously cycling pages of data appearing on the screen.

**Specialized Educational Applications:**

Educational institutions have developed recent innovative applications for classroom. One of the most ambitious is called the "Electronic Text Consortium", which includes the University of Nebraska, Wisconsin Extension. San Diego and the Boston Educational Television Station. The students who had used videotex scored higher than the students in control group (Pfoehler 1985). The benefits are striking to users, who receive a wider diversity of materials for study and research than would otherwise be obtainable. The disadvantages arise only in transmission high costs.

**Potential for the future:**

In United States, the videotex companies are investing more and more on a technology that has been named, "Quintessential Medium of 2l century" (Fitzgerald 1985). Link resources have drastically revised projections for videotex. As the number of the users is not high enough to satisfy advertiser's criteria, there is a little hope that videotex will grow into a mass market as an advertising medium.

Scanned with CamScanner

### 3. Interactive Video Disc:

There is a growing pool of information concerning the interactive video not only in industry or trade but also in education. Beginning somewhere in the late of 1950s, this medium has effectively combined a microcomputer and a video disc/tape for training. This technology has successfully covered the areas, particularly military, health education, employee training and special education.

The researches carried out on interactive video (Taylor 1985, Bosco 1984) focus primarily on instruction for individual learners, yet, some studies (Malouf et al. 1986, King and Reeves 1986), do indicate the effectiveness of this medium for the group of learners. Vadas (1986) has also reported that in the interactive video group, learning was 300 percent higher than the group learning in the lecture classroom.

Use:

- the simulation of thought and group discussion
- presents a series of precise video sequences, specially based on learner input from the entire group
- allows 'for consequence remediation, where learners are able to see the results of particular actions
- provides an opportunity to see the results of a variety of choices from a number of different individuals.

Thus, students may learn more from unintentional classroom activities and interact from situations that are pre-planned.

The relatively high costs of interactive video equipments often preclude the purchase of enough instructional unit. In-group interaction video, a school needs, a single unit for the class. Its use for group instruction is more beneficial and productive. "There is a little doubt that micro computer controlled video disc systems represent the most potentially powerful communication device in the history of instructional communication." - Jonassen (1984)

Thus, there is a pressing need to retrain teachers to accept and use this new technology. Teacher's acceptance will be an important hurdle to overcome as compared to the high cost.

### 4. Robot Technology: (Automation

"Robot is a combination of computer and mechanical technologies with the dual goals of manipulation and movement."

"Robot is a machine that can perform the actions of a person and which operates automatically or is controlled by a computer.

**Understanding the robot:**

**(1) The Controller:**

A part which is programmed with the needed steps for the robot to accomplish its functions.

**(2) The power supply:**

The energy which allows the robot to perform its designated tasks. (energy- hydraulic, electric or pneumatic)

**(3) The Manipulator:**

- the mechanical part of the robot contains the actuators which convert power into useful movements

Scanned with CamScanner

- the arm of the robot
- made of metal and may have an outer coverage of metal or plastic while some have an exposed skelton and cabling.

(4) An effector:

- vacuum and magnetic pickups
- welding torches
- point guns....
- Two fingered gripper... etc..

**Educational Applications:**

**• Robot as an exemplars:**

- can be used as a physical exemplar of computer control over a mechanic device.
- Functions as an exemplar of the programming process by accepting and responding to instructions sent to it in any programming language. Eg. LOGO, BASIC, PASCAL (Watt 1984, Marsh & Spain 1984, Delga do 1986).
- Many parts and systems of robot may be used to exemplify scientific and mathematical principles.
- in science, the concept of speed, force, acceleration, angular momentum and levers, etc., can be demonstrated using robots.
- in Mathematics-three dimensional Cartesian points and trigonornatric functions can be explained by robots.

**• Robot as an object of instruction:**

Vocational education is deeply involved in teaching robotics. Many countries have invested in developing vocational education programmes to provide skilled technicians that can install, use and service robots. Vocational schools have had to readjust their curricula to take into account the need of robotic education to trained the required manpower.

**• Robots as functional prosthetic Aids:**

The use of robotic devices as prosthetic physical aids has been shown to be technologically feasible and functionally effective (Hoscit et ad. 1986, Seamone & Schmeisser 1986, Leifer 1983). Progress in this area promises to generate a variety of electro mechanical devices for the enhancement of human abilities, which have been damaged or are non-functional. It appears that the prosthetic advantage afforded by robotic devices applies to certain physically handicapped conditions including spinal cord injury (Petrofsky & Phillips 1983, Marsolais & Kobetic 1986), with cerebral plaised children (Howell et al. 1987) and with disabled geriatics patients (Englehardt & Awad Edwards 1985)

The future of Robot is promising and in the &e of education too and may provide answers to vocational and recreational needs of the orthopedically handicapped.

**5. Spatial Visual computers:**

The microcomputer offers unique capabilities for computation motion, simulation, colour and sound cueing in visual learning strategies, pacing of visuals, graphing and shading in the classroom. Motion, sound, colour, pacing and dynamic shading are relevant variables to current research involving visual learning and spatial visualization.

Scanned with CamScanner

Dwyer (1968, 1969, 1972) sheds some light on computer enhanced instruction and visualization He found that using televised line drawings, complemented by motion (such as dynamic shading on a large computer screen), is an effective visual learning strategy. Such a dynamic drawing may facilitate student achievement more than static chalkboard drawing by focusing on important aspects of instruction by attracting student's attention on relevant cues. In 1964, Kress and Gropper 5iind that external pacing is a crucial variable for high achievement in visual learning When externally controlled pauses are built into computer enhancing instruction (CEI) software, in pressing visual materials, a pace can be selected by the instructor that is compatible with high mathematics achievement and that allows for individualization of instruction. In view of Cronbach's recommendation (1967) to conduct the researches on attitude (such as spatial- visual ability) that interest with variations in instructional presentation and ATI (aptitude treatment interaction) study was carried out by Kiser (1986) on two colleges (Algebra classes) and reported the below mentioned findings concerning instructional effectiveness of CEI: -

(1) Microcomputer is an effective instrument to assist and enhance mathematics instruction.

(2) CEI presentation does enhance positive attitude significantly and therefore, CEI students would be highly motivated.

(3) Students with high spatial ability did significantly better in the CEI group than in the traditional group.

(4) Computer presentation of a mathematics topic involving motion, simulation, sound dynamic shading and external pacing is more effective than a traditional presentation of the same topic.

(5) It demonstrated an innovative and effective strategy for teaching a traditional topic in mathematics (linear programming) and non-traditional problem solving strategies and similarities.

Thus, it is clear that microcomputer makes a significant variation in the achievements. Spatial visual ability is of special interest to mathematics teachers because it has a positive correlation with achievement, specially in plane of solid geometry (high school) and in descriptive geometry and drafting (at higher levels). The educational implications of using computer technology in the classroom to enhance students' spatial visual ability in every discipline are enormous.

**6. Information Workstation Technologies: -**

Education is shifting paradigms from how much or what a person knows about his ability to recognize and restructure his mental functioning with the aid of new cognitive and educational tools (Pea 1985). If proximate and distant work is so important to the success of scientists, businessmen, politicians, doctors and manufacturers, the proximate and distance education will take a new meaning:

Proximate learning means education in a local setting where materials are maintained selected and presented.

Distance education is learning which comes from a fare and is exemplified by satellite, television, network and data base technology applications.

The information technology revolution, although more developed in some social contexts (e.g. industry, business, science) than others has matured to the point that question of equity (who benefits, when and how? And who plans and directs ?) are currently paramount. The old education arena is fragmenting and a new educational pattern is emerging: proximate to distant educational sources (Stephenson & de Landsheere 1985).

Scanned with CamScanner

At present, the educational institution are characterized by the class room and teacher, whereas scientists depend upon information technologies i.e. computers, networks, databases, etc. and are handicapped without them (Jennings et at 1966). According to (recine 1986). The new scientific workstation is made available. Some few years bake. It utilizes Unix-based systems software and will be 5 to 10 times effective than microcomputers. It will also provide the user with graphics tools and knowledge base systems. At present almost every European country has national information network which is interlinked with the international network system.

The distant learning component has no boundaries and is characterized by national! international communications: Increasingly we are becoming global learners as learning technologies foster the development of academic specialties through distant education.

**Proximate Information Technologies: -**

The campus wide LAN (which are rapidly being installed in colleges and universities of developed countries) will be the backbone for educational technological development as the central mission of universities is to create and disseminate information. Border zone development must include all social contexts, where public information is needed some research findings (National task force on educational technology 1986, Stephenson & de Lancsheers 1985) concluded that in future, one may received a major portion of the education in the home.

**Distance information Technologies: -**

Distance technology application fit in any social context (home as well as school) unfortunately because the access is currently controlled through user cost, equity may become a major problem. However, distance education sources are proliferating rapidly. Wide area networks are also increasing fast. Potential problems, which could limit the future of distant learning technologies, include equity of users access, societal acceptance of distant education reconciliation of technological innovation, political and economical realities and market place factors.

It is expected t by the year 2000 Public schools, colleges and universities will integrate distant education with the present proximate education through the use of technological innovations like workstations.

**7. Networking Computer Based Instruction: -**

Telecommunication technology has a great impact on the world of computer. All types of computers are being linked through communication networks. This has led to the sharing of database and the use of electronic mail.

The use of network to overcome the barriers to transportability is currently the main advantage of networks for computer based instruction; a potentially more significant application is emerging in the form of computer — conferencing and messaging to provide electronic lectures. These lectures allow the participants to take a course whenever and wherever they wish. These permit both, individual discussion with the instructor as well as group interaction with the other participants. Another major application of communication networks is specialized education to handicapped heath education or insurance training.

**Network Alternatives: -**

The two major types of networks nowadays in use are

I) Remote Networks.

II) Local Networks.

Scanned with CamScanner

I) **Remote Networks**

Involves the use of telecommunications between a central computer and database and the terminals or the micro computers used for instructional delivery or development.

II) **Local Networks: -**

Connect terminals / microcomputers in the same building or campus.

**Protocols: -**

There are a number of different local network architectures and transmission protocols. The most common are terminals and micro computer cabled directly to mainframe controllers by means of wax cable and using high speed synchronous. Protocols.

**Processing:**

Remote or local networks can be either time-shared or distributed systems. In a time-shared system, all processing is done on the central computers and the other terminals! Microcomputers in the network simply act as input! Output devices. Where as. in a distributed system, processing is done locally by the terminals! Microcomputers and data is down loaded! uploaded between the central processor and the terminals. The role of the central processor in a distributed network is just to manage the network, not to make computation.

**Communication Components: -**

To equip a micro computers for communications with a remote network., three components are needed: software, a serial interface card, and a modem. Communication software provides the microcomputer with the capability of transferring files and storing them on diskette. Thus, it allows the up loading! down loading capability of distributed systems. This software also provides the facility to change the parameters of communication protocols and switch from batch to interactive transmission. It also allows to set display parameters such as —width, size, display, speed etc.

**Interconnecting Networks: -**

To connect two local networks, a telecommunication link is established between any two servers! terminals in the network. These two links are called the gateway nodes. The link may be directly connected between the two local networks or it may pass through a mainframe host. In addition, a local network can be linked to a mainframe, either directly or via telecommunications. Since these gateway nodes may involve different protocols, the machines will serve as nodes often have hardware or software protocol converters.

**Public/Private Networks:**

According to the need networks can be public or private. Sonic business organizations have started their own private networks of administrative work.

**Conferencing:**

A number of organization are now offering electronic lectures conducted via computer conferencing. The system involves public networks that can be accessed via any micro computer or terminals equipped for communication.

The use of electronic lectures represents a new form of delivering classroom lectures at higher education un the USA. A substantial part of courses can be covered through computer-mediated

Scanned with CamScanner

form either in individualized learning form or group based electronic lectures. A significant policy implication of this development is that it allows the educational or training institutions to go beyond its regional sphere. Similarly, it allows an instructor to deliver lectures from any point in the country.

The sociological and administrative implications of such widely distributed teaching and learning device have not yet been explored, but are likely to bring about changes profound in existing institutional practices.

The use of electronic lectures and videotex raises significant issues in the institutional control of educational offerings. Delivery of instruction via communications has the potential to break traditional geographical barnes. By combining individualized and group base instruction, networked CBI represents a more complete instructional delivery system. In conjunction with advances in other areas of computer and communications, CBI is gradually beginning to live up to its true potential as an effective instructional medium.

**8. Computer Managed Instruction**

Computer Managed Instruction (CMI) has had over a twenty-year history. Introduction of microcomputer in 1980's has generated a new enthusiasm in society to use it for pedagogical purposes.

Burke (1982) has defined CMI as "the systematic control of instruction by the computer. Testing, diagnosis, and learning characterize it. Prescription and through record keeping

**Applications:**

Various computer scientists and educationists (Budoff et al. 1984, Miner 1983, Patterson and Patterson 1983, Riedsel and C 1985, Willies et al. 1983), identified following major benefits with computer managed instruction programmes:

**(I) Reducing Administrative Work:**

More then 50 to 60% time teachers spend on preparing, administering and evaluating! scoring tests, keeping records and filling out the progress reports, etc. This can be reduced with the use of C programmers.

**(ii) Enhancing the Testing! Instructional process:**

The use of CMI reduces the time devoted to functions like generate, administer score and provide data for analysis. It also provides immediate feedback on student mastery or prescription of teaching learning activities deficiencies.

**(iii) Facilitating communication:**

The reports generated through computers communicate uniform information to teachers, students, administrators and parents. This procedure helps to develop an environment for open communication on the issues affecting student learning and the quality of the instructional programme.

**(iv) Promoting large scale individualization:**

The computerized method has proven to be a betters choice in handling a massive amount of information related to the district wide individualized curriculum from the group-paced instructional approach to a self-paced one.

Scanned with CamScanner

**(v) Enhancing student programme evaluation:**

a) Make diagnostic formative and summative judgment about students;

b) Make a comparison of student's standardized test performance with national norms.

c) Determine what teaching strategies and resources are working successfully;

d) Reduce teaching error rates; and

e) Redesign and improve the different steps of the educational process.

**(vi) Positive Attitudes:**

On the basis of experimental studies, it is clear that the students prefer the CMI programme because it provides them an opportunity to interact with a computer and to obtain a positive reinforcement for their efforts. Similarly, teachers trot only support CMI but feel it is superior to other instructional technologies.

**9. E-Mail**

Use: A new theory or principle may be checked evaluated and discussed with all the interested, intellectual, educationists, experts at the same time and decides new horizon implications.

Saves crore of rupees and time

**10. Internet**

The Internet is a rapidly growing network of thousands of business, educational and research networks connecting millions of computers and their users in over 100 countries

**11. Information Superhighway:**

A proposed national networks that would connect individuals, house holds, Business, government agencies, libraries, schools, universities and their institutions with interactive voice, video data and multimedia communication.

**EFFECT OF CHANGE IN EDUCATION**

| | Traditional Education | Informal Information education |
|---|---|---|
| Goal | Preparatory for life | Life Long<br>(Due to rapid changes) |
| Time | Early in life, one time | Continuous, life long |
| Spread university | Elitist, Ivory Restrictive Access | Wide spread, Open |
| Brain | Left: rational, logical | Right: Holistic, Intuitive |
| Focus | Language Based | Symbolic |
| Strategy | Atomization, Divide and Rule | Aggregation, Integrate |
| Goals Capability | Diplomas / Degrees | Knowledge experience |

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| Know / Do Relationship integrated | 'Knowing' (Knowledge) isolated from 'Doing' (Practice) knowledge focus | 'Knowing' and 'doing' Knowledge redefined as knowledge + Practice |
| Locus | Disciplines, Specialization | More general, Flexible |
| | Closed | Open-ended |
| Mind | Application | Organizational |
| Set | Oriented | Oriented |
| | | Synergistic effort |

Information technology in its strictest sense is science of collecting, storing, processing and transmitting information. The seekers may now access a catalogue of holdings on line. This is made possible through information systems.

We may not afford to ignore the use of information technology if we wish to develop any skills in spite on the fact that it will certainly create a new generation gap between the computer-literate young and their print literate elders.

**References:**

Blumn, H. P. The administrative uses of computers in the schools, Prantic Hall, 1917

Burmesters, A Telecommunications, Final Report 1984

Delegado. N. Push My Button, electronic education, 1986

Evans A. D. Interactive Video Research Post Studies and directions for future research, 1986

Nayler M. Distance Educational Overview Eric Digest 1985

Patterson, J. L. & Patterson, J. H. Putting computer

Power in Schools: A step by step Approach Englewood Criffs: Prantice Hall, 1983

Willis J. W. Johnson, L & Dixon, P. N. Computers, Teaching and Learning Beaverton, 1983

આજે જ તમારો ચેક જમા કરાવી દો. ઈશ્વર દરરોજ તમને ૨૪ કલાકનો એક એવો ચેક આપે છે, જે તમારે એ જ દિવસે ખર્ચી નાખવાનો હોય છે. બીજા દિવસે આવો જ બીજો ચેક મળે છે પણ આગલા દિવસે નહીં ખર્ચાયેલા કલાકો બેંકમાં જમા કરાવેલા ચેકની જેમ બીજા દિવસે તમારા ખાતામાં ઉમેરાતા નથી. જિંદગીનું ધ્યેય પ્રાપ્ત કરવામાં આ હકીકત સમજવી અત્યંત આવશ્યક છે. જેટલું વેળાસર સમજી જઈએ તેટલું બહેતર છે.

Scanned with CamScanner

# મેમરી મેપ

– પ્રા. જયંત એ. શાહ

પરીક્ષામાં સફળતા માટે ઉત્તમ રીતે નોટ્સ બનાવવાની રીત એટલે મેમરી મેપ. તેને માઈન્ડ મેપ કે માઈન્ડ ચાર્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે. લંબાણયુક્ત અધ્યયન સામગ્રીનું ઝડપથી પુનરાવર્તન કરવા તેમાંથી તારવેલા ચાવીરૂપ શબ્દોની ચાર્ટ સ્વરૂપે કરવામાં આવતી ગોઠવણ એટલે મેમરી મેપ.

કોઈ સ્થળે પહોંચવા માટે જે તે સ્થળના નકશાની મદદ લેવી પડે છે. ભૂગોળ સંદર્ભે વિવિધ સ્થળોની જાણકારી માટે નકશામાં વિવિધ સ્થળો, નદીઓ, પર્વતો વગેરેનું સ્થાન ક્યાં છે ? તે જાણી શકાય છે. તેવી જ રીતે કોઈ ટોપીક અંગેના અનેક મુદ્દાઓ એક મુખ્ય મુદ્દાની આસપાસ ગોઠવી વધુ સારી રીતે યાદ રાખી શકાય છે. તમે કોઈ એક સ્થળની મુલાકાત લીધી હોય ત્યાર પછી લાંબા સમયગાળા બાદ તેની આસપાસ આવેલ મકાનો, દુકાનો સહજ યાદ કરી શકો છો. તે રીતે જ મુદ્દાઓનું કાળજીપૂર્વક પુનરાવર્તન કરવાથી તે મુખ્ય મુદ્દાની કઈ દિશામાં છે તે યાદ રહી જાય છે.

લાંબાગાળાની સ્મૃતિ માટે જે તે વિષયનું વારંવાર પુનરાવર્તન જરૂરી હોય છે અને ખૂબ જ ઓછા સમયમાં અનેક વિષયોનું પુનરાવર્તન વારંવાર કરવું હોય તો વર્ષની શરૂઆતથી જે તે વિષય અંગેની સાદી (પરંપરાગત) પદ્ધતિની નોટ્સ બનાવવી પરંતુ તેના વડે વારંવાર પુનરાવર્તન કરવું મુશ્કેલ બને છે આથી તે નોટ્સમાંથી જુદા જુદા ટોપીકના મેમરી મેપ બનાવવા જોઈએ. જે પરીક્ષાના દિવસોમાં વારંવાર પુનરાવર્તન કરવા માટે અત્યંત ઉપયોગી નીવડે છે. હવે વિશ્વ કક્ષાએ આ પ્રકારના મેમરી મેપ અત્યંત ઉપયોગી સાબિત થયા હોવાથી તેને રંગીન અને આકર્ષક સ્વરૂપે કમ્પ્યુટર પર તૈયાર કરવા માટેના વિવિધ સોફ્ટવેરનું વેચાણ કરતી વેબસાઈટો પણ તૈયાર થઈ છે.

કોઈપણ ટોપીકને સારી રીતે યાદ રાખવા તેના વિવિધ મુદ્દાઓમાં રહેલ ચાવીરૂપ શબ્દ (જેનો ઉપયોગ અભિક્રમિત અધ્યયનની રચનામાં જુદા જુદા ફરમાઓ બનાવવામાં કરીએ છીએ.) શોધીને ટોપીકના મુખ્ય શીર્ષકની આજુબાજુ ગોઠવીને તૈયાર કરવા. આપણું જમણું મગજ સર્જનાત્મક્તા, રંગો, લય, થ્રી ડાયમેન્શનલ ચિત્રો વગેરે ખૂબ જ સારી રીતે યાદ રાખી શકે છે જ્યારે ડાબુ મગજ તર્કયુક્ત વિચારો, ભાષા, આંક વગેરે સારી રીતે યાદ રાખે છે. આ સિદ્ધાંતને ધ્યાનમાં રાખી જમણા મગજનો પણ મહત્તમ ઉપયોગ આ મેમરી મેપ દ્વારા થઈ શકે છે. મેમરી મેપ એક આકૃતિ હોવાથી જમણું મગજ તેને સરળતાથી યાદ રાખી શકે છે.

સામાન્ય રીતે તૈયાર થતી નોટ્સના માંડ પાંચ ટકા શબ્દો જ મેમરી મેપ માટે ઉપયોગમાં આવે છે. જેથી પુનરાવર્તન કરવામાં ઓછો સમય જાય છે અને વારંવાર પુનરાવર્તન કરવાથી પ્રાપ્ત માહિતી ટૂંકાગાળાની સ્મૃતિમાંથી લાંબાગાળાની સ્મૃતિમાં પહોંચે છે અને આજની પરીક્ષાઓ મોટાભાગે સ્મૃતિ પર જ તો આધાર રાખે છે. જેમણે રિવિઝન વધુ કર્યું એનું પરિણામ સારું જ હોય છે. જે વિષયોમાં મુદ્દાસર જવાબ આપવાના હોય ત્યારે મુદ્દાઓ સારી રીતે યાદ રાખવામાં મેમરી મેપ અજોડ છે.

મેમરી મેપ તૈયાર થઈ ગયા પછી તેના ઉપયોગ દરમિયાન અન્ય નવા મૌલિક મુદ્દાઓ પુનાવર્તન દરમિયાન ઉમેરવા જેવા લાગે તો તે ઉમેરી ઉત્તરને વધુ સમૃદ્ધ બનાવી શકાય. મુખ્ય મુદ્દાને મધ્યમાં મૂકી અલગ અલગ મુદ્દાને અંક સાથે કે રંગ સાથે અભિસંધિત કરી શકાય આમ, અંક કે રંગ સાથે મુદ્દાનું સાહચર્ય થવાથી પણ તે યાદ રાખવામાં વધુ ઉપયોગી બને છે.

જે વ્યક્તિએ મેમરી મેપનો ઉપયોગ કરવો છે તેમણે પોતાની સામાન્ય નોટમાંથી મેમરી મેપ જાતે તૈયાર કર્યા હોય તો જ તેનો સાચો લાભ તેને થઈ શકે. બીજાએ બનાવેલ તૈયાર મેમરી મેપ એટલા ફળદાયી બનતા નથી.

Scanned with CamScanner

કારણ કે દરેકના ચાવીરૂપ શબ્દની પસંદગી અલગ અલગ હોય શકે. દરેકનો શબ્દ અંગેનો સંદર્ભ પણ અલગ અલગ હોય શકે. દા.ત. રાત્રી શબ્દ બાળક માટે ડર, ચોર માટે અનુકૂળ સમય, પોલીસ માટે ફરજપાલનનો સમય, પરીક્ષા નજીક હોય તો વિદ્યાર્થી માટે વાંચવાનો સમય એવા અલગ અલગ અર્થ હોય શકે.

મેમરી મેપમાં એક જ પાના પર ઘણાં બધા મુદ્દાઓ એક સાથે આવરી લેવાનો લોભ ટાળવો જોઈએ તેને વહેંચીને એક પેઈજ પર વધુમાં વધુ ૧૨ અને તેના પેટા મુદ્દાઓ દરેકમાં ત્રણ-ચારનો સમાવેશ થઈ શકે. એક જ પેઈજ પર વિશાળ મેમરી મેપ બનાવવાથી તેને સ્મૃતિબદ્ધ કરવામાં મુશ્કેલ બને છે. તેને જોઈને જ વ્યક્તિ ડરી જઈને આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે કે આટલી બધી વિગતો મને કેવી રીતે યાદ રહેશે ? આથી એક ટોપીકના ક્ષમતા મુજબ ટુકડાઓ કરીને મેમરી મેપ તૈયાર કરવો. શબ્દો સારી રીતે વાંચવામાં અનુકૂળ થાય તે રીતે લખવા.

સામાન્ય નોટ્સનો ઉપયોગ વર્ષ દરમિયાન કરતા રહી મેમરી મેપ તૈયાર કર્યા હોય તો તે પરીક્ષાના દિવસો દરમિયાન ઝડપી પુનરાવર્તન માટે વિશેષ ઉપયોગી બનશે. શરૂઆતમાં થોડું કઠિન જરૂર લાગશે પણ વિધાનોમાંથી અગત્યના શબ્દો તારવવાથી મેમરી મેપ બનાવી શકાશે. આ અંગે એક મેમરી મેપ અહીં રજુ કર્યો છે. જે આપને મેમરી મેપની રચના કરવામાં જરૂર માર્ગદર્શક બનશે.







Scanned with CamScanner

# On Line Education

- પ્રા. પારૂલ ટંડેલ

શૈક્ષણિક ટેક્નોલોજીને કારણે પ્રવર્તમાન યુગમાં શિક્ષણ આપવાની પદ્ધતિઓમાં ઝડપથી બદલાવ આવી રહ્યો છે. સમગ્ર વિશ્વમાં શિક્ષણનો વ્યાપ અને પદ્ધતિ રોજબરોજ બદલાઈ રહી છે. આપણા ભારત દેશની શિક્ષણ અંગેની નીતિઓ દાયકાઓ જૂની છે. આપણા દેશનું શિક્ષણ આધુનિકતાનો સ્પર્શ પામી શક્યું નથી. બીજા દેશોની સરખામણીમાં આપણા દેશનાં શિક્ષણમાં આધુનિક તકનીકી અને internet નો ઉપયોગ સાવ જ ઓછો જોવા મળે છે.

દેશની પ્રતિષ્ઠિત અને મોટી શાળાઓમાં computer ના વર્ગો ચલાવવામાં આવી રહ્યા છે. કોમ્પ્યુટરનો અભ્યાસ અને કોમ્પ્યુટર દ્વારા અભ્યાસ એ બંને બાબતો વચ્ચે આસમાન-જમીનનો તફાવત જોવા મળે છે. કોમ્પ્યુટરના અભ્યાસ બાદ કોમ્પ્યુટર દ્વારા અભ્યાસનો નવો પ્રવાહ શરૂ થયો છે.

નૉલેજ કમિશન પ્રમાણે એજ્યુકેશન રિવોલ્યુશનની જે વાતો ચર્ચાઈ રહી છે. તેનો મુખ્ય મુદ્દો 'Online education'નો છે. અમેરિકા અને યુરોપના કેટલાક દેશોમાં 'Online education'ની બોલબાલા છે. આ એક એવા પ્રકારનું એજ્યુકેશન છે જેમાં વિદ્યાર્થીએ શાળામાં કે કોલેજમાં જવાની જરૂર પડતી નથી. બધો જ અભ્યાસક્રમ online એટલે કે ઈન્ટરનેટ દ્વારા વિદ્યાર્થીને મળે છે.

ઓનલાઈન એજ્યુકેશન એ પરંપરાગત વર્ગખંડમાં મેળવાતા શિક્ષણ કરતાં ઘણું જ અલગ છે. અહીં આપણે online education માં ઉપયોગી interaction (વર્ગવ્યવહાર) ને તેનાં જુદા જુદા પ્રકારની ગોઠવણીને આધારે ચર્ચીશું.

(૧) **Learner-interface interection :**




આ પહેલા પ્રકારનું interaction છે. જેમાં (શીખનાર) અધ્યેતા ટેક્નૉલોજી સાથે સીધો online સંકળાય છે. આ ખૂબ જ પડકારરૂપ interaction છે. પરંપરાગત વર્ગખંડમાં તેની જરૂર નથી. એક સફળ અધ્યેતા online interaction કરવા માંગે તો તેની પાસે computer હોવું જરૂરી છે. ચાર્ટમાં દર્શાવ્યા પ્રમાણેનાં computerનાં વિવિધ અંગોની જાણકારી પણ અધ્યેતા પાસે હોવી જરૂરી છે.

(૨) **Learner instructor interaction :**

પરંપરાગત વર્ગખંડમાં શિક્ષક (અધ્યાપક) શારીરિક રીતે વર્ગખંડમાં હાજર રહે છે. અને અધ્યેતાને પોતાની સમક્ષ/પ્રત્યક્ષ રીતે જ્ઞાન આપે છે, તેની સાથે જે-તે વિષયનાં મુદ્દાની વિગતવાર ચર્ચા કરે છે તથા તે

Scanned with CamScanner

જ્યારે મુશ્કેલીમાં મુકાય ત્યારે જરૂરી માર્ગદર્શન અને હિંમત પૂરા પાડે છે. અધ્યાપક પોતાની આગવી કથનશૈલીથી પોતાના વિચારો રજૂ કરે છે તથા કા.પા.કાર્યમાં પોતાની પાસે રહેલ જે-તે વિષયનું અનુભવ ભાથુને આકર્ષક ઢબે નોંધે છે / અભિવ્યક્ત કરે છે.

Online education માં પરિસ્થિતિ આનાથી તદ્દન વિપરીત હોય છે. અધ્યેતા અને અધ્યાપક વચ્ચે સીધી / પ્રત્યક્ષ ચર્ચા થતી નથી. પરંતુ અધ્યાપક online computer મારફતે પોતાના અધ્યેતા સામે રજુ થાય છે. અધેતા online અધ્યાપક સાથે વાતચીત કે ચર્ચા કરે છે. જેને chating કહે છે. વિડિયો કોન્ફરન્સ, message boards અને e-mail દ્વારા તેઓ એકબીજાનાં સંપર્કમાં રહી જે-તે વિષયની ચર્ચા કરે છે. એક રીતે જોઈએ તો તેઓ અધ્યેતાઓ સમક્ષ હોવાનો દંભ આચરે છે. e-mail કે chating તથા message board દ્વારા અધ્યેતા સામે રજુ થવા માટે અધ્યાપક પાસે જે-તે વિષય પરનું આગવું પ્રભુત્વ અને વિશાળ શબ્દભંડોળ અને આકર્ષક લેખનશૈલી હોવી ખૂબ જ જરૂરી છે.

(૩) **Learner-learner interaction :**




૧૯૮૯માં moore આ પ્રકારનાં વર્ગવ્યવહારની વિશેષ ઓળખ આપી હતી. પરંપરાગત વર્ગખંડમાં વિદ્યાર્થીઓ જૂથમાં કામ કરતી વખતે અથવા તો વર્ગખંડની બહાર એકબીજાનાં સંપર્કમાં રહે છે ત્યારે વર્ગખંડમાં હાજર રહેવું દરેક અધ્યેતા માટે મહત્વનું હતું. જ્યારે online education માં આ બાબત શક્ય નથી.

Online education માં અધ્યેતા અધ્યાપક સાથે બે રીતે સંપર્કમાં રહે છે.

(૧) અધ્યેતા ગમે તે સ્થળે હોઈ, અધ્યાપક સાથે computer દ્વારા તે ગમે ત્યાંથી chat કરી શકે છે.

(૨) અધ્યેતા અને અધ્યાપક બંને પોતપોતાના સમયે online, computer પર e-mail અથવા board discussion દ્વારા ગમે તે સમયે સંપર્કમાં રહી શકે છે. અહીં અધ્યેતા અને અધ્યાપક બંને માટે સમયની પાબંદી નથી. આવી જ રીતે અધ્યેતા-અધ્યેતા પણ અધ્યાપક વગર (ગેરહાજરીમાં) એકબીજાનાં સંપર્કમાં રહી શકે છે. આગળ આકૃતિમાં તે વાત સમજાય છે.

(૪) Learner Content interection ૧૯૮૯માં moore આપેલ આ છેલ્લો પ્રકાર છે. જેમાં અધ્યેતા વિષયવસ્તુનાં સંપર્કમાં રહે છે. online education માટે જે અભ્યાસક્રમ નક્કી થયો છે તે એટલો બધો સક્ષમ/સઘન છે કે જેનાથી અધ્યેતાની આખી જીંદગી બદલાઈ શકે છે. (જુદી-જુદી રીતે) પરંપરાગત શિક્ષણ પણ આવું પરિણામ આવે છે છતાં online education વધુ ફળદાયી છે.

Scanned with CamScanner

પરંપરાગત વર્ગખંડમાં ગુરુજનો, આચાર્યો, પ્રોફેસરો અથવા અતિથિ વિશેષ તરફથી વિષયવસ્તુની યોગ્ય રજુઆત કરવામાં આવે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ સેમિનાર આપવા પડે છે તથા પાઠ્યપુસ્તકો પણ ઉપયોગી નીવડે છે તથા સમયની પણ યોગ્ય રીતે ફાળવણી કરવામાં આવેલી હોય છે. જ્યારે online education માં અધ્યેતા પાસે access, તાસમાં રાખેલ નોંધપોથી, online ઉપલબ્ધ તજજ્ઞો, વિડિયો, ક્લિપ્સ, ચિત્રો, વાર્તાઓ હોય છે. વિશ્વમાં ગમે ત્યાં બેઠેલી કોઈપણ વ્યક્તિ આ તમામનો લાભ લઈ શકે છે.




દૂરવર્તી શિક્ષણનાં વિષયવસ્તુ એટલે કે અભ્યાસક્રમ અંગેનાં copy right low સુસ્પષ્ટ હોતા નથી. મહાન વ્યક્તિઓ કે નિષ્ણાંતો પાસેથી મળતાં અધ્યયન અનુભવો instructor આસાનીથી અધ્યેતાઓને આપી દેતા નથી.

U.S.Copyright Act of ૧૯૭૬ એ media content ને copy right થતું અટકાવે છે. છતાં કોઈક પરિસ્થિતિમાં instructor તે વાપરી શકે છે અને અન્ય વ્યક્તિઓ દ્વારા આ content copy right થતું કેવી રીતે અટકાવી શકાય તે EET આર્ટીકલ "understanding fair use" માં સમજાવ્યું છે.

જે-તે સંસ્થા કે યુનિવર્સિટી જેઓ online education નો અભ્યાસક્રમ ચલાવે છે. તેમની પાસે પ્રકાશિત થયેલ copy right compliance policy હોવી જોઈએ. આ પોલીસીનો નમૂનો તમે copy right clearance centre (CCC) ની વેબસાઈટ http:\\www.copyright.com પર જોઈ શકશો.

Copy right content ને કોઈક પાસવર્ડ (Password) વડે instructor એ છુપાવી રાખવું જોઈએ અને જો અધ્યેતાઓને આપવી હોય તો ખૂબ જ ઓછા અધ્યેતાઓને તેની જાણ થવી જોઈએ. સાથે સાથે આ પાસવર્ડનું down loading, right clecking ન થઈ શકે તથા તેનું cut and paste પણ ન થઈ શકે તેનું ધ્યાન રાખવું જોઈએ.

**Copy right content વાપરવા માટે નીચેનાં મુદ્દા ધ્યાનમાં લઈ શકાય.**

- આગળ દર્શાવેલ CCC ની વેબસાઈટ પરથી પોલીસી વાપરવાની અરજી આપી પરમીશન માંગી શકાય.
- અધ્યયનનાં ભાગરૂપે Video Clips વાપરી શકાય. વિદ્યાર્થીઓ સ્વખર્ચે તે ખરીદી પણ શકે છે. જેથી તેઓ પોતાનાં ઘરે તેનો અભ્યાસ કરી શકે.
- આ content અધ્યેતા ધારે તેટલું મોંઘુ પણ હોતું નથી.
- અધ્યેતાએ પોતાની જાતે જ content તૈયાર કરવું જોઈએ. (હસ્તપ્રત બનાવવી.)
- ગ્રંથપાલનો ઉપયોગ વધારવો જોઈએ.

Scanned with CamScanner

Online education નું ભવિષ્ય કાળજીપૂર્વક આકાર લે એ અત્યંત આવશ્યક છે. પ્રશિક્ષકો અને online education નાં વહીવટકર્તાઓ distance learning ના પ્રસ્તાવોથી સુમાહિતગાર હોય એ જરૂરી છે. જેમ કે,

- અભ્યાસક્રમનું સંસ્થાગત માળખું તૈયાર કરવું જરૂરી છે.
- "જેમની પાસે છે" અને "જેમની પાસે નથી." એ વર્ગો માટે ટેક્નૉલોજી પરત્વે સમાન પ્રાપ્તિ પ્રવેશ જરૂરી.
- 'એકાંતપણું' અને 'હતાશા' અંગે શીખનારાઓ ઉપર દબાણની શક્યતા નિવારવી.
- પ્રખ્યાત ન હોય તેવા અને બજારની દૃષ્ટિએ અપ્રાયોગિક હોય તેવા વિચારોને પડતાં મૂકવા.
- શ્રમ-સમૃદ્ધ ડીસ્ટન્સ લર્નિંગ કાર્યક્રમોની અસરકારકતા વધારવી.
- માહિતી-સમૃદ્ધ ડીસન્ટન્સ લર્નિંગ અનુભવોની અસરકારતા શીખવવી-સમજવી.
- ટેક્નૉલોજી પરત્વે અંદાજપત્રની પુનઃફાળવણી અને પરંપરાગત વસવાટ આધારિત શિક્ષણ પદ્ધતિથી અંતર જાળવવું.
- સ્નાતક કક્ષાની ડીગ્રીઓનાં હેતુઓ અંગે વિદ્યાર્થીઓની સંખ્યાઓની યથાયોગ્યતા તપાસવી.
- ડીસ્ટન્સ લર્નિંગ અંગેની જાહેરાતો ઉપર આધારિત વિદ્યાર્થીઓની/શીખનારાઓની અપેક્ષાઓ સંતોષવી.
- સ્ટાફીંગ અંગેની ચોક્કસ તરાહ અલગ તારવવી.
- વ્યાવસાયિક અભ્યાસક્રમ ઉપર ભાર મૂકવો.
- નાના શહેરોની કોલેજોનાં અર્થતંત્રો ઉપર ધ્યાન આપવું.
- શિક્ષણનાં નબળામાં નબળા સ્વરૂપો જાહેર કરવાં.
- સ્નાતકો અને રહેઠાણાત્મક / કાર્યક્રમોમાં વિકૃતિ-બગાડ અને ગૂંચવણ.
- શીખનારાઓના જૂથોની વિવિધતા ઉપરની અસરો અને શીખનારાઓનું તે વિવિધતા સાથેનું સંઘર્ષણ જાણવું.
- કોપી રાઈટ અને બૌદ્ધિક સંપત્તિ અંગેનાં મુદ્દાઓ જાણવા.

ઉપરોક્ત બાબતો પરથી જણાય છે કે વિદ્યાર્થી પોતાની રીતે, પોતાની ગતિથી, પોતાનાં સમયે અભ્યાસક્રમ પૂર્ણ કરે છે અને પરીક્ષા પર online આપે છે. આ પરીક્ષાનું કોઈ નિશ્ચિત સમયપત્રક હોતું નથી. વિદ્યાર્થી અભ્યાસક્રમ પૂરો કરે, તમામ પૂર્વતૈયારી કરી રહે ત્યારબાદ તે કહે તે રીતે તેની અનુકૂળતાએ ઈન્ટરનેટ પર ઘેર બેઠા તેની પરીક્ષા લેવામાં આવે છે. પરીક્ષાનું પરિણામ પણ વિના વિલંબે નેટ દ્વારા આપી દેવામાં આવે છે. વર્ષનાં અંતે તમામ પરીક્ષાર્થીની મેરિટ રેન્ક બહાર પાડવામાં આવે છે. online education ને કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓની ઘણી સમસ્યાઓનો અંત આવી જાય છે.

નોલેજ કમિશનનાં ચેરમેન ડૉ. સામ પિત્રોડાએ હાલમાં જ દુનિયાના ટોચના સાયબર એક્સપર્ટસ સાથે બેઠક કરી. ચર્ચાનો સૂર હતો. ભારતમાં ઝડપથી online education નો પ્રારંભ કરવો. ભારતમાં જો online education નો પ્રારંભ થશે તો વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે તે આશીર્વાદરૂપ ઘટના લેખાશે. આજનો વિદ્યાર્થી અત્યંત બીઝી છે. વાલીઓ પણ પોતાનાં બાળકનાં અભ્યાસ બાબતે ચિંતિત છે. બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ, સવારથી સાંજ સુધી શાળા, ટ્યુશનવર્ગો, પ્રોજેક્ટ કાર્ય, ગૃહકાર્ય, પ્રેક્ટિકલ અને શાળાની સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં સતત કાર્યરત રહે છે. જેમ જેમ પરીક્ષા નજીક આવતી જાય છે તેમ તેમ વિદ્યાર્થી અને વાલી બંને માનસિક તાણ અનુભવે છે. પ્રાથમિક શાળાનાં બાળકનો દફતરનો ભાર વધતો જાય છે. બીજી તરફ ભાર વિનાના ભણતરની વાતો થાય છે. પ્રાકૃતિક વાતાવરણમાં બાળકોને બાળસહજ રીતે વિકસાવવાની વાતો થાય છે. બીજી તરફ ચોક્કસ પ્રકારનો ડ્રેસ કોડ, રૂઢિગત માળખાનો આગ્રહ રખાય છે. આ પ્રકારનું વાતાવરણ બાળકની શારીરિક અને માનસિક ક્ષમતામાં ઘટાડો કરે છે.

Online education સંપૂર્ણ રીતે અધ્યેતા કેન્દ્રીય અભિગમ છે. તેથી તે વિદ્યાર્થીને તાણમુક્ત રાખે છે.

Scanned with CamScanner

પ્રવેશથી માંડીને પરીક્ષા સુધીની તમામ બાબતોમાંથી વિદ્યાર્થીને મુક્તિ મળે છે. વિદ્યાર્થી સ્વયં અભ્યાસ કરવા પ્રેરાય છે. થોડીક મુક્તિનો, સ્વતંત્રતાનો અહેસાસ થતાં મનપસંદ પ્રવૃત્તિ કરવા તે પ્રેરાય છે.

કેટલાક શિક્ષણ શાસ્ત્રીઓનાં મતે બાળકની પ્રતિભાને સ્પર્શતા કેટલાક સામાજીક ગુણોનો વિકાસ માત્ર અને માત્ર શાળાઓમાં જ થઈ શકે છે. જેવા કે દોસ્ત, ભાઈચારો, સંપ..... વગેરે

**Online education ની મર્યાદા નીચે પ્રમાણે ગણાવી શકાય.**

- દર વર્ષે હજારોની સંખ્યામાં શિક્ષકની તાલીમ લઈને યુનિવર્સિટીમાંથી બહાર પડતાં વિદ્યાર્થીઓનું શું ?
- વિદ્યાર્થીની આર્થિક સ્થિતિનું શું ?
- બાળક કેટલું અને કેટલી ઝડપથી ગ્રહણ કરશે તે કોણ માપશે ?
- બાળકને રસપ્રદ શિક્ષણ આપવા માટે computer વિચારશે ?
- વિદ્યાર્થીઓનું માનસ કોણ સમજશે ?
- Computer કઈ-કઈ શૈક્ષણિક પ્રવૃત્તિઓ વાપરશે ?
- Computer વિદ્યાર્થીઓ સાથે ભાવાવરણ સર્જશે ?
- કહેવાય છે ને - "જડ જોડે જે કામ કરે તેની ચેતના જડ હરી લે છે. પણ જે-જે જીવ જીવન જોડે કામ કરે, તેનામાં જીવન ઊર્જા ભરે છે."
- Computer થી વાલી વિદ્યાર્થીની વયકક્ષા મુજબ પોતાના શબ્દોનું મહત્ત્વ સમજશે ?
- બાળકની લાગણી, સંવેદના, માનવતા, સંપ, સહકાર તથા પરમાર્થ કરવાની ભાવના ખીલશે ખરી ?

છતાં પણ સાયબર experts ઉપરોક્ત મુદ્દાઓ સાથે સહમત નથી. બાળકોમાં આવા ગુણો વિકસાવવાનાં અન્ય વિકલ્પો પણ તેમણે શોધી કાઢયા છે.

ડૉ. સામ પિત્રોડા કહે છે કે : "વિદ્યાર્થીઓ ગરીબ છે. અભ્યાસમાં નબળા છે. એવી બૂમો પાડયા વગર તેના હાથમાં એકવાર Computer આપી દો. જિજ્ઞાસા અને કુતુહલવૃત્તિથી તેઓ આપોઆપ Computer શીખી લેશે." વિદ્યાર્થીઓ Computer શીખશે કે નહિ તેનો ડર આપણને વધુ છે, શીખનારને તો છે જ નહિ.

Online education થી શિક્ષણ પાછળ થતો સરકારી ખર્ચો ઘટાડી શકાશે. આપણા દેશમાં online education ના જે પ્રયત્નો થઈ રહ્યા છે તે ખાનગી ધોરણે થયા છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા સત્તાવાર રીતે એ અંગે કોઈ સ્પષ્ટ ધારા-ધોરણો ઘડવામાં આવ્યા નથી. અમેરિકામાં Computer નાં મોનિટરે વર્ગખંડનું અને કી-બોર્ડ શિક્ષકનું સ્થાન લઈ લીધું છે. ભારતમાં પગપેસારો કરી રહેલું onlien education વિદ્યાર્થીઓને કેટલા અંશે ફળે તે જોવું રહ્યું.

આ ઉપરાંત યુનિવર્સિટીઓમાં અલગ અલગ પ્રકારના દબાણો પ્રવર્તતાં હોય છે. જેમ કે વિવિધ અભ્યાસક્રમોનું મટીરીયલ્સ તૈયાર કરવાનું દબાણ, વર્ગખંડમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારવાનું દબાણ, સર્વોત્તમ શૈક્ષણિક અનુભવોની વહેંચણીનું દબાણ, વિદ્યાર્થીઓને તેમનાં ભવિષ્ય અંગે સારી / યોગ્ય સલાહ આપવાનું દબાણ, ગ્રાન્ટ (અનુદાન) દ્વારા યુનિવર્સિટી માટે નાણાં મેળવવાનું દબાણ કે distance education / learning અભ્યાસક્રમોનું આયોજન-સંચાલન કરવાનું દબાણ, શૈક્ષણિક ક્ષેત્રમાં જ્ઞાન બાબતે અગત્યનું યોગદાન આપવાનું દબાણ. આ દબાણો ભવિષ્યનાં વર્ષોમાં પણ નાબૂદ થાય એમ લાગતું નથી. કદાચ, તેમાનાં અમુક દબાણો વધારે કપરાં બને એ શક્યતાને પણ નકારી શકાતી નથી.

ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનું હાલનું વલણ જોતાં તો એમ જ લાગે છે કે અધ્યાપકોની કાર્યક્ષમતા વધારવા અંગેનું દબાણ, અને નફા-પ્રાપ્તિ ઉપર વધારે ભાર મૂકવામાં આવશે. પ્રશિક્ષકોએ હૉશિયાર થવું પડશે, માત્ર બૌદ્ધિક સ્તરે હૉશિયાર નહીં પરંતુ online education ના મુદ્દા અન્વયે, તેઓ પોતાનો વ્યવસાય કેવી રીતે ચલાવે છે તે અંગે પણ તેમણે હૉશિયાર બનવું પડશે.

Scanned with CamScanner

# ડીજીટલ લાયબ્રેરી

કવિતા રાઠવા (ગ્રંથપાલ)

ડીજીટલ ક્રાંતિએ વૈશ્વિક, સ્થાનિક કે વ્યક્તિગત સ્તરે સમાજનાં કાર્યો કરવામાં પરિવર્તન આણ્યું છે. આ સંદર્ભે ડીજીટલ લાયબ્રેરી દ્વારા માહિતીના ક્ષેત્રે જેમાં માહિતીનો સંગ્રહ, જાળવણી પ્રક્રિયા અને પ્રસારણમાં બહોળો બદલાવ આવ્યો છે. આ ફેરફારો કે પરિવર્તનના પરિણામ સ્વરૂપ પરંપરાગત લાયબ્રેરીથી ડીજીટલ લાયબ્રેરીના સ્વરૂપ તરફનો વિચાર કરવા પ્રેરણા મળી.

**"A Digital library can be define as computer based information systems for aquirring, processing, storing, organization, searching and distributing knowledge."**

ડીજીટલ લાયબ્રેરી એ કમ્પ્યુટર બેઈઝ માહિતીનું તંત્ર છે. જેમાં, કમ્પ્યુટર દ્વારા માહિતીની પ્રાપ્તિ, પ્રક્રિયા, સંગ્રહ, વ્યવસ્થા અને જ્ઞાનનું પ્રસારણ જેવી બાબતોનો સમાવેશ થાય છે.

**"A digital library is a library in which collections are stored in digital formats and accessible by computer. The digital contents may be stored locally or accessed remotely via computer networks digital library is a type of information system."**

ડીજીટલ લાયબ્રેરીએ માહિતીની પુનઃપ્રાપ્તિ માટેનું એક તંત્ર છે, જેમાં માહિતીનો સંગ્રહ ડીજીટલ સ્વરૂપે જેવા કે સીડી.રોમ, ઈ-રીસોર્સ, ડેટાબેઈઝ અને મેટાડેટા વગેરે સ્વરૂપે સંગ્રહાયેલો હોય છે. જે કમ્પ્યુટર દ્વારા જ પુનઃ પ્રાપ્ત કરી શકાય છે. જે લોકલ સ્થળે ભેગી કરી શકાય છે કે નેટવર્ક દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.

''ડીજીટલ લાયબ્રેરી'' પદનો ઉપયોગ સૌ પ્રથમવાર ઈ.સ. ૧૯૮૮માં **"Corporation for National Research Initiatives"** ના રીપોર્ટમાં કરવામાં આવ્યો હતો.

**ડીજીટલ લાયબ્રેરીના હેતુ :**

- માહિતીનું ડીજીટલ સ્વરૂપમાં સંગ્રહ, વ્યવસ્થાપન કરવા
- ગ્રંથાલય સામગ્રીની ગુણવત્તામાં વધારો કરવા
- બહુવિધ સંદર્ભો એક જ સમયે પૂરા પાડવા
- બહોળા વિષય ફલકના ઉપયોગને સરળતા કરી આપવા
- જાહેર દફતરોનો પુનઃ સંગ્રહ કરવા માટે
- અલભ્ય અને મૂલ્યવાન સામગ્રીને સલામતી બક્ષવા માટે
- વાચનસંગ્રહની અભિવૃદ્ધિ કરવા
- આવકસર્જન માટે
- ગ્રંથાલયની શાખમાં વધારો કરવા

**ડીજીટલ લાયબ્રેરીનાં ચાવીરૂપ તત્ત્વો :**

- ઈન્ફ્રાસ્ટ્રક્ચર : મૂળભૂત ચાવીરૂપ તત્ત્વમાં જરૂરી સોફ્ટવેર, LAN અને ઈન્ટરનેટ સાથે પૂરતા પ્રમાણમાં કમ્પ્યુટર હોવાં જોઈએ.
- ડીજીટલ કલેક્શન : જુદા જુદા ડીજીટલ સ્વરૂપોમાં માહિતીનો પૂરતો સંગ્રહ હોવો જરૂરી છે. જેવા કે સીડી રોમ, ઈ-રીસોર્સીસ

Scanned with CamScanner

- તંત્ર પ્રણાલી : માહિતીનું સંકલન, સંગ્રહ, જાળવણી અને પુનઃપ્રાપ્તિ કરી શકાય તેવી તંત્ર પ્રણાલી વિકાસ પામેલી હોવી જોઈએ.
- ટેલિકોમ્યુનિકેશન ફેસિલિટી : એક બીજા વચ્ચે સરળતાથી માહિતીનું પ્રત્યાયન કરી શકાય તે માટેની દરેક સગવડો હોવી જોઈએ.
- કર્મચારીગણ : ડીજીટલ લાયબ્રેરી સેવા પૂરી પાડવા માટે તાલીમ પામેલ કૌશલયુક્ત કર્મચારીગણ અત્યંત જરૂરી છે.

**ડીજીટલ લાયબ્રેરીના ફાયદા :**

- **માહિતી સર્ચની શક્યતામાં વધારો :** ડીજીટલ ઈરામાં માહિતી ડીજીટલ સ્વરૂપે પ્રાપ્ય છે. આ માહિતી સંગ્રહમાંથી માહિતીની પુનઃ પ્રાપ્તિ માટે સર્ચ ફેસિલીટી દ્વારા માહિતી એક ક્લીકથી મેળવી શકાય છે. હાલમાં મોટા ભાગની માહિતીનું નિર્માણ કમ્પ્યુટર દ્વારા થાય છે. પ્રિન્ટ સંદર્ભ સ્રોતો કરતાં તેની સીડી ઘણી સસ્તી અને અસરકારક નીવડે છે. આવા સ્રોતમાંથી માહિતી મેળવવા સર્ચ ફેસિલીટી ઘણી ઉપકારક નીવડી છે.
- **અદ્યતન માહિતીની પ્રાપ્તિ :** ડીજીટલ લાયબ્રેરી દ્વારા સંશોધક અને વિષય નિષ્ણાંતો માટે અદ્યતન માહિતી કે સાહિત્ય ખૂબ સરળતાથી મેળવી શકાય છે. ઉપરાંત સંશોધનના અદ્યતન પ્રવાહથી વાકેફ કરી શકાય છે.
- **મલ્ટીપલ એક્સેસ :** એક જ માહિતી સ્રોતનો એક જ સમયે એક કરતાં વધારે યુઝર્સ એક સાથે ઉપયોગ કરી શકે છે.
- **સમયની અનુકૂળતા :** ડીજીટલ લાયબ્રેરીનો મહત્ત્વનો ફાયદો એ છે કે યુઝર્સ કોઈપણ સમયે, રાત્રે કે દિવસે ગમે ત્યારે પોતાના ટેબલ પર જોઈતી માહિતી પ્રાપ્ત કરી શકે છે.
- **ભૌતિક સીમાડા નથી :** ઈન્ટરનેટ દ્વારા યુઝર્સ દુનિયા કોઈપણ ખૂણે બેસીને દુનિયાની કોઈપણ માહિતી મેળવી શકે છે.
- **માહિતીની પુનઃ પ્રાપ્તિ :** માહિતીની પુનઃ પ્રાપ્તિ માટે યુઝર્સ કોઈપણ પદ, વર્ડ, ટાઈટલ, વિષયથી સર્ચ કરી શકે છે. ડીજીટલ લાયબ્રેરી યુઝર્સ માટે એક મિત્રની ગરજ સારે છે.
- જગ્યા : પરંપરાગત લાયબ્રેરીમાં સંગ્રહ માટેની જગ્યાની મોટામાં મોટી સમસ્યાનો ડીજીટલ લાયબ્રેરી દ્વારા ઉકેલ મેળવી શક્યા છે. સીડીરોમમાં પુસ્તકની ઘણી ટેક્ષનો સમાવેશ થતો હોવાથી મોટા ભાગના સંદર્ભ સ્રોતો કે જે અનેક વોલ્યુમમાં વહેંચાયેલા હોય છે, તેને માટે ડીજીટલ ફોર્મેટ ઘણું જ ઉપકારક નીવડે છે.
- નેટવર્ક : નેટવર્ક દ્વારા બીજી ડીજીટલ લાયબ્રેરી સાથે જોડાઈને રિસોર્સશેરીંગ વડે એક બીજી લાયબ્રેરીના માહિતી સ્રોતોનો ખૂબ સરળતાથી ઉપયોગ કરી શકે છે.
- પડતર ખર્ચમાં ઘટાડો : ડીજીટલ લાયબ્રેરીને જાળવવાનો ખર્ચ પરંપરાગત લાયબ્રેરી કરતાં ઘણો ઓછો કરી શકાય છે. પરંપરાગત લાયબ્રેરી સ્ટાફ, પુસ્તક જાળવણી, નિભાવખર્ચ, માટે જે ખર્ચ કરે છે તેના કરતાં તેટલા જ નાણાંમાં ડીજીટલ લાયબ્રેરી વધારે સારી સેવા આપી શકે છે.

Scanned with CamScanner

ડીજીટલ લાયબ્રેરી સેવા :




- **ડીજીટલ લાયબ્રેરી નેટવર્ક :**

  ભારતમાં નીચે જણાવેલ લાયબ્રેરી નેટવર્ક કાર્યરત છે.

  - INFLIBNET - I-NET
  - NICNET - MALIBNET
  - INDONET - DELNET

આ ઉપરાંત કેટલાક વેબપેજીસમાં ઈ-રીસોર્સીસ જોવા મળે છે.

www.gutenberg.org

પ્રોજેક્ટ ગુટેનબર્ગ ફ્રી ઈલેક્ટ્રોનિક બુકનું પ્રથમ અને મોટામાં મોટું કલેક્શન છે. આ પ્રોજેક્ટ કોઈ આર્થિક કે રાજકીય શક્તિઓથી ચાલતો નથી. આ સંપૂર્ણપણે વોલેન્ટિયર્સની શક્તિથી ચાલે છે. જેમાં ૧૦૦૦૦ જેટલા વોલેન્ટિયર્સનો સમાવેશ થયેલ છે. પ્રોજેક્ટ ગુટેનબર્ગમાં એક લાખથી પણ વધારે ટાઈટલ જેમાં વીસ હજાર જેટલી ફ્રી બુક્સ પ્રોજેક્ટ ગુટેનબર્ગના ઓન લાઈન બુક કેટલોગમાંથી પ્રાપ્ત કરી શકાય છે.

પ્રોજેક્ટગુટેનબર્ગ દ્વારા ઈ-બુક મેળવવા માટે www.gutenberg.org/find સર્ચપેજ પર જઈને ટાઈટલ, ઓથર કે ઈ-બુક નંબર દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.

www.netlibrary.com

નેટ લાયબ્રેરીમાં ઈ-બુક અને ઈ-ઓડિયોબુક્સ સહિત અનેક પબ્લિશર્સના પ્રદાનનો સહકાર સમાવેલો છે. અહીં ફ્લેક્સિબલ અને સ્ટેબલ કન્ટેન્ટ પ્લેટફોર્મ મળે છે. જેમાં સતત કન્ટેન્ટની ઝડપી વૃદ્ધિ થતી રહે છે. નેટ લાયબ્રેરીએ ઓસીએલસી ઓન લાઈન કમ્પ્યુટર લાયબ્રેરી સેન્ટર ઈન્કોર્પોરેશનનું એક ડિવિઝન છે.

www.archives.org

આ ઈન્ટરનેટ લાયબ્રેરીમાં ઐતિહાસિક કલેક્શન ડીજીટલ ફોર્મેટમાં ઉપલબ્ધ કરવામાં આવ્યું છે. હાલમાં આર્કાઈવ્ઝમાં ટેક્ષ, ઓડિયો, મુવીઝ, ઈમેજિસ અને સોફ્ટવેર ઉપરાંત આર્કાઈવ્ઝ વેબપેજીસ પણ છે.

ડીજીટલ લાયબ્રેરી દ્વારા માહિતીનું પ્રકાશન અને પુનઃપ્રાપ્તિ માટે અદ્યતન અને સુચક સુધારા કરી શક્યા છે. ડીજીટલ લાયબ્રેરીના કેટલાક પડકારો હોવા છતાં તે ઘણી ઉપકારક નીવડી છે. જેના કારણે શિક્ષિત વર્ગને, સંશોધકોને તેમજ વિદ્યાર્થીઓને વિશ્વસ્તરની માહિતી પૂરી પાડી શક્યા છે. તે એક વિશિષ્ટ પ્રદાન ગણાવી શકાય.

Scanned with CamScanner

# આભાસી વર્ગખંડો

માંજરા ઈમ્તિયાઝ એચ.

શાળા-સુધારણાં માટે વર્ચ્યુઅલ (આભાસી) વર્ગખંડનો ઉપયોગ :

પરિચય :

આભાસી-ચર્ચાઓ અને આભાસી-વર્ગખંડનાં મુદ્દાઓ વિશે અહીં ચર્ચા કરી છે. એ અંગે વિષદ-છણાવટ કરવામાં આવી છે કે શિક્ષકોને પોતાના વિદ્યાર્થીઓને અસરકારક-શિક્ષણ આપવા માટે આ અંગેની માહિતી પ્રાપ્ત કરવી જરૂરી છે. શાળા-સુધારણા અંગેના ચાર ખ્યાલો અંગે ચકાસણી કરવામાં આવી છે અને 'સ્વ-મૂલ્યાંકન'ના મોડેલને સૌથી વધારે યથાયોગ્ય ગણીને પસંદ કરવામાં આવ્યું છે. ત્યાર બાદ વિદ્યાર્થીઓ માટે શીખવવાની તેમજ શીખવાની ક્રિયાની સુધારણા માટે સાંભળવાની ક્રિયાનો કેસ તૈયાર કરવામાં આવ્યો છે.

## આભાસી-ચર્ચાઓના લાભદાયક ઉપયોગો :

આભાસી-ચર્ચાઓ શિક્ષણનાં ક્ષેત્રે ખૂબ જ લાભદાયક ગણાવી શકાય. ચર્ચા-ખંડોમાં આખા વિશ્વના શિક્ષકો અને અન્ય વ્યક્તિઓ ભેગા મળી, પોતાના ઘરે કે વર્ગખંડમાં જ હાજર રહીને શિક્ષણ અંગેના વિચારોનું આદાન-પ્રદાન કરી શકે છે. આ રીતે ચર્ચા-ખંડોએ શિક્ષકોને. આભાસી-આધાર જૂથો પૂરાં પાડીને તેમના ભારણને કંઈક અંશે ઘટાડવાનું કાર્ય બજાવે છે. વિશ્વના ઓછી જન સંખ્યા ધરાવતા પ્રદેશો જેવા કે ઓસ્ટ્રેલિયા, આર્જીલ કે બ્યુટ વગેરેમાં યોગ્ય સંખ્યામાં સમાન-સ્તરના વિદ્યાર્થીઓ ભેગા થઈ પોતાના વિચારોનો વિનિમય કરે એ માટે માત્ર આ એક જ પદ્ધતિ છે. અહીં આભાસી વર્ગખંડોનો ખ્યાલ દર્શાવાયો છે કે જે શિક્ષકોએ પોતાના વિદ્યાર્થીઓને અસરકારક રીતે ભણાવવા માટે જરૂરી છે.

## વર્ગખંડોમાં આઈ.સી.ટી.નો સાંપ્રત-ઉપયોગ :

આઈ.સી.ટી.એ સાંપ્રત-વિચારસરણીનું પ્રતિનિધિત્વ કરે છે. તે શાળાઓમાં વિદ્યાર્થીઓની શીખવાની પ્રક્રિયાને સહાય કરવા માટે ઉપયોગમાં લેવાય છે. આ કાર્યક્રમો વિદ્યાર્થીઓનાં કૌશલ્યો-આવડતો, અનુભવો, ઊંડાણભર્યું શિક્ષણ, માહિતી સાથે જોડાણ, ખ્યાલોને લગતા વિકાસની વૃદ્ધિ કરે છે. પ્રત્યેક કિસ્સામાં શિક્ષક એ અસરકારક રીતે જ્ઞાન પુરૂં પાડનાર તેમજ વિદ્યાર્થી એ સેવાઓનો ગ્રાહક હોય છે. વહીવટી ક્ષેત્રે પણ તેનો વપરાશ થઈ શકે છે અને તેમાં નોંધણીની પદ્ધતિઓ, શિક્ષકો વચ્ચે સંદેશા-વ્યવહાર, શિક્ષકો અને નેતાગીરી-ટૂકડીઓ વચ્ચે સંદેશા વ્યવહાર, શાળાઓ અને ડી.એફ.ઈ.એસ. જેવાં

Scanned with CamScanner

સંગઠનો-સંસ્થાઓ વચ્ચે સંદેશા વ્યવહારનો સમાવેશ થયેલો હોય છે. આઈ.સી.ટી.નો શાળાઓમાં ઉપયોગ કરવાનો હેતુ એ વિદ્યાર્થીઓને આઈ.ટી. વિષે શીખવવામાં મદદ કરવાનો છે અને તેમના અભ્યાસક્રમના ક્ષેત્રે તેમની આવડતો, જ્ઞાન અને ક્ષમતાને વિકસાવવાનો, કોમ્પ્યુટરનો ઉપયોગ કરીને તેમના શિક્ષણની અસરકારકતા અને શિક્ષણ પ્રત્યેના અભિગમને વિકસાવવાનો છે.

## આભાસી-ચર્ચાઓની લાક્ષણિક્તાઓ :

યુવાન લોકો માટે પોતાના વિચારો વિકસાવવા અને અન્યો તેને ગંભીરતાથી લે એ ઘણી વાર વિકટ હોય છે. વિક્ટોરીયન યુગની એક કહેવત છે કે ''યુવાનો માત્ર નીરખાવા જોઈએ, સંભળાવા જોઈએ નહીં.'' આ કહેવતમાં એ બાબતે પ્રતિતી થાય છે કે યુવાનોએ પોતાના વિચારો વ્યક્ત કરવાથી દૂર રહેવું જોઈએ, કારણ કે અન્યો તેમને ગંભીરતાથી લેશે નહીં. આ બાબત વિદ્યાર્થીઓ માટે પણ અનુસરવામાં આવે છે. વિદ્યાર્થીઓ આ માધ્યમથી પોતાના શિક્ષણ કે અન્ય બાબતો અંગેના વિચારો-ખ્યાલો રજૂ કરી શકે છે કે જેથી અન્યો તેમના વિચારો-ખ્યાલોને ગંભીરતાથી લે.

## આભાસી-વર્ગખંડ માટેનું પ્રસ્તાવિત-મોડેલ :

આભાસી-વર્ગખંડ એ એક એવી વ્યવસ્થા-પદ્ધતિ છે કે જે શિક્ષકો દ્વારા અપનાવી શકાય છે જેથી ''શાળા-સ્વ-મૂલ્યાંકન''નો ખ્યાલ મૂર્ત-સ્વરૂપે પ્રાપ્ત કરી શકે છે. જો શિક્ષકો વાસ્તવિક-અભ્યાસ વર્ગખંડથી અલિપ્ત એવો આભાસી-વર્ગખંડ રચી શકે કે જેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો શ્રેણી બદ્ધ રચના અનુસાર, વિચારો-દૃષ્ટિબિંદુઓનું વિનિમય કરી શકે - સંદેશાવ્યવહાર કરી શકે, અને જો તેમાં માતા-પિતાઓ કે વાલીઓ પણ પ્રવેશ કરી શકે, શિક્ષકો શિક્ષણ અંગેનાં વિદ્યાર્થીઓનાં તેમજ વાલીઓનાં મંતવ્યો-વિચારો જાણી શકે, અને સમાંતર રીતે વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ તેમની આ અંગેની આવશ્યકતાઓને જાણી-સમજી શકે. જ્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓ એ અંગે બાંહેધરી પ્રાપ્ત કરે કે તેમના વિચારોને કોઈ અન્ય વ્યક્તિઓ ગંભીરતાથી લે છે, ત્યારે તેઓ વધારે ઊંડાણપૂર્વક વિચારતા થાય કે તેમનામાં એ અંગે સામર્થ્ય છે કે તેમના વિચારો એ તેમના શિક્ષણની પદ્ધતિ-પ્રક્રિયાને બદલવા માટે સક્ષમ છે. ત્યારે શિક્ષકો ઉપરનો ભાર પણ હળવો થઈ શકે. તાલીમ પામેલાં વિદ્યાર્થીઓનાં જૂથની એ કામગીરી હોય છે કે તેઓ જે તે ચર્ચા-વિચારણાઓનું નિયમન કરે કે જેથી તેઓ એ અંગે મૂલ્યાંકન કરી શકે કે તેમને ભવિષ્યમાં શું આવશ્યક હશે. આ રીતે શિક્ષકો આ કામગીરી અદા કરી શકે કે જેથી વિદ્યાર્થીઓનાં કૌશલ્યો, આવડતો, ક્ષમતા અને વિચારશીલતામાં વૃદ્ધિ થાય.

Scanned with CamScanner




Scanned with CamScanner

# સિસ્ટમ અભિગમ દ્વારા શિક્ષણની સમૃદ્ધિ

સિંધા માયાબહેન મહેન્દ્રસિંહ
રોલ નં. ૧૧

વિજ્ઞાન અને ટેક્નૉલોજીના આ યુગમાં જીવનનાં પ્રત્યેક ક્ષેત્રમાં ઉન્નતિ થઈ છે, ક્રાંતિ થઈ છે. તે જ રીતે આજે શિક્ષણમાં પણ નવીનીકરણ આવ્યું છે. જીવનના અન્ય ક્ષેત્રોની જેમ ગતિશીલ આધુનિકતા સાથે શિક્ષણે પણ કદમ મિલાવવા જોઈએ. શિક્ષણમાં અધ્યયન પ્રક્રિયા કેન્દ્ર સ્થાને છે. જ વિદ્યાર્થીના જીવન અને વિકાસ સાથે સંકળાયેલી પ્રક્રિયા છે. અધ્યયન પ્રક્રિયા વિદ્યાર્થી જીવનને ઘડે છે. તેથી તેનું મૂલ્ય આંકી ન શકાય. એજ્યુકેશન ટેક્નૉલોજીનું એક મહત્ત્વનું અંગ સિસ્ટમ અભિગમ છે.

સિસ્ટમ અભિગમના મૂળ લશ્કરી અને ઔદ્યોગિક તાલીમની વિકસેલી નવી પ્રક્રિયામાં રહેલાં છે. શિક્ષણના ક્ષેત્રમાં થોડા જ વર્ષો પર બધાં જ કામો શિક્ષક કરે એવી સ્થિતિ હતી. ફી ઉઘરાવવાથી માંડીને પરીક્ષાનું પરિણામ બનાવવા સુધીના. હજીય એ સ્થિતિમાંથી આપણે મુક્ત થયા છે એવું તો ન કહેવાય. માત્ર કતૃત્વ વિભાજનની પા-પા પગલી મંડાઈ છે. પ્રાથમિક શાળાઓમાં તો આજે પણ એક જ શિક્ષક બધા વિષયો ભણાવે છે. શિક્ષણમાં પણ નાનાં કાર્યોની વહેંચણી કરી કાર્યક્ષમતા વધારવાનો પ્રયાસ કરવામાં આવે ત્યારે એક રીતે સિસ્ટમ અભિગમની દુનિયામાં પ્રવેશ કર્યો કહેવાય.

શૈક્ષણિક ટેક્નૉલોજીના વિકાસને પરિણામે જે કેટલીક અદ્યતન પ્રવિધિઓ અધ્યયન ક્ષેત્રે આવી તેમાં સિસ્ટમ અભિગમનું સ્થાન મહત્ત્વનું છે. આ સિસ્ટમનો અર્થ છે વ્યવસ્થા. આપણું શરીર એ આવા તંત્રનું એક ઉત્તમ ઉદાહરણ છે. સિસ્ટમ અભિગમને સિસ્ટમ ઈજનેરી સિસ્ટમ પૃથક્કરણ, સિસ્ટમ અભિગમ, તાંત્રિક અભિગમ તરીકે પણ ઓળખવામાં આવે છે.

"સિસ્ટમ એ આંતરક્રિયા કરનારા તત્ત્વોનું સુગ્રંથિત સંકલન છે. પૂર્વનિર્ધારિત ક્રિયાને સહકારી રીતે પાર પાડવા માટે યોજાયેલી પ્રક્રિયા છે." - બેગ હર્ટ

પરસ્પર અનુયોગ પામતા તત્ત્વોનો સંકલિત સમૂહ જેના દ્વારા સહકાર પૂર્વક આગળથી નક્કી કરેલું કાર્ય થાય તેને સિસ્ટમ અભિગમ કહે છે. અધ્યયન પ્રક્રિયાને વેગવાન બનાવનાર પરસ્પરાવલંબી પરિબળોના મહત્તમ ઉપયોગની વ્યવસ્થિત, હેતુપૂર્ણ યોજના તે સિસ્ટમ અભિગમ. સિસ્ટમ અભિગમ એટલે વિષયવસ્તુની રજૂઆત અને અસરકારક અધ્યયન માટે શિક્ષક શૈક્ષણિક સાધનોના ઉપયોગનું આયોજન કરે, તેની માહિતી મેળવે, માહિતીને અસરકારક બનાવવાના માધ્યમ નક્કી કરે, રજૂઆતની પ્રવિધિ વિચારે અને માનવ શક્તિના મહત્તમ ઉપયોગની વિચારણા કરે. આ બધું તેને શૈક્ષણિક ઉત્પાદન સિદ્ધિ તરફ દોરી જાય છે.

સિસ્ટમ અભિગમ એટલે પરસ્પરના લેખિત પાસાં વિશે પૂર્વ વિચારણા કરી પરસ્પર વિશે સંબંધ પ્રસ્થાપિત કરી સળંગ સૂત્ર પ્રક્રિયા તૈયાર કરી તેના અમલીકરણ દ્વારા તેની નીપજ ઉપજાવવી કે જેથી તેમાં મહત્તમ અને યોગ્યત્તમ લાભ થાય. સિસ્ટમ અભિગમ ઈનપુટ (અંગત) પ્રોસેસ (પ્રક્રિયા) અને આઉટપુટ (નીપજ) આ ત્રણ મહત્ત્વના શબ્દો છે.

જે સિસ્ટમ સૌથી મોટાનો સ્વીકાર કરે તેને સુપર સિસ્ટમ કહે છે અને જે સૌથી નાની સિસ્ટમ હોય

Scanned with CamScanner

તેને સબસિસ્ટમ કહે છે. સિસ્ટમનો જે વિચાર છે તે કોઈ એક કોષ, કોઈ મનુષ્ય, કોઈ સમાજ તેમજ એક અણુ ગ્રહ કે આકાશગંગાના સ્વરૂપમાં ઉપયોજાય છે. જે બાબતો એકબીજાના આંતરિક સંબંધોના તત્ત્વો અને વ્યવસ્થાના પદ્ધતિસરના વર્ગીકરણ અને સંગઠનના પાયા પર વિકસેલી હોય અને વિકસતી હોય તેને આપણે સિસ્ટમ કહી શકીએ.

ડૉ. ગુણવંત શાહના મતે અભ્યાસક્રમ વિકાસ માટેનો સિસ્ટમ અભિગમ સંક્ષિપ્ત એવા શૈક્ષણિક હેતુઓનું સ્પષ્ટીકરણ કરી તેની અસરકારકતાને મહત્તમ ક્ષેત્રોમાં લઈ જવાનો પ્રયાસ કરે છે અને વિદ્યાર્થીની સિદ્ધિને ચોક્કસ દિશામાં સ્વરૂપ આપવાના હેતુથી સમગ્ર શૈક્ષણિક પ્રક્રિયાને પુનઃ સ્વરૂપ આપે છે.

ટી. એ. રઝાકના શબ્દોમાં સિસ્ટમ અભિગમ એ અગાઉથી આપવામાં આવેલ વિશ્વાસ અંતરાલ અને શીખાઉ વર્ગની ફલશ્રુતિની સિદ્ધિ માટે રચવામાં આવેલા અધ્યયન અનુભવોના પાયા ઉપર રચાયેલો અને વિકાસ પામેલો સમૂહ છે. સિસ્ટમ અભિગમમાં અધ્યયન પ્રક્રિયા કેન્દ્રસ્થાને છે.

સિસ્ટમ અભિગમ હેતુઓના સંદર્ભમાં જરૂરિયાતો, ધ્યેયો અને હેતુઓને કાળજીપૂર્વક ઓળખવામાં મદદરૂપ થાય છે. ગૌણ બૌદ્ધિક કૌશલ્યના હેતુઓને છતા કરવા માટે લક્ષ્ય હેતુઓનું પૃથક્કરણ કરવામાં મદદરૂપ બને છે. તે સમસ્યા ઉકેલના સંદર્ભમાં જૂથપ્રવૃત્તિ છે. તે અભ્યાસક્રમને આયોજન તરફ કાળજીપૂર્વક ધ્યાન દોરે છે.

સિસ્ટમ અભિગમનો ઉપયોગ કરીને નિદાનાત્મક અને ઉપચારાત્મક શિક્ષણનું આયોજન પણ સારી રીતે થઈ શકે છે. સિસ્ટમ અભિગમથી શાળાના આચાર્યને વહીવટીય અને સંચાલકીય આયોજન કરવાની પણ સુગમતા થઈ શકે છે. તે આર્થિક રીતે વ્યવહારુ, મિતવ્યયી અને અસરકારક અભિગમ છે. શિક્ષણ પ્રક્રિયામાંથી મહત્તમ નીપજ મેળવવાની વાજબી રીતે અસરકારક પદ્ધતિઓ પૂરી પાડે છે. શૈક્ષણિક અંદાજપત્ર અને સામાજિક સંસાધનો વચ્ચે આંતરિક સમજણ સ્થાપિત થઈ શકે.

શૈક્ષણિક પ્રક્રિયાને વધુ સારી રીતે વિકસાવવામાં તે મદદ કરે છે. અધ્યયનકર્તા અને કાર્યોની લાક્ષણિક્તાઓને પહોંચી વળવા માટે કાળજીપૂર્વક માધ્યમોની પસંદગી કરવાની દૃષ્ટિ પૂરી પાડે છે. સિસ્ટમ અભિગમના લાભોની કોઈ સીમા નથી. આજે તો અધ્યયન અધ્યાપનની ક્ષિતિજોમાં અનેક ઝડપી પરિવર્તનો થતા રહે છે.

વર્ગશિક્ષણ અને સંચાલન પણ કઠિન બનતું જાય છે ત્યારે યોગ્ય માધ્યમો, પદ્ધતિઓ, પ્રયુક્તિઓની પસંદગી અને સુઆયોજન એ જરૂરિયાત બને છે. જે માટે સિસ્ટમ અભિગમનું શિક્ષણમાં સ્થાન નિશ્ચિત કરી શકાય.

આમ, સિસ્ટમ અભિગમ આપણા વર્ગખંડનું ભાવિ ઘડવામાં અત્યંત મહત્ત્વની પ્રયુક્તિ છે. વિશિષ્ટ પ્રવૃત્તિઓ જેવી કે અભ્યાસક્રમ, આયોજન, શૈક્ષણિક માધ્યમોનો ઉપયોગ, વિદ્યાર્થી મૂલ્યાંકન, અંદાજપત્ર, સુગમતા યોજનાઓ વ્યક્તિગત વ્યવસ્થાપન અને સામાન્ય લાંબાગાળાના આયોજનો વિકાસાત્મક તબક્કામાં છે.

સી.કે.બસુ અધ્યયનમાં સિસ્ટમ અભિગમ માટે નીચેનાં સાત પગલાં સૂચવે છે.

(૧) વિશાળ શૈક્ષણિક ધ્યેયો રચવાં અને ભેગાં કરવાં.

(૨) કાર્યોનું પૃથક્કરણ કરવું અને જરૂરિયાતો નક્કી કરવી.

Scanned with CamScanner

(૩) માપી શકાય એવાં શિક્ષણના વિશિષ્ટ ધ્યેયો રચવાં.
(૪) વિદ્યાર્થી, માધ્યમ અને શિક્ષકનાં કાર્યોની વહેંચણી.
(૫) માધ્યમની ગોઠવણી અને વિવિધ તત્ત્વોનું સંકલન.
(૬) સિસ્ટમને કાર્યાન્વિત કરવી.
(૭) સિસ્ટમનું સીધું સાદું મૂલ્યાંકન.

થોર્નડાઈકે ૧૯૧૨માં કહેલી વાત શિક્ષકોએ મનમાં વારંવાર ઘૂંટવા જેવી છે.

"ચાળીસ પાનાં અને બે સીડી જે કરી શકે તે કરવામાં માણસને વેડફી નાંખવાનું ઠીક નથી."

થોર્નડાઈકને જે વાત ૧૯૧૨માં ખટકી તેને આજે પણ પૂરતા પ્રમાણમાં આપણે દૂર કરી શક્યા નથી. વર્ગમાં શિક્ષક 'ઔરંગઝેબ' વિશે ૪૦ મિનિટ બોલી જાય તો તે નકામો થાકી મર્યો ગણાયને ? આવું ભાષણ ટેપરેકોર્ડર અથવા રેડિયો આપી શક્યો હોત. હા, રેડિયો કે ટેપરેકોર્ડર વિદ્યાર્થી સાથે ચર્ચા કરી ન શકે. બસ ત્યારે, આ કામ શિક્ષકનું 'ખરું' કામ ગણાય. આવાં અનેક 'ખરાં' કામોમાં વધારે સમય ક્યારે આપી શકાય ? આમ, કેટલાંક કામો બીજા માધ્યમ કે સાધનોને કરવા દેવાં જોઈએ. માત્ર સાધનો જ નહીં બીજી વ્યક્તિઓનો પણ લાભ લઈ શકાય ? આમ કેટલાંક કામો બીજા માધ્યમ કે સાધનોને કરવા દેવાં જોઈએ. માત્ર સાધનો જ નહીં બીજી વ્યક્તિઓનો પણ લાભ લઈ શકાય. 'હૃદય'નો એકમ ભણાવતાં પહેલાં કે પછી ડોક્ટરને આમંત્રણ આપી શકાય.

સિસ્ટમ અભિગમ સંદર્ભે તેનો યોગ્ય અમલ થાય તે માટે પોતાનો અભ્યાસક્રમ મેળવ્યા પછી શિક્ષક નીચે આપેલ મુદ્દાઓ અંગે વિચારી શકે :

- અભ્યાસક્રમમાં કયા એકમોમાં ટેપરેકોર્ડર વાપરી શકાય તેમ છે ?
- કયા એકમો પર રેડિયો ટી.વી. કાર્યક્રમોમાં વાર્તાલાપ આવવાના છે ? "માધ્યમિક શિક્ષણ પરીક્ષણ" સામયિક દ્વારા તેની માહિતી મળી શકે.
- કયા એકમો વિદ્યાર્થીઓ જાતે વાંચીને સમજી શકે તેમ છે ?
- કયા એકમો અંગે ભાષણબાજી રાખીને સ્વાધ્યાય આપી શકાય તેમ છે ?
- અમુક કૌશલ્ય ખીલવવા માટે કઈ પ્રવૃત્તિઓ ગોઠવી શકાય ?
- ફિલ્મ, સ્લાઈડ્સ વગેરે દ્વારા કયા એકમોનું શિક્ષણ વધુ સઘન બનાવી શકાય ?
- કયા એકમો પર અભિક્રમો તૈયાર થઈ શકે ?
- કઈ સંકલ્પનાઓ શિક્ષકે જાતે જ કા.પા.ની મદદથી સમજાવવી પડશે ?
- કયા મુદ્દાઓ અંગે ઈતર વાચન ચીંધીને લાઈબ્રેરીનો લાભ લઈ શકાય તેમ છે ?
- કયા મુદ્દાઓ અંગે 'એન્કાર્ટા' 'બ્રિટાનિકા' કે 'વર્લ્ડ બુક' જેવા એનસાઈક્લોપિડિયામાંથી ચિત્રો અને માહિતી વધુ પ્રમાણમાં મળી શકે એમ છે ? તે અંગે પૂર્વ આયોજન કરવું જોઈએ.

સિસ્ટમ અભિગમમાં બહુમાધ્યમ અભિગમ અત્યંત આવશ્યક છે. વર્ગ શિક્ષણ હવે જૂની પુરાણી શૈલીમાંથી બહાર આવવું જ જોઈએ.

નવા માધ્યમોનો ઉપયોગ જરૂર કરવો જોઈએ. હવે જ્ઞાનનો અગાધ સાગર ઈન્ટરનેટ દ્વારા પ્રાપ્ત થઈ શકે વિદ્યાર્થીઓ પણ સ્વયં સર્ફિંગ કરીને માહિતી એકત્ર કરી શકે તેની વર્ગમાં ઉત્તમ ચર્ચા કરી શકાય. આ રીતે શિક્ષણને સમૃદ્ધ કરી શકાય.

Scanned with CamScanner

# મલ્ટીમિડિયા પેકેજ (બહુમાધ્યમ સમૂહ)

- સુનિલ યાદવ, રોલ નં. ૪૧
- યોગેશ વસાવા, રોલ નં. ૮

### મલ્ટીમિડિયા વડે બહુવિધ-બુદ્ધિ ક્ષમતાની વૃદ્ધિ કરવી :

મલ્ટીમિડિયા ટેક્નૉલોજી એ શીખનાર - જે બહુવિધ બુદ્ધિક્ષમતા ધરાવે છે, તેની વૃદ્ધિ કરી શકે છે. શિક્ષણ પ્રત્યેના રચનાત્મક-અભિગમ મુજબ, સુગઠિત - સંકલિત મલ્ટીમિડિયા અને બહુવિધ - બુદ્ધિ ક્ષમતાઓએ શીખનારની સક્રિય ભાગીદારીમાં સુધારણા કરી શકે છે અને શિક્ષણ-પ્રક્રિયાની ગુણવત્તામાં સુધારો કરી શકે છે. આ લેખ એ દર્શાવશે કે કેવી રીતે મલ્ટીમિડિયા બહુવિધ-બુદ્ધિ ક્ષમતાઓને સમૃદ્ધ કરે છે અને તેના ઉપયોગને આધાર આપે છે.

### બહુવિધ-બુદ્ધિક્ષમતાઓ :

માનવીઓ અલગ પદ્ધતિએ માહિતી-પ્રક્રિયા અને માહિતી એકત્રીકરણ કરે છે. ડૉ. હાવર્ડ ગાર્ડનરે આઠ વિશિષ્ટ બુદ્ધિ ક્ષમતાઓ તરીકે શિક્ષણની અલગ-અલગ પદ્ધતિઓની ઓળખ આપેલ છે : તાર્કિક, ગાણિતિક, આંતર-વ્યક્તિગત, સંગીતલક્ષી, કાઈનેસ્થેટીક, સ્વભાવગત, ભાષાકીય અને દૃશ્યાત્મક-અવકાશાત્મક.

### મલ્ટીમિડિયા બહુવિધ-બુદ્ધિક્ષમતાને કેવી રીતે સમૃદ્ધ કરે છે ?

શિક્ષણ જે એક પડકારનો સામનો કરે છે તે એ છે કે શિક્ષણ વાંછુઓને વિષયલક્ષી શિક્ષણ અંગેની સામગ્રી કેવી રીતે પૂરી પાડવી કે જેમનું જ્ઞાન-ભંડોળ એ તેમની શીખવાની પદ્ધતિ (બુદ્ધિ ક્ષમતા) ઉપર આધારિત છે. ગાર્ડનર દલીલ કરે છે કે "વિદ્યાર્થીઓની વધુ સારી સેવા થાય જો વિષયવસ્તુ અનેક રીતે રજૂ કરી શકાય." સ્લોવેનીયામાં મેરીબોર યુનિવર્સિટીમાં જુદા જુદા માધ્યમો પરત્વેની મગજની પ્રવૃત્તિઓને માપવા માટે ઈ.ઈ.જી.નો પ્રયોગ કરવામાં આવેલો હતો. આ અંગેનો વૃત્તાંત અહીં દર્શાવેલ છે.

**વિષય :** નિદર્શમાં માનસશાસ્ત્રનાં અભ્યાસક્રમમાં પ્રવેશ પામેલો ૨૦.૭ વર્ષની વય ધરાવતાં (સરેરાશ) ૩૮ વિદ્યાર્થીઓ - શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમાં ૧૯ (૬ પુરુષો અને ૧૩ સ્ત્રીઓ)એ કુદરતી રીતે જ તેજસ્વી-પ્રતિભાશાળી હતાં. (બુદ્ધિઆંક ૧૩૦-૧૪૦) બીજા ૧૯ (પુરૂષો અને ૯ સ્ત્રીઓ)એ સરેરાશ બુદ્ધિક્ષમતા ધરાવતા હતાં અને ખાસ પ્રતિભા ધરાવતાં ન હતાં.

**પ્રક્રિયા :** દરેક વિદ્યાર્થી કમ્પ્યૂટરની સામે ખુરશી ઉપર વિરાજમાન હતા. માધ્યમ-પ્રકારો અલગ-અલગ મિશ્રણમાં હાજર હતા જેમ કે : લખેલી-લેખિત માહિતી, ધ્વનિ, ચિત્ર અને વિડીયો. દરેક વ્યક્તિ માટે પ્રેઝન્ટેશન-પ્રસ્તુતિકરણનો ક્રમ નક્કી કરાયેલો હતો. પ્રેઝન્ટેશન-પ્રસ્તુતિકરણ એ નીચે મુજબ હતાં.

(૧) લેખિત-માહિતીની રજુઆત મંગળ ગ્રહ વિશે હતી અને તે કાગળના ટૂકડા ઉપર લખાયેલું હતું. તેના વડે વ્યક્તિઓને જે લેખિત-માહિતી પૂરી પાડવામાં આવેલી હતી તેનું માનસિક રીતે દૃશ્યાંકન કરવામાં સરળતા થઈ.

(૨) ચિત્રાત્મક-નિદર્શન એ મૌખિક રીતે પૂરી પાડવામાં આવેલી માહિતી અને કમ્પ્યૂટર મોનિટર દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી વડે તૈયાર થયેલું હતું. માહિતી એ મંગળ ગ્રહના માળખા-રચના દર્શાવતાં ચિત્રો અને સંગીતનો સમન્વય ધરાવતી હતી. (ગાર્ડનર-૧૯૯૩). સરળતાપૂર્વક જણાવતા, આપણે

Scanned with CamScanner

વિદ્યાર્થીઓનાં શિક્ષણને-શીખવાની પ્રક્રિયાને તેમની બુદ્ધિક્ષમતા વડે વૃદ્ધિ કરી શકીએ છીએ. મલ્ટીમિડિયાએ અન્ય માધ્યમો પણ પૂરાં પાડે છે કે જે આ બુદ્ધિક્ષમતાઓની વૃદ્ધિ કરે છે. જેમ કે કી બોર્ડ, માઉસ કે ટચ-વિંડોની મદદ વડે સોફ્ટવેર આધારિત પ્રોગ્રામોની મદદથી આંતર ક્રિયાત્મક-પ્રવૃત્તિઓ કે જે બુદ્ધિક્ષમતાઓની વૃદ્ધિ કરે છે. દશ્યો-આકૃતિઓ અને વિડીયોનું સર્જન અને સંચાલન તેઓને દૃશ્યાત્મક-શક્તિ પૂરી પાડે છે. સી.ડી.રોમમાં દશ્યાત્મક-ચિત્રાત્મક બાબતો પોતાના બીજા વિષયોમાં પણ સહાયભૂત થાય છે. ભાષામાં સબળ વિદ્યાર્થીઓ ઓન-લાઈન - વાર્તાઓ અને જર્નલો વાંચી શકે છે. ધ્વનિકીય-બાબતો સંબંધિત મલ્ટીમિડિયા પ્રોગ્રામો સંગીતની બાબતમાં સબળ વિદ્યાર્થીઓ માટે પોતાની શીખવાની પ્રક્રિયાને વધારે સબળ બનાવવા માટે ઉપયોગી સાબિત થાય છે. તાર્કીક/ ગાણિતીક બુદ્ધિક્ષમતાઓમાં વૃદ્ધિ કરવા માટે ઓનલાઈન-કેલ્ક્યુલેટરો, કે પ્રોબ્લેમ-સોલ્વીંગ સોફ્ટવેરનો ઉપયોગ કરી શકે છે. ચેટ-રૂમ્સ, ઈ-મેઈલ વગેરેનો ઉપયોગ કરીને પણ વ્યક્તિગત આવડતો-કૌશલ્યોમાં વૃદ્ધિ કરી શકે છે. અભ્યાસ-વિષય કે બાબતો અંગે ઓનલાઈન-સર્ચ પણ કરી શકાય છે.

**મલ્ટીમિડિયા અંગે આધારભૂત દલીલો :**

તાર્કીક/ગાણિતિક, ભાષાકીય કે અન્ય કોઈપણ પ્રકારની બુદ્ધિક્ષમતા માટે મલ્ટીમિડિયા સહાયભૂત થઈ શકે છે. કમ્પ્યૂટર ટેક્નૉલોજી રીસર્ચ (સી.ટી.આર.) સંસ્થાના અભિપ્રાય મુજબ "લોકો તેમણે જોયેલી બાબતોના માત્ર ૨૦% જેટલું જ યાદ રાખી શકે છે, પરંતુ જે તેમણે જોયેલું, સાંભળેલું અને એકસાથે કરેલું હોય તેમાંથી તેઓ લગભગ ૮૦% જેટલું યાદ રાખી શકે છે."

**મલ્ટીમિડિયાના ઉપયોગો : (Applications of Multimedia)**

મલ્ટીમિડિયાનો ઉપયોગ મુખ્યત્વે નીચે જણાવેલ ક્ષેત્રોમાં થાય છે.

(૧) મનોરંજન (Entertainment)
(૨) શિક્ષણ (Education)
(૩) તાલીમ (Training)
(૪) કાર્યાલય (Office)
(૫) વેબ (Web)

**(૧) મનોરંજન (Entertainment) :**

મલ્ટીમિડિયાનો સર્વ પ્રથમ ઉપયોગ વિજાણું સાધનો દ્વારા સંચાલિત રમતો (Games) માં થયો હતો. આવી રમતો બાળકોનાં મનોરંજન માટે ઉપયોગી છે. ઘણી રમતો તો એવી તૈયાર કરવામાં આવી છે કે જેમાં બાળકોની માનસિક કસરત પણ થાય છે. ગમ્મત અને જ્ઞાન મળે છે તથા સંગીતના પણ ઘણા સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યા છે. નાટક, ચલચિત્ર વગેરેમાં વિશિષ્ટ પ્રભાવ (Special Effects) દર્શાવવા માટે પણ મલ્ટીમીડીયા ખૂબ જ ઉપયોગી છે.

**(૨) શિક્ષણ (Education) :**

શાળા-કોલેજોમાં અને ઘરમાં પણ બાળકોને/વિદ્યાશિક્ષણ આપવા માટે મલ્ટીમિડિયાનો ઉપયોગ કરી શકાય. ધ્વનિ સાથે ચલચિત્રો, ચિત્રો કે ચાર્ટ રજૂ કરીને વિવિધ વિષયોનું અસરકારક શિક્ષણ આપી શકાય છે. હવે તો બજારમાં એવાં પણ સોફ્ટવેર ઉપલબ્ધ છે કે જેનો ઉપયોગ કરીને બાળકો જાતે જ શિક્ષણ મેળવી શકે છે.

**(૩) તાલીમ (Training) :**

આભાસી વાસ્તવિકતા (Virtual Reality) ઊભી કરીને વિવિધ કંપનીઓ પોતાનાં કર્મચારીઓને તાલીમ

Scanned with CamScanner

આપવામાં મલ્ટીમિડિયાનો ઉપયોગ કરે છે. મલ્ટીમિડિયા દ્વારા વાસ્તવિકતાનો એવો આભાસ કરાવવામાં આવે છે કે કર્મચારીને એમ જ લાગે કે તે હકિકતમાં કોઈ સાધન કે મશીન ઉપર તાલીમ મેળવી રહ્યો છે.

**(૪) કાર્યાલય (Office) :**

વિવિધ સંસ્થાઓનાં કાર્યાલયોમાં પણ વાર્તાલાપ, માહિતીની આપ-લે, ધ્વનિ રેકોર્ડિંગ વગેરે માટે પણ મલ્ટીમિડિયાનો ઉપયોગ થાય છે. કાર્યાલયમાં ઓલે (OLE)નો પણ ખૂબ ઉપયોગ થાય છે.

**(૫) વેબ (Web) :**

જ્યારે વેબની શરૂઆત થઈ ત્યારે ફક્ત લેખિત માહિતીનો જ તેમાં ઉપયોગ થતો હતો. પરંતુ ખૂબ જ ઓછા સમયમાં તેમાં આલેખો ઉમેરવામાં આવ્યા. ત્યારબાદ તો ચિત્ર, ચલચિત્ર, સંગીત વગેરેનો પણ તેમાં ઉપયોગ થયો. આ બધાનો ઉપયોગ કરીને વેબ પેજને વધુ આકર્ષક અને અસરકારક બનાવવામાં સફળતા મળી. આમ મલ્ટીમિડિયાએ વેબના વિકાસને ઝડપી બનાવવામાં ખૂબ જ મોટો ફાળો આપ્યો છે.

**પિક્સલ (Pixel) :**

ડિસ્પ્લે સ્ક્રીન (Display Screen) પર ચિત્રો કે પ્રતિકૃતિ (Picture or image) દર્શાવવા માટે સ્ક્રિનને નાનાં નાનાં ચોરસ બિંદુઓ કે (Cell) ધરાવતી જાળમાં વિભાજિત કરવામાં આવે છે. આ ચોરસને પિક્ચર એલીમેંટ (Picture Element) કે પિક્સલ (Pixel) કહે છે.

સામાન્ય રીતે સ્ક્રિન પર ૮,૦૦,૦૦૦ પિક્સલ હોઈ શકે છે. આ પિક્સલ પર નિયંત્રણ રાખવું, તેનો ઉપયોગ કરવો, તેને નામ આપવું વગેરે ક્રિયાને સંકલિત રીતે બિટ મેપીંગ (Bit Mapping) કહે છે.

**મલ્ટીમિડિયાનાં સાધનો (Tool of Multimedia) :**

મલ્ટીમિડિયા પ્રદર્શન તૈયાર કરવા અને રજૂઆત કરવા માટે જુદા જુદા સોફ્ટવેર અને સાધનોની જરૂર પડે છે. જેને આપણે મલ્ટીમિડિયા ટૂલ્સ તરીકે ઓળખીએ છીએ. તેમાંના કેટલાક ટૂલ્સની ચર્ચા કરીએ.

(૧) પેઈન્ટ એન્ડ ડ્રો (Paint & Draw)
    (અ) બિટમેપ ઈમેજ (Bitmap Image)    (બ) વેક્ટર ગ્રાફિક્સ (Vector Graphics)
(૨) ત્રિપરિમાણ દર્શક ગ્રાફિક્સ પ્રોગ્રામ (3D Graphics Programme)
(૩) એનિમેશન સોફ્ટવેર (Animation Software)
(૪) શેડર (Shader)
(૫) એન્ટી એલિયાસિંગ (Anti Aliasing)
(૬) મોર્ફિંગ (Morphing)
(૭) ડિઝિટલ સાઉન્ડ ડેટા (Digital Sound Data)
(૮) મ્યુઝિકલ ઈન્સ્ટ્રુમેન્ટ ડિઝિટલ ઈન્ટરફેસ-મીડી
(૯) થ્રી-ડી ધ્વનિ (3D Sound)
(૧૦) વિડીયો કોડેક (Video Compressor - Decompressor - Video Codec)
(૧૧) મલ્ટીમિડિયા પ્રદર્શન પ્રોગ્રામ (Multimedia Presentation Programme)
(૧૨) ઓથરિંગ સોફ્ટવેર (Authoring Software)
(૧૩) વિકાસ જૂથ (The Development Team)

Scanned with CamScanner

આવાં અનેક પ્રકારના મલ્ટીમિડિયાનાં સાધનો છે જેમાંથી કેટલાંક સાધનો વિશે ચર્ચા કરીશું.

**(૧) શેડર (Shader) :**

શેડર પ્રોગ્રામનો ઉપયોગ કરીને ત્રિપરિમાણ દર્શક વેક્ટર ગ્રાફિક્સમાં વિવિધ રંગનાં જુદા જુદા શેડ ભરી શકાય છે.

**(૨) એન્ટી એલિયાસિંગ (Anti Aliasing) :**

આપણે જાણીએ છીએ કે કોઈપણ ઈમેજ પિક્સલ દ્વારા તૈયાર થાય છે. ઈમેજની ચારેય બાજુની કિનારીએ આવેલાં પિક્સલને ચોક્કસ ઘાટ આપવાનું કાર્ય એન્ટી એલિયાસિંગ કરે છે. જેથી એક જ ચિત્રમાં અનેક ઈમેજીસ જુદી જુદી તારવી શકાય.

**(૩) મોર્ફિંગ (Morphing) :**

બે ઈમેજ ભેગી કરીને ત્રીજી ઈમેજ ઉપસાવવાનું કાર્ય મોર્ફિંગ કરે છે. દા.ત. જુવાન છોકરી અને પ્રૌઢ સ્ત્રીના ફોટોગ્રાફ્સથી શરૂ કરીને બંનેનાં લક્ષણો ધરાવતી મોર્ફિંગવાળી ત્રીજી ઈમેજ દર્શાવી શકાય. જ્યારે આવી ઈમેજમાં એનિમેશનનો ઉપયોગ કરવામાં આવે ત્યારે જુવાન છોકરી વૃદ્ધ થતી દેખાય છે અને કોઈ ત્રીજી ઈમેજ જોવા મળે છે.

**(૪) થ્રી-ડી ધ્વનિ (3D Sound) :**

નાટ્યગૃહ કે સિનેમાગૃહ જેવા ધ્વનિ રેકોર્ડ કરવા - સાંભળવા માટે આધુનિક સમયમાં જે ધ્વનિ કાર્ડ (Audio Card) નો ઉપયોગ થાય છે. તેને થ્રી-ડી સાઉન્ડ કાર્ડ કહે છે. આવો ધ્વનિ સાંભળવા માટે વિશિષ્ટ સ્પીકરની જરૂર પડે છે. હાલમાં ઘણાં છબીગૃહો અને નાટયગૃહોમાં થ્રી-ડી સાઉન્ડ સીસ્ટમનો ઉપયોગ થાય છે.

**(૫) મલ્ટીમિડિયા પ્રદર્શન પ્રોગ્રામ (Multimedia Presentation Programme) :**

એક વખત મલ્ટીમિડિયા પ્રદર્શન પ્રોગ્રામ તૈયાર થઈ ગયા પછી તેને રજૂ કરવા માટે જે પ્રોગ્રામની જરૂર પડે તેને મલ્ટીમિડિયા પ્રદર્શન પ્રોગ્રામ કહેવાય. દા.ત. MS-POWER POINT દ્વારા આપણે આકર્ષક રસપ્રદ ધ્વનિ સહિત અને માહિતી સભર આંતર ક્રિયાત્મક (interactive) કે સ્વયં સંચાલિત મલ્ટીમિડિયા પ્રદર્શન રજૂ કરી શકીએ છીએ.

આમ વિવિધ સાધનો વિશે માહિતી મેળવ્યા બાદ મલ્ટીમિડિયા કાર્યક્રમના પ્રદર્શન વિશે ચર્ચા કરીશું.

**મલ્ટીમિડિયા કાર્યક્રમનું પ્રદર્શન (Multimedia Presentation) :**

- મલ્ટીમિડિયા કાર્યક્રમના પ્રદર્શન માટે સામાન્ય રીતે નીચે જણાવેલા સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.

(૧) મલ્ટીમિડિયા કમ્પ્યુટર (Multimedia Computer)

(૨) કિયોસ્ક (Kiosk)

(૩) ટેલિવિઝન સ્ક્રીન (Television Screen)

(૪) સ્લાઈડ પ્રોજેક્ટર (Slide Projector)

(૫) કોર્ડલેસ માઉસ (Cordless Mouse)

હવે આપણે ઉપર જણાવેલ સાધનો વિશે ટૂંકમાં ચર્ચા કરીશું.

Scanned with CamScanner

**(૧) મલ્ટીમિડિયા કમ્પ્યૂટર (Multimedia Computer) :**

મલ્ટીમિડિયા પ્રદર્શન માટેની સગવડ ધરાવતાં કોઈપણ કમ્પ્યૂટરના મોનિટર ઉપર મલ્ટીમિડિયા કાર્યક્રમો જોઈ શકાય છે. એલ.સી.ડી. (Liquide Crystal Display LCD) પેનલનો ઉપયોગ કરીને મોટા પડદા ઉપર પણ આવા કાર્યક્રમ જોઈ શકાય છે. LCD દ્વારા પડદા ઉપર પ્રક્ષેપણ (Projection) કરવા માટે તેને કમ્પ્યુટર સાથે જોડવામાં આવે છે અને ઓવરહેડ પ્રોજેક્ટર પર મૂકવામાં આવે છે. કમ્પ્યુટર ચાલુ કરતાં તેની સમગ્ર માહિતી LCD પર આવે છે અને OHP દ્વારા તે દૃશ્ય મોટા સ્વરૂપે OHPની સામે મૂકેલ પડદા ઉપર જોઈ શકાય છે. આનો ઉપયોગ કરવાથી એક જ સમયે ઘણા લોકો (સમગ્ર વર્ગ-સભા) કમ્પ્યૂટર દ્વારા રજૂ થતી માહિતી જોઈ શકે છે.

**(૨) કિયોસ્ક (Kiosk) :**

ઘણી વાર સ્ક્રીન પર કોઈ બાબત અંગે સંપૂર્ણ માહિતી આપી શકાતી નથી. ઘણી લાંબી માહિતીને જુદા જુદા શીર્ષક કે પેટા શીર્ષક હેઠળ વહેંચી દેવામાં આવે છે અને ફક્ત તે શીર્ષક કે પેટા શીર્ષક કમ્પ્યુટર સ્ક્રીન પર દેખાડવામાં આવે છે. સ્ક્રીન પર દર્શાવવામાં આવેલ માહિતીના સંદર્ભમાં વધારાની વિગતો જાણવી હોય તો સ્ક્રીન પર જે તે માહિતી પર આંગળી મૂકવાથી તેને લગતી વિગતો આપોઆપ સ્ક્રીન પર જોવા મળશે. આવી સગવડ આપતાં કમ્પ્યૂટરને કિયોસ્ક કહેવામાં આવે છે.

**(૩) ટેલિવિઝન સ્ક્રીન (Television Screen) :**

ટેલિવિઝન સ્ક્રીન ઉપર પણ મલ્ટીમિડીયા પ્રદર્શન થઈ શકે છે. પરંતુ આપણે જાણીએ છીએ કે ટેલિવિઝન ફક્ત અનુરૂપ સિગ્નલ્સ સ્વીકારે છે. તેથી કમ્પ્યૂટરનાં સાંખ્યિક સિગ્નલને અનુરૂપ સિગ્નલમાં ફેરવવા માટે કમ્પ્યૂટરમાં એક એડપ્ટર કાર્ડ લગાડવું પડે છે. આ એડપ્ટર કાર્ડને કન્વર્ટર (Scan Converter) કહેવામાં આવે છે.

**(૪) સ્લાઈડ પ્રોજેક્ટર (Slide Projector) :**

કમ્પ્યૂટર દ્વારા નિયંત્રિત સ્લાઈડ પ્રોજેક્ટરનો ઉપયોગ કરીને પણ મલ્ટીમિડિયા કાર્યક્રમો જોઈ શકાય છે. કમ્પ્યૂટરમાં શ્રૃંખલા પોર્ટ (Serial Port)નો ઉપયોગ કરીને સોળ પ્રોજેક્ટર એક સાથે કમ્પ્યુટરમાં જોડી શકાય છે. જેથી એક સાથે ઘણી વ્યક્તિઓ કાર્યક્રમ જોઈ શકે છે. હવે તો ડિઝિટલ ટેલીવિઝન પણ બજારમાં મળતાં થયાં છે. જે સાંખ્યિક સિગ્નલને યોગ્ય સ્વરૂપે દર્શાવી શકે છે.

**(૫) કોર્ડલેસ માઉસ (Cordless Mouse) :**

કોર્ડલેસ માઉસને હાથમાં રાખીને કમ્પ્યુટર સ્ક્રિન ઉપર માઉસ પોઈન્ટરને ગમે તે દિશામાં મોકલી શકાય છે. જ્યારે પ્રદર્શનકર્તા હલન ચલન કરતાં કરતાં મલ્ટીમિડિયાનું પ્રદર્શન કરવા માંગતો હોય ત્યારે કોર્ડલેસ માઉસ ખૂબ ઉપયોગી છે. તે ફક્ત હાથના ઈશારે કામ કરે છે જેથી તેને સલામતીય સપાટી પર મૂકીને ફેરવવું પડતું નથી. આ કમ્પ્યુટરના રિમોટ કંટ્રોલ જેવું કાર્ય કરે છે.

**બહુ માધ્યમ સંપુટનો ઉપયોગ કરતા ધ્યાનમાં રાખવાની બાબતો :**

(૧) બહુ માધ્યમ સંપુટનો ઉપયોગ વર્ગમાં કરતાં પહેલા બાળકને જરૂરી સૂચનો આપો.
(૨) મહત્ત્વના મુદ્દાની નોંધ કરવા માટે નોંધ-પોથી તૈયાર કરાવવી. સંપુટની અજમાયશ પછી વર્ગખંડમાં તેની ચર્ચા આદરવી.
(૩) શુષ્ક વિષયનાં શિક્ષણકાર્યને આ સંપુટો દ્વારા મનોરંજન દ્વારા માહિતી સભર બનાવી શકાય છે.

Scanned with CamScanner

(૪) વિષય વસ્તુને ચિત્રો દ્વારા રજૂ કરી શકાય છે.
(૫) મોટા પાયા પર સંપુટનું નિર્માણ થાય તો એકમદીઠ ખર્ચ ઘટી શકે છે.
(૬) એક શાળા એક વિષયાંગ પર સંપુટ તૈયાર કરે પછી બીજી શાળાઓ પણ તેનો ઉપયોગ કરી શકે તેવી વ્યવસ્થા પૂરી પાડવી જેથી વિદ્યાર્થીઓનો મોટો ભાગ તેનો ઉપયોગ કરી શકે.
(૭) આ પ્રકારના બહુ માધ્યમ સંપુટ ગ્રામ વિસ્તાર, આદિવાસી શાળામાં ઉપલબ્ધ બને તો શાળા પ્રત્યેનું બાળકોનું આકર્ષણ વધે છે.
(૮) અપવ્યય અને સ્થગિતતાના પ્રશ્નો હળવા બને છે.
(૯) શિક્ષણ વિભાગ તેમજ તાલીમી કોલેજોએ જુદા જુદા વિષયોનાં સંપુટો તૈયાર કરવા જોઈએ. પોતાના વિસ્તારની શાળાઓમાં ઉપયોગ થાય તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

**બહુ માધ્યમ સંપુટના લાભ :**

(૧) વિષયવસ્તુનું શિક્ષણ રસપ્રદ બને છે. જેથી અધ્યેતા અધ્યયન માટે તત્પર બને છે.
(૨) વિદ્યાર્થીઓ સ્વ-અધ્યયન કરી શકે છે. ફ્રી તાસમાં અથવા શિક્ષકની ગેરહાજરી હોય ત્યારે, શિક્ષક નાદુરસ્ત હોય ત્યારે વર્ગનું શિક્ષણકાર્ય બગડતું નથી.
(૩) વિદ્યાર્થીઓ દૃઢીકરણ કાર્ય સહેલાઈથી કરી શકે છે. આ રીતે વિષયવસ્તુ આત્મસાત્ કરી શકે છે.
(૪) તજ્જ્ઞ, અનુભવી શિક્ષકોના જ્ઞાનનો લાભ સંપુટ થકી મેળવી શકે છે અને પાઠ્યપુસ્તક કરતાં વિસ્તૃત માહિતી મેળવી શકે છે.
(૫) શિક્ષકનું વ્યાખ્યાન ઘટે છે.
(૬) વિદ્યાર્થીઓને વર્ગખંડમાં જકડી રાખવાનું શક્ય બને છે.
(૭) ગેરહાજર વિદ્યાર્થી ફુરસદના સમયે શિક્ષણકાર્ય કરી શકે છે.
(૮) કઠિન વિષયવસ્તુની બહુ માધ્યમ સંપુટ દ્વારા સરળતાથી રજૂઆત થઈ શકે છે.
(૯) અધ્યેતાની આંખ અને કાનની કેળવણી એક સાથે થાય છે તેથી અભ્યાસ માટે પ્રેરિત થાય છે.
(૧૦) વિદ્યાર્થી માત્ર મૂક શ્રોતા બની ન રહેતાં વર્ગખંડમાં સક્રિય રહે છે.
(૧૧) વિદ્યાર્થીઓની પહેલવૃત્તિ વધે છે.
(૧૨) આ પ્રકારનાં સંપુટો દ્વારા શિક્ષણની વ્યાવસાયિક સજ્જતા વધે છે.

**ઉપસંહાર :**

બહુ માધ્યમ વિશે તેના ઉપયોગો વિશે વિવિધ સાધનો વિશે માહિતી મેળવી જેના દ્વારા શિક્ષણ કાર્ય જ નહીં પણ સરકારી કામો ઉદ્યોગોમાં, ફેક્ટરીઓમાં પણ ઘણું ઉપયોગી છે તથા જેમ કહેવાય છે કે ૨૧મી સદી એ ઈન્ફર્મેશન ટેક્નૉલોજીની સદી છે તથા હજુ પણ અવનવી શોધખોળો ચાલી રહી છે તો ભવિષ્યમાં શિક્ષણક્રિયા ઘણી સરળ હશે અને જે પાછળનાં સૌ વર્ષોમાં નથી થયું તે આગળના ૧૦ વર્ષમાં જોવા મળશે.

તથા શિક્ષણના વૈયક્તિકરણ પર જો ભાર મૂકવામાં આવે તો બહુમાધ્યમ સંપુટોની રચના અંગેના સઘન પ્રયાસો અનિવાર્ય બને. દૂરઅધ્યયન, ઉપચારાત્મક શિક્ષણ, પ્રભુત્વ અધ્યયન અને વૈયક્તિક અધ્યયન માટે તેનો ઉપયોગ ખૂબ જ અર્થ સૂચક છે.

જો કે બહુમાધ્યમ સંપૂટની રચના એ ખૂબ જ સંવેદનાપૂર્ણ, મુશ્કેલ અને સમયનો ભોગ માંગનારું કાર્ય છે. પરંતુ આ બધા માટે શિક્ષકને પૂરતી તાલીમ આપી શકાય. યંત્રીકૃત સાધનોના ઉપયોગ અંગે, યંત્રોતર સામગ્રીની રચના અંગે અને બહુમાધ્યમ સંપૂટો તૈયાર કરવા અંગેના ટૂંકા ગાળાના ઓપવર્ગો યોજી શકાય.

Scanned with CamScanner

# જ્ઞાનનું વ્યવસ્થાપન

- હેમાંગીની ડી. પ્રજાપતિ (રોલ નં. ૩૪)

"જ્ઞાન એક શક્તિ છે" એ મહામંત્ર ભારતીય સંસ્કૃતિનાં વેદાન્તિક સાહિત્યમાં પ્રાપ્ય છે. જેને કાળક્રમે ગૌણ ગણી માનવીએ ધન અને સાધનોને શક્તિ તરીકે ઓળખવાનું શરૂ કર્યું. વર્તમાન સમયે માહિતી અને જ્ઞાન આ બે શબ્દો ઔદ્યોગિક અને સંચાલકીય પરિભાષામાં અત્યંત મહત્ત્વના બન્યા છે. વિવિધ સફળ કંપનીઓના સંચાલકોની સફળતા પાછળ ધન કે સાધનોનો ફાળો નથી. પરંતુ તે તેના જ્ઞાન સંચાલનનું પરિણામ છે.

આજના વર્તમાન માહિતી ટેક્નૉલોજીના યુગમાં, માહિતી અને જ્ઞાનના ઉપયોગને કારણે આજે તેઓ માહિતી ટેક્નોલોજીના એક ભાગરૂપે અનિવાર્ય બની ગયા છે. માહિતી અને જ્ઞાનનું અસરકારક રીતે વ્યવસ્થાપન કરવાથી જ કોઈપણ સમાજનો વિકાસ થાય છે. આ કાર્ય સમાજમાં ગ્રંથપાલો અને માહિતી વ્યવસાયિકો દ્વારા કરવામાં આવે છે અને તેથી જ તેઓ માટે માહિતીનું વ્યવસ્થાપન કરવું એ એક પડકાર સ્વરૂપ છે.

આ પડકાર સાકારિત કરવા જ્ઞાન સંચાલનના જે તે ક્ષેત્રમાં સતત સુધારો થતો રહે છે. કમ્પ્યૂટર આપમેળે પોતાનું કાર્ય કરી શકતું નથી. જ્ઞાનને કેન્દ્રમાં રાખી કાર્ય લેવાથી જ શ્રેષ્ઠ પરિણામો હાંસલ થઈ શકે છે. જ્ઞાન સંચાલનને કારણે જ આજે જ્ઞાનમાં સ્રોતોની સંગ્રહ પદ્ધતિઓમાં પણ ફેરફારો લાવીને પરંપરાગત રીતે સ્ત્રોતોને સંગ્રહવાની પદ્ધતિમાં ફેરફાર લાવીને આધુનિક રૂપે, ફ્લોપી, સી.ડી. રોમ વગેરેમાં રૂપાંતરિત કરી નાંખ્યા છે. આમ જ્ઞાન સંચાલન એ માહિતી કે જ્ઞાન સંગ્રહ અને પુનઃ પ્રાપ્તિને સરળ બનાવતી એક વ્યવસ્થાકીય પદ્ધતિ છે.

**જ્ઞાન સંચાલનની વ્યાખ્યા : (Definition of knowledge Management)**

- 'જ્ઞાન સંચાલન' શબ્દ સમૂહનો ઉપયોગ સૌપ્રથમ ૧૯૮૯માં થયો અને ત્યારબાદ ઘણા સંચાલનીય જર્નલ્સમાં આ વિષય પર આર્ટીકલ્સ રજૂ થયા.
- પીટર ડુક્ક અને જેમ્સ ક્વીનના મત મુજબ "જ્ઞાન સંચાલન એ એક એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા ચોક્કસ અને વિશાળ દૃષ્ટિ, સંસ્થાકીય નેટવર્ક, નિર્ણય પ્રક્રિયાઓ અને શ્રેષ્ઠ રીતે કાર્ય પાર પાડવા શીખવા માટેની જે તે સંસ્થાને શીખવતી ચાવી છે."
- નોનકાના મત મુજબ :

  "જ્ઞાન સંચાલન એ અસરકારક રીતે સંચાલન કરવા માટેનું એવું સ્વરૂપ છે કે જે સમગ્ર માનવીય સ્રોતોને તેના લક્ષ્ય નજીક લઈ જાય છે."

  આમ, જ્ઞાન સંચાલન એ પ્રક્રિયાઓનો સમૂહ છે અને તે જ્ઞાનના સર્જન અને તેના ઉપયોગો દ્વારા જે રીતે સંસ્થાના અગત્યના નિર્ણયો કે જે તેના ઉદેશો પાર પાડવામાં સહાયરૂપ બને છે.

**જ્ઞાન સંચાલનના હેતુઓ :**

જ્ઞાન સંચાલનના હેતુઓ નીચે મુજબ છે.

- જ્ઞાન સંચાલનથી જ્ઞાનના સમગ્ર ભાગનો અભ્યાસ થાય છે.

Scanned with CamScanner

- જ્ઞાન સંચાલનનો ક્યારેય અંત થતો નથી.
- જ્ઞાન સંચાલનથી જ્ઞાનના વ્યવસ્થાપન કાર્યમાં સુધારણા થાય છે.
- જ્ઞાન સંચાલનથી જ્ઞાનની ભાગીદારી અને જ્ઞાનનો ઉપયોગ ઘણી વાર કૃત્રિમ રીતે કાર્ય કરે છે.
- જ્ઞાન સંચાલનથી માણસ અને ટેક્નૉલોજીનો અસરકારક સમન્વય સાધી શકાય છે.
- જ્ઞાન સંચાલન એ જેમની પાસે જ્ઞાન છે. તે અને જેઓને જ્ઞાનની જરૂરિયાત છે તે બંને વચ્ચે એક બ્રોકર તરીકેનું કાર્ય કરે છે.
- જ્ઞાન સંચાલન એ નકશા અને મોડેલ કરતાં વધુ અસરકારક અને સરળ છે.
- જ્ઞાન સંચાલનને સરળ જ્ઞાન મેનેજરની મદદથી બનાવીને તેનો વ્યાપક ઉપયોગ કરી શકાય છે.
- જ્ઞાન સંચાલનથી માહિતીની પુનઃપ્રાપ્તિ એકદમ સરળ બની જાય છે.
- જ્ઞાન સંચાલનને કારણે ઉપયોગકર્તાને જ્ઞાનની શોધમાં એકદમ સરળ રહે છે.
- જ્ઞાન સંચાલનને કારણે સમયની બચત થાય છે.
- જ્ઞાન સંચાલનને કારણે વહીવટી કાર્યમાં પણ સરળતા રહે છે.

આમ, ઉપરોક્ત હેતુઓ જોતાં એવું કહી શકાય કે જ્ઞાન સંચાલન એ માહિતી સંચાલનમાં વધારો દર્શાવે છે.

**માહિતી સંચાલન અને જ્ઞાન સંચાલન :**

ઘણી વખત આપણે માહિતી અને જ્ઞાનને સમાનાર્થી તરીકે ઉપયોજીએ છીએ કારણ કે આપણે આ બંને શબ્દો વચ્ચેનો ભેદ સ્પષ્ટ પાડી શકતા નથી. પણ હકીકતમાં આ બંને શબ્દો અલગ-અલગ પોતાનો અર્થ ધરાવે છે. જ્ઞાનના સંચાલનમાં માહિતી સંચાલનની પ્રવૃત્તિઓનો જ સમાવેશ થતો નથી. પરંતુ નવા જ્ઞાનના સર્જનમાં અને તેના ઉપયોગ માટેની સંગ્રહ માટેની, નવી નવી પદ્ધતિઓ કે કાર્યવિધિઓનો પણ સમાવેશ થાય છે.

માહિતી સંચાલન સામાન્ય રીતે વર્તમાન માહિતી સાથે કે પ્રલેખમાં જે માહિતી રહેલી છે. તેની સાથે સંબંધિત છે જ્યારે જ્ઞાન સંચાલન એ ફક્ત પ્રલેખમાં રહેલી માહિતી સાથે જ સંબંધિત નથી. પરંતુ કર્મચારીના મગજમાં રહેલા જ્ઞાન સાથે પણ સંબંધિત છે.

માહિતી સંચાલન એ માહિતી અને તેની સાથે સંકળાયેલ બાબતોને લઈને સંચાલન એ સામાન્ય રીતે જે જ્ઞાન સરળતાથી વ્યવસ્થિત થઈ શકતું નથી. તેને વ્યવસ્થિત કરવાની જવાબદારી ઉપાડી રહ્યું છે. અને એવું વાતાવરણ ઊભું કરે છે કે જેમાંથી નવા જ્ઞાનનું સર્જન થાય અને આ જ્ઞાનનો ઉપયોગ પણ કરી શકાય કે જેનાથી સંસ્થાકીય વિકાસ પણ થાય છે.

**સારાંશ :**

જ્ઞાન સંચાલનથી કોઈપણ વ્યક્તિના વ્યક્તિત્વમાં નિખાર લાવીને તેની શ્રેષ્ઠતમ કાર્યપ્રણાલીને બહાર લાવી શકાય છે.

વળી, જ્ઞાન સંચાલનથી કર્મચારીઓ વચ્ચેની કાર્યપ્રણાલીનો સંબંધ શ્રેષ્ઠત્તમ જળવાઈ રહે છે. આજના આ ઈન્ફોટેકના યુગમાં જ્ઞાન સંચાલનને અપનાવ્યા સિવાય કોઈ છૂટકો જ નથી અને નવા જૂના કર્મચારીઓમાં જ્ઞાનનું સિંચન કરવું હવે અતિ અનિવાર્ય બન્યું છે અને એટલા માટે જ ૨૧મી સદીને અનુરૂપ માનવઘડતર માટે વૈજ્ઞાનિકો અને જ્ઞાન સમાજ રચવો જ પડશે. તે માટે જ્ઞાનનું સંચાલન હવે અનિવાર્ય ગણાવું જોઈએ.

Scanned with CamScanner

# નેનો લર્નિંગ એટલે કે સૂક્ષ્મ સ્તર ઉપરની શિક્ષણ-પ્રાપ્તિ

ભાવસાર રૂપલ ચીનુભાઈ (રોલ નં. ૩૦)

આજકાલ 'નેનો ટેક્નૉલોજી' શબ્દ જ્યાં ત્યાં સાંભળવા મળે છે અને જ્યારથી રતન ટાટાએ નેનો કાર, ૧ લાખ રૂપિયામાં આપવાની જાહેરાત કરી છે ત્યારથી સમગ્ર વિશ્વ આ 'નેનો' કાર વિશે ચર્ચા કરી રહ્યું છે અને અન્ય કંપનીઓ પણ એ પ્રકારની કારનું મોડલ બજારમાં મૂકવાની તજવીજ કરી રહ્યું છે.

'નેનો ટેક્નોલોજી'એ નવી વિકસતી ટેક્નૉલોજી છે. અણુઓ અને પરમાણુઓની પુનઃ રચના કરીને નવા બંધારણો પેદા કરવા અને તેની મદદથી નવી પદ્ધતિઓ તથા સાધનોનું નિર્માણ કરવું એટલે નેનો ટેક્નૉલોજી પર્યાવરણમાં સુધારાઓ કરવા આ ટેક્નૉલોજી મદદરૂપ થશે. કેટલીય કક્ષાએ ઉપચાર કરી શકાશે. વ્યાપક પ્રમાણમાં ઊર્જા મેળવી શકાશે.

'નેનો ટેક્નૉલોજી' શબ્દ સૌ પ્રથમ ૧૯૭૦માં એરિક ડ્રેક્સલરે આપ્યો હતો. ગ્રીક ભાષામાં 'નેનો' એટલે 'વામન' એવો અર્થ થાય છે. તેમાં એક કરતાં વધારે વિજ્ઞાનનો સમાવેશ થયેલો છે. તેને એટમિક એન્જીનિયરીંગ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેની સાથે એ. એફ. એમ. (એટમિક ફોર્સ માઈક્રો સ્કોપ) અને એસ.ટી.એમ. (સ્કેનિંગ એન્ડ ટનલિંગ માઈક્રોસ્કોપ) શબ્દો જોડાયેલા છે. દા.ત. મનુષ્યની આંખને નિહાળવાની, જોવાની મહત્તમ શક્તિ દસ હજાર એન.એમ.થી નાની વસ્તુ જોવાની નથી. પરંતુ નેનો ટેક્નોલોજીમાં મનુષ્યે ૧ એન.એમ.થી ઓછા કદની વસ્તુ સાથે કામ કરવાનું હોય છે. તે માટે એ.એફ.એમ. અને એસ.ટી.એમ. જેવાં સાધનો શોધાયા છે. ૧૯૮૧માં હેનરિક રોરે અને ગર્ડ બિનિંગે એસ.ટી.એમ.ની શોધ કરી તે માટે ૧૯૮૬માં તેમને સંયુક્ત રીતે નોબલ પ્રાઈઝ આપવામાં આવ્યું હતું.

નેનો ટેક્નોલોજીમાં ફુલરિન્સ એટલે કે બકીબોલ એ કાર્બનનું વિશિષ્ટ પ્રકારનું સ્વરૂપ છે. અમેરિકન સ્થપતિ બકમિન્સ્ટર ફુલરના નામ પરથી ફુલરિન્સ કે બકી બેલનું નામ નક્કી થયું છે. બકીબોલમાં કાર્બનના ૬૦ પરમાણુઓ ફુટબોલ આકારમાં ગોઠવાયેલાં હોય છે. આ અણુને ૬૦ તરીકે દર્શાવાય છે. તેમાં કાર્બનનો પ્રત્યેક પરમાણુ તેની પાસેના ત્રણ કાર્બન પરમાણુઓ સાથે જોડાઈને એ પોલા ગોળાકારની રચના કરે છે. જેનો વ્યાસ ૧ એન.એમ. જેટલો જ હોય છે. બકી બોલમાં ૧૨ પંચકોણ અને ૨૦ ષટકોણ હોય છે. બકી બોલ્સના વિસ્તૃત સ્વરૂપને કાર્બન નેનો ટ્યુબ કહેવાય છે. બકી બોલ્સનું લંબાવેલું સ્વરૂપ ગોળાકારને બદલે નળી આકારનું હોય છે. કાર્બન નેનોટ્યુબ ફુલરિન્સના નામે પણ ઓળખાય છે. બકી બોલ્સ એકમેકને સાથે જોડીને લાંબી હારમાળા બનાવી શકાય છે. રિચર્ડ સ્મોલીએ કાર્બન નેનો ટ્યુબ બનાવવાની રીત શોધી હતી. તેમાં પ્રત્યેક કાર્બન પરમાણુ બીજા ત્રણ કાર્બન પરમાણુઓ સાથે જોડાઈને ગોળાકારને બદલે નળાકારની રચના કરે છે. બકી બોલ્સમાંથી બનેલી કાર્બન નેનો ટ્યુબને બકી ટ્યુબ પણ કહેવાય છે. તે વજનમાં હલકી પોલાદની ટ્યુબ કરતાં ૧૦૦ ગણી તાણ ક્ષમતા ધરાવે છે. તેના અનેક ઉપયોગ છે. અહીં આ પ્રકારના નેનો લર્નિંગને સમજવા પ્રયત્ન કરીશું.

## નેનો-લર્નિંગ એ શું છે ?

આ સ્વાભાવિક પ્રગતિ અંગેનો એક મોટો મુદ્દો છે. ડિસટન્સ્-લર્નિંગ એટલે દૂરના સ્થળે બેસીને શીખવાની પદ્ધતિ (ડી-લર્નિંગ) ફ્લેક્સીબલ-લર્નિંગ એટલે અનુકૂળતા મુજબના સમયે શીખવાની પદ્ધતિ (ઓફ લર્નિંગ), ઈલેક્ટ્રોનિક્સ લર્નિંગ એટલે કે વીજળી સંચાલિત સાધનો વડે શીખવાની પદ્ધતિ (ઈ-લર્નિંગ), બ્લેન્ડેડ-લર્નિંગ એટલે કે એક કરતાં વધારે પદ્ધતિઓનો સુમેળ કરીને શીખવાની પદ્ધતિ (બી.લર્નિંગ) અને તેમાં તાજેતરમાં થયેલો ઉમેરો એટલે નેનો લર્નિંગ (એન લર્નિંગ)

Scanned with CamScanner

એન-લર્નિંગ (નેનો લર્નિંગ) ની પ્રમાણભૂત-વ્યાખ્યા માટે નીચેની માહિતી સમજીએ.

એન લર્નિંગ એ સૂક્ષ્મ સ્તરે શિક્ષણ આપવું અને સૂક્ષ્મ સ્તરે શિક્ષણ મેળવવા માટેની પદ્ધતિનું સમૂહવાચક નામ છે. સામૂહિક રીતે, એન-લર્નિંગ એ બાઈટના કદની માહિતીથી નાના-વિકસીત સાધનોની વહેંચીણીને આવરી લે છે. એન-લર્નિંગ એ માહિતીની ફરીથી ઉપયોગિતા ઉપર કેન્દ્રીત થાય છે. શીખવાની ક્રિયામાં સૂક્ષ્મકદના (નેનો) માહિતી ઘટકની ગતિશીલ અને અનુકૂળ હારમાળાની વૃદ્ધિ કરે છે. શીખવા ઈચ્છતા વ્યક્તિઓની ક્ષમતાને આપણે જાણીએ છીએ.

એન લર્નિંગનું સંશોધન એ અલગ અલગ શીખવાની પદ્ધતિઓ, મનોદશાઓ, પ્રેરણાઓ અને સંદર્ભોને પ્રોત્સાહન પૂરું પાડવાની પદ્ધતિઓને વિકસાવવાનું ચાલુ રાખે છે. આપણું પ્રાથમિક સંશોધન એ દર્શાવે છે કે એન લર્નિંગનો ઉપયોગ કરનારાઓએ આજની પદ્ધતિઓમાં બે કરતાં વધારે જ્ઞાનેન્દ્રિયોને ઉપયોગમાં લીધેલી છે. તે છે દૃશ્ય અને શ્રાવ્ય.

ભવિષ્યમાં નેનો લર્નિંગનો સંદર્ભ એ સ્પર્શ ઈન્દ્રિય અનુભૂતિ, હૂંફાળી કે ઠંડી અનુભૂતિઓ, લખાયેલી અનુભૂતિઓ અને સ્વાદ અને ગંધ કે જે નેનો-લર્નિંગમાં વિકસીત છે, તેનો પ્રયોગ કરાશે. એન લર્નિંગ એ શૈક્ષણિક રીતે અને પ્રકૃતિની રીતે તટસ્થ છે.

**નેનો-લર્નિંગના ઉપયોગના દૃષ્ટાંતો**

- **તબીબી વિષયક નેનો લર્નિંગ :**

તબીબી ક્ષેત્રમાં (મેડીકલ ક્ષેત્ર) નેનો લર્નિંગનો ઉપયોગ થઈ શકે છે. જે માટે ડોક્ટરોને છેલ્લામાં છેલ્લી ઔષધી અંગેની માહિતીથી વાકેફ કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં વિડીયોક્લીપ્સ, સૂચનાત્મક આકૃતિ, સર્વગ્રાહી ચકાસણી વગેરેનો ઉપયોગ થાય છે.

- **કોર્પોરેટ ક્ષેત્રમાં નેનો લર્નિંગ :**

કોર્પોરેટ ક્ષેત્ર, કંપનીમાં નેતાગીરીનાં ગુણો શીખવા ઈચ્છુક ઉમેદવાર માટે નેનો લર્નિંગ ટેક્નોલોજીનો ઉપયોગ કરી શકાય છે. મુખ્ય અધિકારી દ્વારા પૂછાયેલ એક પ્રશ્નનો એક મિનિટમાં જવાબ આપવાનો હોય છે.

- **ગ્રાહક અને નેનો લર્નિંગ :**

ગ્રાહકલક્ષી બાબતે પણ આ ટેક્નોલોજીનો ઉપયોગ થઈ શકે છે. સાઈકલ ખરીદનાર કુટુંબ સાઈકલના અંતિમ જોડાણની પ્રક્રિયા જોવા માગતું હોય તો તેવા કિસ્સામાં આ બાબત શક્ય બને છે.

- **પ્રવાસ ક્ષેત્રે નેનો લર્નિંગ :**

અજાણ્યા સ્થળોએ મુસાફરી કરનાર વ્યક્તિઓને આ ટેક્નોલોજી વડે જે તે સ્થળનો ઈતિહાસ, ભોજનાલય વગેરેની માહિતી અંગે જાણકારી પૂરી પાડી શકાય છે.

- **નેનો લર્નિંગનું પ્રશિક્ષણ :**

નેનો લર્નિંગનું પ્રશિક્ષણ ખૂબ અગત્યની બાબત છે. તેમાં આપણે કલા, વિજ્ઞાનના તત્ત્વોનો પણ સમાવેશ કરીએ છીએ. નેનો-ટેક્નોલોજીની અસરકારકતાના દૃષ્ટિબિંદુથી મૂલ્યાંકન કરી શકાય છે. નેનો લર્નિંગ નિયમિત રીતે થવું જોઈએ. માલ્કમે નાના પ્રશ્નોના નાના ઉત્તરો આપીને આંતરક્રિયાના આદાન પ્રદાનની સંપૂર્ણ શિક્ષા પ્રાપ્તિ પ્રક્રિયાઓનું વર્ણન કર્યું છે. વિશ્વના અગ્રણી મેનેજમેન્ટ પ્રશિક્ષક ડૉ. માર્શલ ગોલ્ડસ્મીથે આ પ્રક્રિયાનો પ્રયોગ કરેલ છે. જેમાં દરરોજ સ્નાતક કક્ષાનો વિદ્યાર્થી તેમને બોલાવીને તેમનો દિવસ કેવો પસાર થયો તે અંગે ૧૦ પ્રશ્ન પૂછે અને આ ક્રિયા ૩ મિનિટ જેટલો સમય લે છે. આ ક્રિયા વિદ્યાર્થીઓ માટે ઊંચું શિક્ષણ મૂલ્ય ધરાવે છે.

Scanned with CamScanner

# પ્રકલ્પ આધારિત અધ્યયન

- પારૂલ પટેલ (રોલ નં. ૩૯)
- શિલ્પા ત્રિવેદી (રોલ નં. ૨૮)

શિક્ષણમાં અધ્યયની અનેક પ્રવિધિઓ, પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ છે. આવી પદ્ધતિઓ જેવી કે સ્વાધ્યાય પદ્ધતિ, જૂથ ચર્ચા પદ્ધતિ, નિરીક્ષણ પદ્ધતિ, પ્રોજેક્ટ પદ્ધતિ, સમસ્યા ઉકેલ પદ્ધતિ વગેરે.....

આ બધી પદ્ધતિઓ કરતાં પ્રોજેક્ટ પદ્ધતિ વધુ આનંદદાયક અને વર્ગવ્યવહાર સરળ બનાવનારી છે. આ પદ્ધતિમાં શિક્ષક તથા વિદ્યાર્થી બંનેની સક્રિય ભૂમિકા રહેલી હોવાથી આ પદ્ધતિ દ્વારા મેળવાતું શિક્ષણ જીવંત બને છે. આ બાળકેન્દ્રી પદ્ધતિ છે.

**''મેં સાંભળ્યું પણ હું ભૂલી ગયો, મેં જોયું પણ હું ભૂલી ગયો, પણ, મેં જાતે કર્યું, મને યાદ રહ્યું.''**

આમ બાળક જાતે કરે તેવું શિક્ષણ એટલે કે ક્રિયા દ્વારા, અનુભવ દ્વારા મળતું શિક્ષણ. અહીં બાળકને શીખવવા કરતાં શીખતો કરવાનો મુખ્ય ઉદ્દેશ રહેલો છે. જ્યારે બાળકને કંઈક નવું શીખવાની તાલાવેલી અને જિજ્ઞાસા જાગે ત્યારે તેને કુદરતી વાતાવરણમાં પર્યાવરણના ખોળે કાર્ય કરતો કરવો, સમસ્યાનું જાતે નિરાકરણ લાવતો કરવો એ પ્રોજેક્ટ છે.

ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના શબ્દોમાં કહીએ તો ''વિદ્યાર્થીઓની ઉત્તમ સર્જનાત્મક્તા, શિક્ષકોના સંકલિત પ્રવાહ હેઠળ બહાર લાવી શકાય. જુદા જુદા સ્તરે સામર્થ્ય પ્રદાન જ્ઞાનની શક્તિ દ્વારા થાય તો તે વિકસિત ભારતનાં રૂપાંતરણની ચાવી બની શકે.''

આપણા શિક્ષણ વારસાનાં પ્રણેતા સ્વ. ગીજુભાઈ બધેકાની વિચારસરણી હોય કે, તારાબહેન મોડકની કાર્યશૈલી, રવીન્દ્રનાથ ટાગોરનું શિક્ષણચિંતન હોય કે મહાત્મા ગાંધીજીની બુનીયાદી કેળવણી. આ બધામાં પણ પ્રોજેક્ટ પદ્ધતિ સમાયેલી જ છે.

**પ્રોજેક્ટ વર્ક માટે ધ્યાનમાં રાખવાની બાબતો :**

- પ્રોજેક્ટ કાર્યની સોંપણી કરતાં પહેલા વિદ્યાર્થીઓનાં પ્રોજેક્ટ માટેનો રસ અને ઉત્સુક્તા, કુતુહલવૃત્તિ પેદા થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું. આમ કરવાથી તે ઉમંગથી, સક્રિયતાથી ભાગ લેશે.
- પ્રોજેક્ટ કાર્યનું શૈક્ષણિક મૂલ્ય કે નીપજ હોવી જોઈએ. વળી તે વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ હોવો જોઈએ. સ્થળ અને સમયનો અંદાજ આપવો જોઈએ.
- પ્રોજેક્ટ કાર્યનું આયોજન વિદ્યાર્થીઓને સાથે રાખી કરવું જોઈએ. તેમના ઉપર પ્રોજેક્ટ લાદી ન દેવો જોઈએ.
- આ કાર્યથી વિદ્યાર્થીઓના પક્ષે કયો લાભ થશે ? તેમની કઈ શક્તિઓનો વિકાસ થશે, તેઓ નવું શું શીખશે તે બધી બાબતો અંગે અગાઉથી વિચારવું જોઈએ.
- પસંદ કરેલા વિષય, વિષયાંગના મુદ્દા અને પેટા મુદ્દા નક્કી કરી જૂથ બનાવવાં.
- દરેક જૂથના એક વિદ્યાર્થી નેતા અને એક જૂથ રીપોર્ટર રાખવો. તેમને તેમની કામગીરી સમજાવવી. કાર્યની વહેંચણી પ્રોજેક્ટની સફળતાનો પાયો છે તે ખાસ યાદ રાખવું.
- સંદર્ભ સાહિત્ય અને માહિતીનાં પ્રાપ્તિસ્થાનો અંગે સમજ અને માર્ગદર્શન આપવું.
- નિશ્ચિત સમયમર્યાદામાં પૂર્ણ થયેલા કામનો રીપોર્ટ મેળવી વર્ગમાં અન્ય જૂથ સમક્ષ અહેવાલ રજૂ કરાવવો. (મૌખિક રજૂઆત) વિદ્યાર્થીઓને ચર્ચામાં ભાગ લેતા કરવા.

Scanned with CamScanner

- અન્ય વિદ્યાર્થીઓને થયેલા અનુભવો પણ વર્ગ સમક્ષ રજૂ કરાવવા. જેથી બાળકોને આનંદ અને જ્ઞાન મળશે.
- જૂથ અહેવાલ વાચન વખતે, ચર્ચા-પ્રશ્નોત્તરી વખતે શિક્ષકે નેતૃત્વ લેવું. જરૂરી સલાહ-સૂચન અને માર્ગદર્શન આપવું.
- પ્રોજેક્ટના અહેવાલ ભીંતચિત્રો પર પણ લખી શકાય. અન્ય વર્ગના વિદ્યાર્થીઓને વંચાવવા માટે બુલેટિન બોર્ડ પર મૂકી શકાય.
- સર્વગ્રાહી પ્રોજેક્ટનું અહેવાલ વાચન પ્રાર્થના સંમેલનમાં કરાવી શકાય.
- વિદ્યાર્થીની પ્રોજેક્ટમાં જોડાવાની ધગશ, કામ કરવાની આવડત, રીતભાત, રજૂઆત, મદદની ભાવના વગેરેનું શિક્ષકે સતત મૂલ્યાંકન કરતા રહેવું જોઈએ.
- વિદ્યાર્થીની વ્યક્તિગત સામેલગીરીના આધારે, એકત્ર કરેલી માહિતી અને રજુઆતના આધારે ગુણ કે ગ્રેડ આપી શકાય. લેખિત કે મૌલિક મૂલ્યાંકનનો આ એક વિકલ્પ બની શકે અને તેના આધારે ઉપલા ધોરણોમાં સતત સર્વગ્રાહી મૂલ્યાંકનની શરૂઆત થઈ શકે.
- જૂથની સંખ્યા ૫ કે ૮ ની રાખી શકાય.
- ઉત્તમ આયોજન પ્રોજેક્ટ કાર્યની સફળતા માટે જરૂરી છે.
- અહીં શિક્ષકની ભૂમિકા સગવડ પૂરી પાડનાર તરીકેની હોવી જરૂરી છે. પ્રોજેક્ટ કાર્યનું જ્ઞાન શિક્ષક પાસે હોવું જરૂરી છે. ''શૈક્ષણિક મુદ્દાને પરોક્ષ રીતે સમાવી લઈ વિદ્યાર્થીને ખબર પણ ન પડે કે તે શીખી રહ્યો છે તેનું નામ પ્રોજેક્ટ''
- વિદ્યાર્થીઓમાં જવાબદારીની ભાવના પ્રગટાવવી, સાધન-સામગ્રી જરૂર જણાય ત્યારે પૂરી પાડવી.

યાદ રાખો પ્રોજેક્ટ રસપ્રદ અને પ્રવૃત્તિપોષક બની રહેવો જોઈએ. પ્રોજેક્ટ એ સતત ચાલતી પ્રક્રિયા હોવાથી વિદ્યાર્થીઓમાં તર્કશક્તિ, ચિંતનશક્તિ અને નિર્ણયશક્તિ તથા નેતૃત્વ શક્તિનો વિકાસ થશે.

હવે, ICT (Information Computer Technology) ની મદદથી કોઈ એક એકમ ગ્રાહક સુરક્ષા, પર્યાવરણ અને તેની જાળવણી, વગેરે... દસથી પંદર તાસનું આયોજન કરીને વિદ્યાર્થીઓને જે તે સ્થળની મુલાકાત, નિષ્ણાતનાં પ્રવચન, સર્વે વર્ક, જેવી બાબતોમાં સામેલ કરી ઉત્તમ પ્રકારે જીવનલક્ષી શિક્ષણ આપી શકાય. INTEL અને NCTE ની મદદથી શિક્ષક-પ્રશિક્ષકોને આ અંગે સઘન તાલીમ આપવામાં આવે છે. જે શિક્ષણ જગતની વિકાસયાત્રાને વધુ ગતિ આપશે.

**પ્રોજેક્ટ પદ્ધતિના લાભ :**

- પ્રોજેક્ટ પદ્ધતિનાં લાભ જ લાભ છે. વિદ્યાર્થીઓને વાસ્તવિક જીવન, અનુભવજન્ય શિક્ષણ મળશે. કંઈક કર્યાનો આત્મસંતોષ જોવા મળશે. તેઓ સતત પ્રવૃત્તિશીલ રહેશે.
- વિદ્યાર્થીઓની સંશોધન દૃષ્ટિ, જૂથમાં કાર્ય કરવાની ટેવ વિકસશે. વર્ગ બહાર પણ ઘણું બધુ શીખી શકાય છે તેવા જીવન ઉપયોગી શૈક્ષણિક અનુભવો મળશે.
- વિદ્યાર્થીઓનો સામાજિક વિકાસ થશે. પરસ્પર સહકારની ભાવના, મદદ કરવાની ભાવના વધશે. વ્યક્તિગત આવડત અને કૌશલ્ય પ્રાપ્ત થશે.
- વિદ્યાર્થીના વ્યક્તિગત તફાવતો સંતોષાશે. તેઓ પોતાની આવડત, શક્તિ, રૂચિ, રસ અને જરૂરિયાત પ્રમાણે કાર્ય કરતા થશે.

પ્રોજેક્ટ કાર્ય માટે કહી શકાય કે ''તમારી જાતે અનુભવેલું અર્ધસત્ય, બીજા પાસેથી શીખેલા પૂર્ણસત્ય કરતાં ક્યાંય અધિક છે.'' - ડૉ. રાધાકૃષ્ણન્

Scanned with CamScanner

# વર્ગખંડમાં ટેલિવિઝનનો ઉપયોગ

પટેલ કમલેશકુમાર એમ. (રોલ નં. ૨૬)

**પ્રસ્તાવના :**

સાંપ્રત સમયમાં ટેલિવિઝન એ જનમાનસ પર પ્રબળ અસર કરનારું અત્યંત મહત્ત્વનું અને અસરકારક સમૂહમાધ્યમ છે. રેડિયો કરતાં સ્વાભાવિક રીતે તે વધુ ઉપયોગી અને અસરકારક માધ્યમ તરીકે સાબિત થયું છે. ટેલિવિઝન એ ઈન્દ્રિયગમ્ય દૃશ્ય-શ્રાવ્ય સાધન છે. વિશ્વના કોઈપણ ખૂણે બનતી ઘટનાને ક્ષણભરમાં જ અવાજ સાથે આપણી સમક્ષ તાદૃશ-જીવંત સ્વરૂપે ટેલિવિઝન રજૂ કરી દે છે. વિચાર પ્રસારણના પ્રબળ માધ્યમ તરીકે અને પ્રજાની જીવનશૈલીમાં ચમત્કારીક તેમજ ક્રાંતિકારી પરિવર્તન લાવવામાં ટી.વી.નું મહત્ત્વપૂર્ણ યોગદાન છે.

ભારતમાં ટેલિવિઝન પંદરમી ઓગસ્ટ, ૧૯૫૯ના દિને પ્રાયોગિક ધોરણે દિલ્હીમાં દાખલ થયું. ત્યારબાદ બોમ્બે, શ્રીનગર, જલંધર, કલકત્તા, મદ્રાસ અને લખનૌમાં ૧૯૭૨ પછી ધીરે ધીરે દાખલ થયાં. ત્યારબાદ નવેમ્બર ૧૯૮૨માં જ્યારે નવમો એશિયાઈ રમતોત્સવ યોજાયો ત્યારે ૨૦ નવા રિલે કેન્દ્રો સ્થપાયાં. પહેલી એપ્રિલ ૧૯૭૬ના દિવસે ટેલિવિઝન ઓલ ઈન્ડિયા રેડિયોથી અલગ થયું અને માહિતી અને પ્રસારણ ખાતા અંતર્ગત સોંપાયું.

ટેલિવિઝન વિવિધ વિષયોનો જ્ઞાનખજાનો ખુલ્લો કરે છે. ટી.વી. એ 'ઘર બેઠા વિદ્યાપીઠ'ની ગરજ સારતું ઘણું જ ઉપયોગી શૈક્ષણિક સાધન છે.

"Television is a mass media which
is both visual and auditiory in nature."

**ટેલિવિઝન કાર્યક્રમો :**

અન્ય દેશોની જેમ ભારતમાં પણ બાળકો, પ્રૌઢો અને અન્ય અધ્યયનકર્તાઓ ટેલિવિઝન દ્વારા કંઈક શીખી શકે છે. ટેલિવિઝન પર ત્રણ પ્રકારના કાર્યક્રમો આવે છે.

(૧) વ્યાવસાયિક ટેલિવિઝન (Commercial Television)

(૨) શૈક્ષણિક ટેલિવિઝન (Educational Television)

(૩) અધ્યાપન ટેલિવિઝન (Instructional Television)

**વર્ગખંડમાં ટેલિવિઝનનો ઉપયોગ :**

"ટેલિવિઝન એક જન માધ્યમ છે જે દૃશ્ય અને શ્રાવ્ય ગુણધર્મ ધરાવે છે."

વર્ગખંડમાં ટેલિવિઝનનો ઉપયોગ નીચે મુજબ થાય છે.

- શિક્ષણ-પ્રશિક્ષણ કાર્યક્રમમાં માઈક્રોટીચિંગ પ્રયુક્તિ દ્વારા અધ્યાપન કૌશલ્યો વિકસાવવામાં જો શિક્ષક પ્રશિક્ષણાર્થીના સંદર્ભિત અધ્યાપન કૌશલ્યો અંગેના પાઠનું વીડિયો રેકોર્ડિંગ કરી લેવામાં આવે, અને એ જ પાઠ પુનઃ નિહાળવાની તક આપવામાં આવે અને સાથે પ્રાધ્યાપક દ્વારા પણ પ્રતિપુષ્ટિ મળે તો ટૂંકા સમયમાં ઝડપી, કૌશલ્યો વિકસાવી શકાય.

Scanned with CamScanner

- શિક્ષક દ્વારા અપાતા આદર્શ પાઠો, શિક્ષકની વર્તણૂંક, તેની વિશિષ્ટ અધ્યાપન તરાહ વગેરે જે શિક્ષણ સાથે સંબંધિત બાબતો છે. તેને દર્શાવતા નિદર્શન પાઠો પણ વીડિયો રેકોર્ડિંગ કરી સીધા પ્રસારિત કરી શકાય અથવા પુનઃ નિહાળી શકાય.
- વર્ગશિક્ષણમાં વિશિષ્ટ વિષયોનું શિક્ષણ આપવા માટે પણ તેનો અસરકારક રીતે ઉપયોગ થઈ શકે.
- કોઈનાં જીવનચરિત્રની માહિતી આપવી હોય તો ટેલિવિઝન વધારે અસરકારક માધ્યમ બને છે.
- વિશ્વના વિવિધ ઐતિહાસિક, રાજકીય, ભૌગોલિક, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક ઘટનાઓનું પ્રત્યક્ષ અને વાસ્તવિક જ્ઞાન માટે ઉપયોગી છે.
- નબળા વિદ્યાર્થીઓ સારી રીતે અધ્યયન કરી શકે. જે બાબતમાં સમજ ન પડતી હોય તે વારંવાર જોઈ શકે છે અને દૃઢીકરણ કરી માહિતીને આત્મસાત્ કરી શકે છે.
- વિદ્યાર્થીઓની સર્જન શક્તિ, તર્ક શક્તિનો વિકાસ થાય. વિદ્યાર્થીઓની અવલોકન શક્તિ સતેજ બને અને ટેલિવિઝન પર જે જુએ અને સાંભળે તે લાંબા સમય સુધી યાદ રાખી શકે તે માટે ટેલિવિઝન મહત્ત્વનું માધ્યમ છે. એવું સંશોધનનાં પરિણામો જણાવે છે.
- નબળા વિદ્યાર્થીઓ પણ સારી રીતે ટેલિવિઝન કાર્યક્રમો દ્વારા સ્વ-અધ્યયન કરી શકે છે. વિદ્યાર્થીઓને નવીન અનુભવો મળે છે. તો બીજી બાજુ શિક્ષકનો સમય બચે છે અને બચેલા સમયનો ઉપયોગ અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિ કે સંશોધનાત્મક પ્રવૃત્તિ પાછળ કરી શકે.
- બજેટ, ચૂંટણી, રાષ્ટ્રીય અને વૈશ્વિક સમસ્યાઓ અને નાગરિક ધર્મ, દેશ વિદેશનું લોકજીવન વગેરેનું જ્ઞાન આપવા માટે ઉપયોગી બને છે.
- નેશનલ જ્યોગ્રાફિક ચેનલ, ડિસ્કવરી ચેનલ અને અન્ય ચેનલો દ્વારા કુદરતી-ભૌગોલિક પ્રક્રિયાઓને લગતી માહિતી. જીવસૃષ્ટિ-પ્રાણીસૃષ્ટિને લગતી માહિતી આપવા માટે ઉપયોગી છે.
- શિક્ષક ઉપયોગી કાર્યક્રમોને રેકોર્ડ કરી વર્ગ અધ્યાપનમાં જરૂરિયાત અનુસાર ઉપયોગમાં લઈ શકે અને કેટલાક પ્રોજેક્ટ હાથ ધરી શકે છે.
- ટેલિવિઝન બહારની દુનિયાને વર્ગખંડમાં લાવી દે અને જ્ઞાન તેમજ અનુભવમાં વધારો કરી નિશાળને વિશાળ બનાવતું મહત્ત્વનું અસરકારક માધ્યમ - સાધન છે.

**ટેલિવિઝનનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

- ટેલિવિઝનનો ઉપયોગ કરતાં પહેલાં પ્રસારણની સિરિઝની વિદ્યાર્થી સમક્ષ અગાઉથી માહિતી સભર રજૂઆત કરવી.
- પોતે જે એકમ શીખવવાનો હોય તે માટે રજૂ થનાર કાર્યક્રમ કેટલો સુસંગત અને ઉપયોગી છે તે જાણી લઈ વિદ્યાર્થીઓને તેના સંદર્ભમાં પૂર્વ માહિતી આપી વિષયાભિમુખ કરવા જોઈએ.

Scanned with CamScanner

- પ્રસારણ દરેક વિદ્યાર્થી જોઈ શકે તે પ્રકારે બેઠક વ્યવસ્થા હોવી ઘટે.
- પ્રસારણ ગુણવત્તાવાળું ચોખ્ખું અને ધ્યાનાકર્ષક થાય તે જરૂરી.
- પ્રસારણ દરમિયાન ઉપયોગી બને તેવાં ચિત્રો, માહિતીનું સ્પષ્ટીકરણ અને જરૂરી સૂચનો વિદ્યાર્થીઓને અગાઉથી આપી દેવાં જોઈએ.
- શિક્ષકે કાર્યક્રમ દર્શાવાય ત્યારે તે જોવા વિદ્યાર્થીઓની સાથે બેસવું જોઈએ અને કાર્યક્રમ સંબંધી વિદ્યાર્થીઓના પ્રતિભાવ જાણવા જોઈએ.
- વિદ્યાર્થીઓને કાર્યક્રમમાં શું જોવું તેના પર વિશેષ ધ્યાન આપવું તે અંગે માર્ગદર્શન આપવું.
- વિદ્યાર્થીઓને કાર્યક્રમના મૂલ્યાંકન માટે, ચર્ચા માટે પ્રોત્સાહિત કરવા.
- પ્રસારણના સર્જનાત્મક ઉપયોગ અને અનુકાર્ય માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ.
- વિદ્યાર્થીઓને કાર્યક્રમને લગતી કોઈ મૂંઝવણ કે શંકા ઉદ્ભવે તો તેનું નિરાકરણ કરવું જોઈએ.
- ટેલિવિઝન જોતી વખતે વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થાનો ખ્યાલ રાખવો જરૂરી છે. બેઠક વ્યવસ્થા ૩૦°ના ખૂણાની અંદર અથવા ૪૦°ના ખૂણાની હોવી જોઈએ. ટેલિવિઝન સેટ અને તે જોનાર પ્રથમ હાર વચ્ચે ૬-૭ ફૂટનું અંતર હોવું જોઈએ. તેવી જ રીતે છેલ્લી હરોળ અને સેટ વચ્ચેનું અંતર ૨૫ ફૂટથી વધારે નહિ તેવું હોવું જોઈએ.

આમ, ટેલિવિઝનનો ઉપયોગ તેનો ઉપયોગ કરનારની ક્ષમતા અને આવડત પ્રમાણે અનેકવિધ રીતે થઈ શકે.

## આપણો પંચ સૂત્રી કાર્યક્રમ

૧. સર્વોત્તમ વિચારની રાહ ન જોતાં, બહેતર વિચારને અમલમાં મૂકો. એ વિચારને જ વધુ બહેતર બનાવતા જશો તો એ પોતાની જાતે સર્વોત્તમ બની જશે.

૨. રોજ તલ્લીનતાથી આઠ કલાક કામ કરીને પણ તમે બોનસ રૂપે બઢતી મેળવી શકો છો અને તમારામાં શક્તિ તો રોજ ૧૨ કલાક કામ કરવાની છે.

૩. તમારી પાસે એક રૂપિયો છે અને મારી પાસે પણ એક રૂપિયો છે અને આપણે એની અદલાબદલી કરીએ તો આપણા બન્ને પાસે એક રૂપિયો જ રહે છે, પણ તમારી પાસે કોઈ સારો વિચાર હોય અને મારી પાસે બીજો સારો વિચાર હોય અને આપણે એ વિચારની એકમેક સાથે અદલાબદલી કરીએ તો આપણા બંને પાસે સારા બે બે વિચાર થઈ જાય છે.

૪. એક સાથે આગમન એ આરંભ છે, એક સાથે રહેવું એ પ્રગતિ છે અને એક સાથે કામ કરવું એ સફળતા છે.

૫. દરેક માણસ એ જ કરવા ઈચ્છે છે જે એને ગમે છે, પણ એ એવું કામ નથી કરવા ઈચ્છતો જે કરવું જોઈએ.

Scanned with CamScanner

# ફ્લોચાર્ટ

પટેલ અમિતકુમાર નાથુભાઈ

વિવિધ પ્રકારની અનેક સમસ્યાઓના ઉકેલ માટે કમ્પ્યૂટર એક ખૂબ ઉપયોગી સાધન છે. કોઈપણ સમસ્યાના ઉકેલ માટે આપણે કમ્પ્યૂટરને સૂચનાઓ આપીએ છીએ.

**સમસ્યાના ઉકેલ માટેના વર્ણનની રીતો :-**

કમ્પ્યૂટર દ્વારા કોઈ સમસ્યાનો ઉકેલ શોધવામાં ઘણો રસ અને જિજ્ઞાસા જાગે છે. આપણી કોઈ સમસ્યાનો ઉકેલ શોધવા માટે કમ્પ્યૂટર ક્યાં ક્યાં ક્રમિક પગલાં લેશે તેનો વિચાર કરવાની આપણે જરૂર પડે છે. કોઈ પણ સમસ્યાના ઉકેલના વર્ણન માટે અનેક રીતો છે. આમાં નીચે જણાવેલા પ્રકાર પ્રચલિત છે.

- આપણી રોજિંદી ભાષા દ્વારા ઉકેલનું વર્ણન
- ફ્લોચાર્ટની રચના
- અલ્ગોરિધમની રચના

**ફ્લોચાર્ટની રચના :**

ફ્લોચાર્ટ એ કોઈ સમસ્યાના ઉકેલ માટેના અમલમાં આવતા ક્રમિક પગલાંઓની ચિત્રાત્મક રજૂઆત છે. સામાન્ય રીતે કમ્પ્યૂટર દ્વારા ઉકેલ મેળવવા માટેના શરૂઆતના તબક્કાઓમાં ફ્લોચાર્ટ દોરવામાં આવે છે. આપણે એક વાર ફ્લોચાર્ટ દોરીએ તે પછી કમ્પ્યૂટરની કોઈ પણ ઉચ્ચસ્તરીય ભાષામાં પ્રોગ્રામ લખવા ઘણા સહેલા બની જાય છે. અનેક સમયે આપણા કમ્પ્યૂટર પ્રોગ્રામ અન્ય વ્યક્તિઓને સમજાવવામાં પણ ફ્લોચાર્ટ ઉપયોગી બને છે.

ફ્લોચાર્ટમાં આપણા તર્કના વિવિધ તબક્કાઓની રજૂઆત માટે ચોક્કસ પ્રતીકો વાપરવામાં આવે છે.

દા.ત. ગાણિતિક પ્રક્રિયાઓ દર્શાવવા માટે લંબચોરસનું પ્રતીક, કોઈ નિર્ણય લેવાનો છે તેની જાણ માટે હીરાના આકારની આકૃતિ, નિવેશ અને નિર્ગમનાં કાર્યો માટે સમાંતર ચતુર્ભુજની આકૃતિ. અમુક સમયે નિવેશ અને નિર્ગમનાં કાર્યોને એવા આકારથી રજૂ કરીએ છીએ કે જે તે કાર્યમાં વાપરેલ માધ્યમને દર્શાવે. અંડાકાર આકૃતિનો ઉપયોગ આપણે પ્રોગ્રામની શરૂઆત તેમજ અંત દર્શાવવા માટે કરીએ છીએ. પ્રવાહરેખા પ્રોગ્રામમાં તર્કના પ્રવાહની દિશા દર્શાવે છે. ફ્લોચાર્ટમાં બધાં પ્રતીકોને તીરવાળી રેખાઓથી જોડવામાં આવે છે. જે દરેક કાર્યો કયા ક્રમમાં અમલમાં આવે છે તેનો નિર્દેશ કરે છે.

**ફ્લોચાર્ટના ફાયદા :**

- ફ્લોચાર્ટ એ કાર્યોની શ્રેણીની ચિત્રાત્મક રજૂઆત કરવામાં ખૂબ ઉપયોગી છે.
- અતિશય લાંબી અને ગૂંચવણભરી સમસ્યાને સમજવામાં ફ્લોચાર્ટ ઘણા ઉપયોગી બને છે.
- ફ્લોચાર્ટ પરથી કમ્પ્યૂટરની કોઈપણ ઉચ્ચસ્તરીય ભાષામાં પ્રોગ્રામ લખવા ઘણા સહેલા બની જાય છે.

Scanned with CamScanner

- આ ઉપરાંત સારા દસ્તાવેજીકરણ (કે જે અનેક હેતુઓ માટે હોય છે) તરીકે પણ ફ્લોચાર્ટ ઉપયોગ થાય છે.

નમૂનો

દા.ત. ધારો કે રેડિયાની ખરીદ કિંમત આપેલ છે. આ રેડિયો વેચતાં ૧૫ ટકા નફો થાય છે. તો રેડિયાની વેચાણ કિંમત મેળવવા માટેનું અલગોરિધમ લખો. આ અલગોરિધમને અનુરૂપ ફ્લો ચાર્ટ બનાવો.

- અલગોરિધમ

(૧) રેડિયોની ખરીદ કિંમત મેળવો.

(૨) કુલ નફો = $\frac{૧૫ \times \text{ખરીદકિંમત}}{૧૦૦}$ ગણો

(૩) વેચાણ કિંમત = ખરીદ કિંમત + કુલ નફો મેળવો.

(૪) જવાબ લખો : વેચાણ કિંમત રૂપિયામાં

(૫) અલગોરિધમ પૂરું કરો

**ફ્લો ચાર્ટ**




Scanned with CamScanner

# પ્રાચીન સમયની અધ્યયન પ્રણાલિકાઓ

ડૉ. મયૂરીબહેન એ. ભાટીયા (સંસ્કૃત વિભાગાધ્યક્ષ)
શ્રીરંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ, વાલિયા,

``हिरण्यमयेन पात्रेण सत्यस्येडपिहितं मुखम् ।
तत्वं पूषनापावृणु सत्यधर्माय दृष्टये ।।''

સુવર્ણના પાત્ર દ્વારા સત્યરૂપી જ્ઞાન ઢંકાયેલું છે.
હે પૂષન દેવ, તેને આપ કિરણો વડે ઉઘાડો.

જ્ઞાનના પ્રાકટ્યની - અનાવરણની પદ્ધતિ ઈશોપનિષદમાં આ મંત્રમાં રહેલી છે. જ્ઞાનનું પ્રાકટ્ય શા માટે ? અને આજના વિષયની ચર્ચાનું પ્રયોજન શું હોઈ શકે ? પ્રયોજન એ જ કે જ્ઞાનના પ્રાકટ્યથી નિર્બંધ આનંદની પ્રાપ્તિ થાય છે અને આ માટે માધ્યમ બનતી પ્રત્યેક પદ્ધતિઓ દરેક કાળમાં વજૂદ ધરાવનાર હોય છે. અધ્યયન અને અધ્યાપન તો ભારતની સંસ્કૃતિમાં ધર્મ સાથે એક શ્વાસમાં વણાયેલા છે. પરંતુ ``तुण्डे तुण्डे मतिर्भिन्ना'' - સમય, સંજોગો અને વિદ્યાર્થીઓની માનસિક કક્ષાના માપદંડ પ્રમાણે જુદી જુદી પદ્ધતિઓનાં પ્રયોગો આવશ્યક થઈ પડે છે. ''મૂઢત્વમાંથી બુદ્ધત્વનાં સ્થિત્યાંતરની પ્રક્રિયા એટલે જ અધ્યયન પદ્ધતિ.''

સૌ પ્રથમ વેદોના સમયની અધ્યયન-અધ્યાપન પદ્ધતિ વિશે જોઈએ તો એ સમયે સૌ પ્રથમ શ્રુત પરંપરા અસ્તિત્વમાં હતી. વેદોને શ્રુતિ ગ્રંથો પણ કહેવામાં આવે છે. આર્ષદ્રષ્ટા ઋષિઓને મંત્રોના દર્શન થયાં. આ દર્શન દ્વારા પ્રાપ્ત થયેલા જ્ઞાનને તેમણે પોતાના શિષ્યોને સંભળાવીને શ્રવણ માધ્યમ દ્વારા આપ્યા. વેદ મંત્રનો એકાદ શબ્દ પણ ખોવાય ન જાય વિસ્મૃત કે વિકૃત ન થઈ જાય તે માટે પદપાઠના આધારે અન્ય આઠ પદ્ધતિઓ તૈયાર કરવામાં આવી હતી. 'ચરણ વ્યૂહ' ઉપરનાં મહિદાસ કૃત ભાષ્યમાં આ આઠ પદ્ધતિઓનાં ઉલ્લેખ મળે છે.

``जय माला शिखा रेखा ध्वजो दण्डो रथो धनः ।
अष्टौ विकृतयः प्रोक्ता क्रमपूर्वा महर्षिभिः ।।''

આમ દર્શન દ્વારા પ્રાપ્ત થયેલા જ્ઞાનને ઋષિઓએ ઉપરોક્ત પદ્ધતિઓના માધ્યમ દ્વારા શિષ્યોને આપ્યું. સૌથી પ્રારંભિક અવસ્થામાં અધ્યાપનની બે પ્રણાલીઓ - પદ્ધતિઓ આપણને પ્રાપ્ત થાય છે. એક દર્શન પરંપરા અને બીજી શ્રુત પરંપરા, આ પરંપરાઓમાં વેદોના જ્ઞાનને જાળવી રાખવું, કંઠસ્થ કરવું એ ખરેખર લોઢાનાં ચણા ચાવવા જેવું કઠીન હતું પરંતુ વેદોના એ જ્ઞાનને આજ પર્યંત એક પણ વર્ણ માત્ર કે સ્વર માત્રનાં ઉચ્ચારણ ભેદ વિના યથાતથ્ય સ્વરૂપમાં જાળવી શકાયું હોય તો તે માટેનું શ્રેય વૈદિક અધ્યયન પદ્ધતિને ફાળે જાય છે. ઉપરોક્ત પદ્ધતિનો સ્વાધ્યાય કરાવાનો અને ગુરુ દ્વારા દિક્ષાંત પ્રવચનમાં શિષ્યોને આ જ્ઞાનનું વિસ્મરણ ન થઈ જાય તે શપથ લેવડાવાતા હતા કે स्वाध्यायान् मा प्रमदितव्यम् । વૈદિક અધ્યયન પદ્ધતિની મહત્ત્વની વિશેષતા એ હતી કે ઉપનયન સંસ્કાર પછી બાળક ગુરુને ત્યાં જ રહીને અભ્યાસ કરતો. જ્યારે માતા-પિતા પોતાના સંતાનને ગુરુને ત્યાં મૂકતાં ત્યારે ગુરુ તેમની પાસે પ્રતિજ્ઞા લેતા કે आचार्यः उपनयमानो ब्रह्मचारिणः कृणुते गर्भधन्तः ।

જેમ માતા પોતાના બાળકને ગર્ભમાં ધારણ કરે છે. પોષે છે અને જન્મ આપે છે તેમ હું આ બાળકને જ્ઞાનથી પોષીશ. પરિમાર્જિત કરીશ અને હૃદયરૂપી ગર્ભમાં ધારણ કરીશ. આવા ગુરુ પાસે દિક્ષાંત થયેલા શિષ્યો દ્વિજ કહેવાતા. શિષ્યને 'અંતેવાસી' અર્થાત્ 'અંતરમાં વાસ કરનાર' કહેવામાં

Scanned with CamScanner

આવતો. ગુરૂ પોતાના શિષ્યને અલગ અલગ એવી સાત પદ્ધતિઓનાં માધ્યમથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચતુર્વિધ પુરુષાર્થના અનુસંધાનમાં અધ્યયન કરાવતા.

(૧) અનુદેશાત્મક અથવા પ્રવચન પદ્ધતિ :- આ પદ્ધતિમાં ગુરુના આદેશ અનુસાર અધ્યયન કરાવાતું હતું. ગુરૂનાં પ્રવચનને ચુસ્તપણે વળગીને અધ્યયન કરવામાં આવતું.

(૨) મૌખિક પદ્ધતિ :- ગુરૂ દ્વારા જે કોઈ અધ્યયન કરાવમાં આવતું તેને મૌખિક ઉચ્ચારણ દ્વારા પુનરાવર્તિત કરવામાં આવતું.

(૩) વ્યવહારિક વિધિ :- દૈનિક કાર્યોમાં સંધ્યા, હોમ, યજ્ઞ-યોગાદિ ક્રિયાકાંડો, આવશ્યક વસ્તુઓની પૂર્તિ વગેરે દ્વારા અધ્યાપન કરાવાતું.

(૪) વૈયક્તિક વિધિ : શિષ્યોની વ્યક્તિગત વિશેષતાઓને આધારે કોઈ વિશેષ ક્ષેત્રનું અધ્યયન વિશિષ્ટ રીતે કરવામાં આવતું.

(૫) વિવેચન પદ્ધતિ : ગુરુ દ્વારા અપાયેલ જ્ઞાનના આધારે પ્રવચન અને પારસ્પરિક વાદ વિવાદ યોજાતા, પરિસંવાદ યોજાતા અને એ દ્વારા વૈચારિક અધ્યયન પદ્ધતિ વિકસિત બની.

(૬) સ્વાધ્યાય પદ્ધતિ : સ્વ અધ્યયનથી મંત્રોના જ્ઞાનનું ચિંતન કરવું.

(૭) શાસ્ત્રાર્થ પદ્ધતિ : શાસ્ત્રાર્થ પદ્ધતિ શિષ્યોની તર્ક શક્તિ, સ્મરણ શક્તિ અને બુદ્ધિમત્તાની કસોટી દ્વારા અધ્યયન કરવાની પદ્ધતિ.

આ પદ્ધતિઓ અનુસાર અધ્યાપન કરવા માટે શાળાનું મકાન કેવું હોવું જોઈએ તે સંદર્ભનું સૂક્ત અથર્વવેદમાં 'शालानिर्माण सूक्त' ના નામે પ્રાપ્ત થાય છે. આમ અધ્યાપનની પ્રત્યેક પદ્ધતિઓનાં મૂળ વેદોમાં રહેલાં જોઈ શકાય છે.

- **બ્રાહ્મણ ગ્રંથો તથા આરણ્યક ગ્રંથોના સમયની અધ્યયન પદ્ધતિ :** આ સમયમાં વૈદિક પદ્ધતિઓ ઉપરાંત આખ્યાન પદ્ધતિ પણ વિકાસ પામી. શ્રૃતિ-સ્મૃતિ ગ્રંથોની પરંપરામાં આવતી આ આખ્યાન પદ્ધતિમાં વ્યાખ્યાન પદ્ધતિનાં બીજ રહેલાં છે. સુંદર આખ્યાન કથાઓના માધ્યમથી અધ્યયન કરાવાતું હતું. દા.ત.ઐતરેય બ્રાહ્મણ અંતર્ગત આવતું શુનઃશેપ આખ્યાન અને તેનો ચરૈવેતિનો ઉપદેશ.

- **ઉપનિષદ ગ્રંથોના સમયની અધ્યયન પદ્ધતિ :** આ સમયમાં અધ્યનની પદ્ધતિઓ કંઈક વૈજ્ઞાનિક વ્યવસ્થામાં વિકાસ પામી છે. અહીં ગુરુકુળ પદ્ધતિ જ મહત્તમ રીતે જોવા મળે છે. ગુરુકુળમાં પણ પરિપ્રશ્નેન સેવયા દ્વારા અધ્યયન કરાવવામાં આવતું હતું. મુંડકોપનિષદમાં ઉલ્લેખાયેલ છે કે શૌનક 'મહાશાલ' હતા. છતાં સમિધ-પાણી થઈને અંગિરસ ઋષિ તેમને સમગ્ર સૃષ્ટિ, પરા-અપરા વિદ્યા, બ્રહ્મ વગેરે વિષયોનું જ્ઞાન આપે છે. આમ અધ્યયનની દૃષ્ટાંત, પ્રયોગાત્મક પદ્ધતિ ઉપનિષદોના સમયમાં વિકાસ પામી.

  એવું જ બીજું દૃષ્ટાંત તૈતરીય ઉપનિષદમાં પણ મળે છે. અહીં આખી ચર્ચા જ શિક્ષણ પદ્ધતિને અનુલક્ષીને કરવામાં આવી છે.

  આ ઉપરાંત ઉપનિષદોના સમયમાં શ્રવણ-મનન અને નિદિ-ધ્યાસનની પદ્ધતિ પણ વિકાસ પામી. શ્રવણ અર્થાત્ અનુસંધાન, મનન અર્થાત્ ઉદાહરણ-દલીલો અને યુક્તિઓ વડે સમર્થન કરવું તથા નિદિધ્યાસન અર્થાત્ વિષય અને વિષયી વચ્ચેનો અભેદ થવો. આ દ્વારા ગુરુ શિષ્યને ગહનમાં ગહન તત્વનું વૈજ્ઞાનિક તથ્યોનું અધ્યાપન કરાવતા હતા.

- **દર્શન શાસ્ત્રોના સમયની અધ્યાપન પદ્ધતિ :-** દર્શનશાસ્ત્રોના સમયમાં પણ અધ્યયન પદ્ધતિ ઘણી વ્યવસ્થિત સ્વરૂપમાં વિકાસ પામી. યોગદર્શનમાં ધ્યાનયોગ સમાધિ વગેરે અષ્ટાંગ યોગ પદ્ધતિ દ્વારા અધ્યયન કરાવાતું હતું. અહીંથી પ્રાયોગિક ધોરણે અધ્યયન કરાવવાની પદ્ધતિ વિકાસ પામી.

Scanned with CamScanner

# શિક્ષણમાં પ્રેરણાનું મહત્ત્વ

ડૉ. કિશોરભાઈ નાયક
શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા

**પ્રસ્તાવના :**

વર્તમાન સમયમાં પ્રેરણાની વાત ઓપચારિક બની ગઈ છે. જે રીતે લેવી જોઈએ એ રીતે લેવાતી નથી. પ્રેરણા રુક્ષ બની ગઈ છે. પ્રેરણા મોઢેથી અપાય છે. હૃદયમાંથી આવતી નથી. આજે પ્રેરિત થવાના ઊભરા કોઈ કોઈ વખત આવે છે પણ તે ક્ષણિક છે. સમી જાય એટલે વાર્તા પૂરી, પણ શિક્ષકમાં એવું હોવું જોઈએ નહિ. શિક્ષક જવાબદાર વ્યક્તિ છે. તે કાયમ ઊભરાતો હોવો જોઈએ. પ્રેરણા ચરમસીમાએ અસરકારક બની રહે તેવી હોય. શિક્ષકનું વ્યક્તિત્વ ચુંબક જેવું હોવું જોઈએ. તેના સંપર્કમાં આવનાર વ્યક્તિ પોતાની પૂર્વ માનસિકતાથી ઉપર ઊઠે અને કશુંક નવું જાણવા, કંઈક નવું કરવા માટે પ્રેરિત થાય.

**અત્યારે પ્રેરણાની માંગ શા માટે ?**

આજે સમાજમાં, દેશમાં બધે રુક્ષતા, કુરૂપતા પૂર બહારમાં છે. બધે જ રાજરમત અને છીછરું પોત અનુભવાય છે. કેટલાંક વર્ષો પહેલાં આવું નહોતું પરંતુ સામાન્ય જમીનમાં ખાતર નાંખ્યા વગર જ ખેતી કરતા રહીએ તો સારો પાક ન ઉપજે. દુનિયામાં આવું જ છે. પૂર્વજોના પુણ્ય પ્રતાપે, સંચિત કર્મોને કારણે હજુ તો સમાજ સ્વસ્થ છે પણ હવે બદલાયેલા પવનને કારણે અસર થઈ છે.

૨૫-૩૦-૪૦ વર્ષ પહેલાંના શિક્ષકો વિશે ત્યારે હતું એટલુ જ માન-આદરભાવ આજે પણ છે. પહેલાંના શિક્ષકો વરસી-વરસીને શીખવતા, મારતા પણ પ્રેમથી, એ ભીનાશ કાળક્રમે જતી રહી. ભાવાત્મક પાસું ઉપેક્ષિત છે. ન્યૂઝ પેપરમાં શિક્ષણ જગતના છબરડા આવે છે. કારણ કે આખો સમૂહ કશાથી વંચિત છે. આ ગંભીર પરિસ્થિતિમાં વખતસર જાણીએ, સમજીએ નહીં તો ગંભીર પરિણામોની શરૂઆત થઈ ગઈ છે. આ પરિસ્થિતિ માટે જવાબદાર પરિબળો છે પ્રેમ, કરુણા, મમતા, ભાવાત્મક પાસાની ઓટ, અને પ્રેરણા સૌથી અગત્યનું પરિબળ છે. કોઈના ભાવ-જગતને, વિચારોને ટચ કરો એટલે પ્રેરિત થવાની ઘટના. આ ડેલિકેટ ઈસ્યૂ છે. પ્રેરણા એક એવું એડહેસિવ છે. એક એવું એલિમેન્ટ છે જેના ઉપયોગથી જે ચોંટાડો તે ચોંટે. પ્રત્યેક વ્યવહારમાં તેનો ઉપયોગ થઈ શકે.

પ્રેરણામાં એક પક્ષનું મહત્ત્વ ઉપર હોય છે. પ્રેરણા આપનારની જવાબદારી સ્વીકારનારને મુઠ્ઠી ઉંચેરા રહેવાનું છે. આપણા સમાજમાં આ અંતર નથી. ઊંચા રહેવા માટે પ્રવૃત્ત રહેવું પડે, સતત શોધતા રહેવું પડે, માપદંડો મેન્ટેઈન કરવા પડે. પ્રેરણા અમથા-અમથાની રમત નથી. પ્રેરણા અદ્વિતીય આધારભૂત તત્ત્વ છે. જેના ઉપયોગથી કાર્યકલાપને વિકસાવી શકાય. "We have to pay special attention for it."

વિશ્વમાં કોઈનું ચલણ કે આધિપત્ય હોય તો તે વિચારોનું છે. દુનિયા વિચારને આધિન છે. વિચાર એ ચેતનાનું અનોખું સ્વરૂપ છે. વિચારવાની પ્રક્રિયા અવિરત ચાલતી રહે છે. જે તે સ્થળ, કાળની સંસ્કૃતિ-મૂલ્યોને આધારે વિચારોને ત્રણ વિભાગોમાં વર્ગીકૃત કરી શકાય છે.

Scanned with CamScanner

- હકારાત્મક વિચારો - જેની ખોટ વર્તાય છે.
- નકારાત્મક વિચારો - જેની ભરમાર ચાલુ છે.
- વ્યર્થ વિચારો - જેની જરૂર નથી છતાં આવતા રહે છે.

મોટા ભાગના વિચારો પવનની લહેરખી જેવા હોય છે. ઉદ્ભવીને સમી જાય. પુષ્પના ૫૦૦-૬૦૦ બીજમાંથી માત્ર બે-ચાર બીજ જ ઊગીને ઉછરે છે. તેવી રીતે તમામ વિચારો પૈકી માત્ર કેટલાક જ વિકસીને કાર્યમાં રૂપાંતરિત થાય છે. આ અનેક વિચારોમાંથી એકની પસંદગી કરવા સાથે પ્રેરણાને જોડવાની છે. તેમાં પ્રેરણા એક અદ્વિતીય પરિબળ છે.

પ્રતિક્રિયા જન્માવનારા બધા ઉત્તેજકો પ્રેરણા નથી. એક અગત્યનો ઘટક જે પોત બાંધવાનું કામ કરે છે. પ્રેરણા પ્રવૃત્તિને જાગૃત કરવાની, નિયમિત કરવાની, અને ટકાવી રાખવાની પ્રક્રિયા છે. વ્યક્તિને સતત ધ્યેય સુધી ચોંટાડી રાખે તે પ્રેરણા જરૂરિયાત ઉભી થતા કે અવરોધ આવતા પીછેહટ કરે પણ પ્રેરણા હોય તો ખંતપૂર્વક પ્રવૃત્તિને વળગી રહેવાય છે. કોઈક બાળકને દાખલો શીખવવામાં આવે તે સ્વ-પ્રયત્ને કરવા પ્રેરાય પરંતુ ક્યાંક-કયાંક કોઈક સોપાન પર અટકી જવાય તો દાખલા ગણવાનું બંધ કરી દે પરંતુ શિક્ષકની પ્રેરણા હોય તો તે પ્રયત્ન ચાલુ રાખશે.

પ્રેરણા વ્યક્તિને સારા વર્તન માટે પ્રેરે છે અને અધ્યયન એટલે વર્તનમાં અપેક્ષિત ફેરફાર લાવવો તેથી અધ્યયન, પ્રેરણા અને શિક્ષક વચ્ચે સંબંધ છે. શિક્ષક સીધી રીતે પ્રેરણા સાથે અનુબંધિત છે. જે કામ પ્રેરણાનું છે તે જ કામ શિક્ષકનું છે.

**પ્રેરણા વર્તનને કેવી રીતે ઘડે ?**

> "ભાવાનુભૂતિવાળી પરિસ્થિતિમાં થતા ફેરફારોમાં ગૌણ ઉદ્દીપક દ્વારા
> ઉત્પન્ન થતી પૂર્વશિક્ષણની સ્થિતિ એટલે પ્રેરણા."
>
> - મેકલેલેન્ડ

વ્યાખ્યામાં ભાવાનુભૂતિ શબ્દમાં શું છે ?

ભાવ-અપેક્ષા અને પ્રત્યક્ષીકરણ વચ્ચેના તફાવતનું પરિણામ છે. વર્ગખંડ, સમાજ, વિશ્વમાં જ્યારે નિર્ણય લેવાય ત્યારે ભાવાનુભૂતિ આવે છે. પ્રેરણા એ ભાવ અને ગૌણ ઉદ્દીપકથી શીખવાયેલું પરિણામ છે. ભાવ એ પ્રેરણાનો પાયો છે. ભાવની ઉત્પત્તિ સહજ છે. પણ એના પરત્વેની અપેક્ષા અર્જિત છે. પ્રેરિત વ્યક્તિને ગરમ થયેલા લાલચોળ લોખંડ સાથે સરખાવી શકાય. લોખંડને લાલચોળ કર્યા વગર હથોડા મારવાનો કોઈ અર્થ નથી.

**વર્ગખંડ માત્ર માહિતી વ્યવસ્થાપનનું સ્થળ નથી. પ્રેરણાની પરબ હોવો જોઈએ. વિદ્યાર્થી સજાગ થાય, મજા આવશે તેવું ભાવાવરણ તૈયાર થાય તો કહી શકાય કે વર્ગખંડ પ્રેરણાની પરબ બને.**

વ્યક્તિના અને વિશ્વમાં જોવા મળતા આચાર, વિચાર, તમામ કૃત્યની પાછળનું નિર્ણાયક પરિબળ વિચાર છે. વિચારોને પ્રભાવિત કરે છે પ્રેરણા બીજા શબ્દોમાં કહીએ તો પ્રેરણા વર્તનને પ્રેરે છે. નવા અધ્યયનનો સંબંધ પણ પ્રેરણા સાથે છે.

Scanned with CamScanner

વિશ્વની વ્યવસ્થા વ્યક્તિની કાર્યપ્રણાલી, વિકાસ તરાહ, સનાતન મૂલ્યોનો પ્રભાવ, મનોસ્વાસ્થ્ય વગેરે જેવા ઘટકોનું તટસ્થ મૂલ્યાંકન આઘાતજનક બની શકે. સારી પ્રેરણા - સુંદર કાર્યો - સ્વસ્થ સમાજ, નબળી પ્રેરણા - નબળા / અધકચરાં / અસામાજિક કૃત્યો - માંદો, રોગિષ્ટ, અસંતુલિત સમાજ, બદલાયેલી શિક્ષણ વ્યવસ્થા દોડી-દોડીને અભ્યાસક્રમ પૂર્ણ કરવો, પ્રશ્નપત્ર તૈયાર કરવું, પરીક્ષા લઈ પરિણામ જાહેર કરવું વગેરેમાં રચ્યાપચ્યા રહેતા શિક્ષક પ્રેરણાનો સ્રોત બનવાનું વિસરી જાય છે. પ્રેરણાની ઉપેક્ષા ભારે આપત્તિકારક અને અક્ષમ્ય ગણાય.

શિક્ષકની ધારણા સંક્રમિત થાય ત્યારે શિક્ષણનું કાર્ય થાય તેને સમાંતર જવાબદારી છે વિદ્યાર્થીની વિશિષ્ટ શ્રેષ્ઠ શક્તિની ઓળખ, માર્ગદર્શન, સમર્થન અને દોરવણી આપવાની. પ્રાથમિક શાળાથી ઉચ્ચશિક્ષણ સુધી વિદ્યાર્થીનું શ્રેષ્ઠ તત્ત્વ ન ઓળખાય તો વેડફાઈ જાય છે. બાર વર્ષના શાળેય શિક્ષણ દરમિયાનનો શિક્ષકનો સતત સંપર્ક પ્રેરણાથી તરબતર રહે તો ?

શિક્ષણના વ્યવસાયમાં બહુ મોડું થયા પહેલાં કંઈક કરવાનું છે.

નદીમાં દીવો તરતો મૂકનાર નદીનો પ્રવાહ જ્યાં સુધી જાય ત્યાં સુધી દીવો પહોંચે તેવી અપેક્ષા રાખે છે. આવી અપેક્ષાથી વર્ગશિક્ષણનું કાર્ય કરવું. આ ખેતરમાં થોડું ઘણું વાવીએ તો ઊગશે એવી શ્રદ્ધા સાથે વર્ગખંડમાં કામ થાય તો ૨૫ થી ૩૦ ટકા જેટલું પ્રેરણાનું કામ થયું કહેવાય. શિક્ષકે કામદાર નહિ કલાકાર બનવાનું છે જે આવતીકાલને આકાર આપે.

મમતા, માનવતા, કરૂણા, ઉદારતા, રાષ્ટ્રપ્રેમ અંગે સાચી સમજ અને યોગ્ય વલણોનું ઘડતર તથા કુટુંબ, શાળા અને સમાજ પ્રત્યેના ઉત્તરદાયિત્વ બાબતે વખતસરની પ્રેરણા જડીબુટ્ટીનું કામ કરી શકે.

જો આમ બને તો જ કહી શકાય કે **શિક્ષક તો છે જ્યોતિર્ધર.**

માણસને શિક્ષિત કરવા માટે શિક્ષણ સ્વયં દુષિત હોય તો મહાઅનર્થ સર્જાય

પ્રદૂષિત હવા, પાણી અને ખોરાક કરતાં પ્રદૂષિત શિક્ષણ વધુ જોખમી છે.

વર્તમાનના પ્રદૂષિત શિક્ષણે સાંસ્કારિક પર્યાવરણને ખૂબ બગાડયું છે તેથી જ માનવતાનો પ્રાણ આજે ડચકાં લઈ રહ્યો છે.

ઘણાની ફરિયાદ છે : માણસ ક્યારે સુધરશે ?

મારી ફરિયાદ છે : શિક્ષણ ક્યારે સુધરશે ?

– *મુની ઉદયવલ્લભવિજય*

Scanned with CamScanner

# વિતેલા વર્ષ : ૨૦૦૭-૨૦૦૮ની
# વિશિષ્ટ પ્રવૃત્તિઓની ઝાંખી

## જુન

- સંસ્થા / સ્ટાફ / પ્રશિક્ષણાર્થી પરિચય...
- અભ્યાસક્રમ તથા આંતરિક મૂલ્યાંકનની સમજ...

## જુલાઈ

- અધ્યાપન કૌશલ્યોની સમજ...
- સૂક્ષ્મ અધ્યાપન... કૌશલ્યો - ઘટકો - નિદર્શન...
- સૂક્ષ્મ અધ્યાપન : પાઠ આયોજન અને અમલીકરણ
- મેક્રો પાઠ આયોજન : સમજ - નિદર્શન અને અમલીકરણ
- પ્રાર્થના સભામાં શ્રી કે. કા. શાસ્ત્રીને શ્રદ્ધાંજલિ
- ગુરુપૂર્ણિમાની ઉજવણી

## ઓગષ્ટ

- વિદ્યાર્થી સંઘની રચના માટે ઉમેદવારી પત્રક ભરવા અંગે આચાર્યશ્રીનું માર્ગદર્શન
- સ્વાતંત્ર્ય દિનની પૂર્વસંધ્યાએ દેશભક્તિ ગીતની સ્પર્ધાનું આયોજન
- સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

## સપ્ટેમ્બર

- કોલેજ સ્થાપના દિન અને શિક્ષકદિનની સંયુક્ત ઉજવણી
- શિક્ષકદિનની ઉજવણી નિમિત્તે વકૃત્વ સ્પર્ધાનું આયોજન :
  વિષય - "શું આજનું શિક્ષણ સમાજની જરૂરિયાત સંતોષે છે ?"
  વિજેતા - શાળાનાં પ્રશિક્ષણાર્થી બહેનો (૧) મહેતા રંજનબેન (૨) પ્રજાપતિ હેમાંગીનીબેન
- કાવ્યપઠન સ્પર્ધા
  સ્થળ અને આયોજક - જે. ઝેડ. શાહ એન્ડ એચ. પી. પટેલ કોમર્સ કોલેજ, અમરોલી
  વિજેતા - પ્રશિક્ષણાર્થી કુ. સોની અમિબહેન
- વિદ્યાર્થી સંઘની રચના
- વિદ્યાર્થી સંઘની પ્રથમવાર બેઠક મળી.
- કોલેજમાં 'નવચેતના શિબિર'નું આયોજન
  સમય - રોજ ૧ કલાક (અઠવાડિયા માટે)
  સંચાલન કરનાર - પ્રશિક્ષણાર્થી કુ. ભાવસાર રૂપલબહેન

Scanned with CamScanner

## ઓક્ટોબર

- પ્રાર્થના સભામાં 'એની બેસન્ટ' વિશે જાણકારી
- 'ગાંધી જયંતી'ની ઉજવણી અંગે કાર્યક્રમ
- 'ઉત્કર્ષ' અંગે માર્ગદર્શન (પ્રશિક્ષણાર્થીઓની ભૂમિકા)
- ૫મી ઓક્ટોબર - વિશ્વ શિક્ષકદિનની ઉજવણી
- અંકલેશ્વર ખાતે તાલુકા કક્ષાના યુવક મહોત્સવમાં પ્રશિક્ષણાર્થીઓનું પ્રતિનિધિત્વ, ઉત્કૃષ્ટ દેખાવ અને વિજેતા. આ ઉપરાંત ભરૂચ જિલ્લા અને ઝોન કક્ષાએ પ્રતિનિધિત્વ વિજેતા.
- પ્રથમ સત્રાંત પરીક્ષા ૩૦ ઓક્ટોબરથી.

  આંતર કોલેજ વ્યાખ્યાન પ્રથમ મણકો : ડૉ. મયુરી ભાટીયા, અધ્યાપિકા : શ્રી રંગ નવચેતન મહીલા કોલેજ, વાલીયા, તા. ૨૫-૧૦-૦૭, વિષય : પ્રાચીન સમયની અધ્યયન પ્રણાલિકાઓ

## નવેમ્બર

- સત્ર નિબંધ કસોટી
- ઓફ કેમ્પ જૂથની વહેંચણી - માર્ગદર્શન - આયોજન (મધ્યકેતર શિક્ષણ કાર્યક્રમ)

## ડિસેમ્બર

- મયકેતર શિક્ષણ કાર્યક્રમ તા. ૩-૧૨-૦૭ થી ૮-૧૨-૦૭
- ગીતા જયંતિ નિમિત્તે 'ગીતા' ગ્રંથ વિશે ચર્ચા તા. ૨૦-૧૨-૦૭

## જાન્યુઆરી

- આંતર કોલેજ વ્યાખ્યાન : દ્વિતીય મણકો તા. ૪-૧-૦૮

  ડૉ. શ્રી કિશોરભાઈ નાયક (અધ્યાપક - શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બિલીમોરા)

  વિષય : 'વર્ગશિક્ષણમાં પ્રેરણા'
- શૈક્ષણિક પ્રવાસ : સ્થળ - થવા, નિનાઈ ઘાટ, દેવમોગરા - તા. ૦૫-૦૧-૦૮
- હળવું કંઠ્ય સંગીત હરિફાઈ
- ટીમ ટીચીંગ પદ્ધતિ દ્વારા શિક્ષણ કાર્ય
- વાર્ષિકોત્સવ માટે મિટીંગ-જવાબદારીની ફાળવણી - તૈયારી - આયોજન
- પ્રજાસત્તાકદિનની ઉજવણી
- પ્રજાસત્તાકદિનની ઉજવણી નિમિત્તે એમિટી સ્કૂલમાં ભાષાવ્યાખ્યાનનું આયોજનમાં પ્રશિક્ષણાર્થી બહેનોની ભાગીદારી.
- 'રક્તપિત્ત નિવારણ દિન' તા. ૩૧-૦૧-૦૮ નિમિત્તે રોગની જાણકારી, બચાવ, માનવતાની ભાવના વિશે ચર્ચા - પ્રા. કુ. પારૂલ ટંડેલ

Scanned with CamScanner

## ફેબ્રુઆરી

- રમતોત્સવ : તા. ૦૨-૦૨-૦૮
- ઈન્ટર્નશીપ : સમજ, આયોજન, શાળાઓની ફાળવણી, જૂથ વાર વિદ્યાર્થીઓની વહેંચણી - તા. ૧૬-૦૨-૦૮ થી તા. ૨૯-૦૨-૦૮
- સાંસ્કૃતિક કાર્યક્રમ : ૯મી ફેબ્રુઆરી ૨૦૦૮
- વાર્ષિક પાઠ (પ્રાયોગિક પરીક્ષા) : તા. ૧૧-૦૨-૦૮ થી તા. ૧૫-૦૨-૦૮

## માર્ચ

- ગ્રુપ ફોટો ફંક્શન - તા. ૧૦-૦૩-૦૮
- શુભેચ્છા સમારંભ
  વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. શ્રી રમેશચંદ્ર કોઠારી દ્વારા પ્રેરણાદાયી વક્તવ્ય - તા. ૧૨-૦૩-૦૮
- પૂર્વ વાર્ષિક પરીક્ષા - તા. ૧૪-૦૩-૦૮ થી તા. ૧૯-૦૩-૦૮
- વાચવા - તા. ૨૪-૦૩-૦૮ થી તા. ૨૬-૦૩-૦૮
- 'વર્લ્ડ ગ્લોકોમો ડે' નિમિત્તે રોગની ઓળખ, બચાવ અને મદદ અંગે માહિતી - પ્રા. કુ. પારૂલ ટંડેલ

## એપ્રિલ

- વાર્ષિક પરીક્ષા - તા. ૧૬-૦૪-૦૮ થી તા. ૨૬-૦૪-૦૮

विजेतव्या लंका चरण-तरणीयो जलनिधिः ।
विपक्षः पौलस्त्यो रण-भवि सहायाश्च कपयः ।
तथाप्येको रामः सकल-मवधीद्राक्षसकुलम् ।
क्रियासिद्धिः सत्वे भवति महतां नोपकरणे ।।

લંકા જીતવાની હતી, દરીયો પગે ચાલીને ઓળંગવાનો હતો, દુશ્મન પુલસ્ત્ય ઋષિનો પુત્ર રાવણ હતો, યુદ્ધમાં મદદ કરનાર વાંદરાઓ હતા, તોયે એકલા રામચંદ્રજીએ રાક્ષસોનું ટોળું-જૂથ મારી નાખ્યું. મોટા લોકોને કામમાં સિદ્ધિ તેમના આત્મિક બળથી જ મળે છે. માત્ર સાધનોથી નથી મળતી.

Scanned with CamScanner

# શૈક્ષણિક સહયોગ

## ડૉ. પી. જે. રાજ

- અધ્યાપક પસંદગીમાં કુલપતિ નિયુક્ત વિષય નિષ્ણાંત તરીકે સેવા.
  જય ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ, પાંડેસરા સંચાલિત સૂચિત બી.એડ્. કોલેજ તા. ૧૧-૦૧-૨૦૦૮
- અધ્યાપક પસંદગીમાં વી. સી. નોમિની તરીકે (બધા જ વિષયમાં) સેવા.
  નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ, જિ. નર્મદા. તા. ૦૫-૦૨-૨૦૦૮
- સ્થાનિક તપાસ સમિતિમાં કુલપતિ નિયુક્તમાં સભ્ય તરીકે કામગીરી.
  શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, ઉધના, સુરત. તા.
- રમતોત્સવના ઉદ્ઘાટક અને પ્રેરક ઉદ્બોધન તક્ષશિલા વિદ્યાલય, નવા બોરભાઠા, અંકલેશ્વર. તા. ૦૭-૦૩-૨૦૦૮
- વાર્ષિકોત્સવમાં ઉદ્ઘાટક અને પ્રાસંગિક ઉદ્બોધન સ્વામીનારાયણ સ્વરૂપ બી.એડ્ કોલેજ, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર.
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની કોલેજોના આચાર્યોનું અધિવેશન (બારડોલી)માં હાજરી અને ચર્ચામાં ભાગીદારી.
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ સભામાં ઉપસ્થિતિ અને પ્રશ્નોત્તરીમાં ભાગ લીધો. તા. ૨૫-૦૩-૨૦૦૮
- અધ્યાપક પસંદગીમાં કુલપતિ નિયુક્ત વિષય નિષ્ણાત તરીકે સેવા
  સ્વામી નારાયણ સ્વરૂપ બી.એડ્. કોલેજ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર. તા. ૧૫-૦૪-૨૦૦૮
- આંતર કોલેજ વ્યાખ્યાનમાં વક્તા તરીકે વ્યાખ્યાન.
  વિષય : શાળા ભાવાવરણ : સ્વામીનારાયણ સ્વરૂપ બી.એડ્. કોલેજ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર.
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને વી.ટી.ચોકસી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે અધ્યાપક વ્યાવસાયિક સજ્જતા સેમિનારમાં સહભાગી થયા. તા. ૧૭ અને ૧૮ એપ્રિલ ૨૦૦૮

## ડૉ. પી. આર. માસ્ટર

- અધ્યાપક પસંદગીમાં કુલપતિ નિયુક્ત વી. સી. નોમિની તરીકે સેવા.
  ઈન્ટર વુમન ચેરિટેબલ ટ્રસ્ટ, કામરેજ સંચાલિત બી.એડ્. કોલેજ. તા. ૨૧-૦૭-૨૦૦૭
- અધ્યાપક પસંદગીમાં કુલપતિ નિયુક્ત વિષય નિષ્ણાત તરીકે સેવા.
  ઈન્ટર વુમન ચેરિટેબલ ટ્રસ્ટ, કામરેજ સંચાલિત બી.એડ્. કોલેજ. તા. ૨૮-૦૭-૨૦૦૭
- 'ક્રિયાત્મક સંશોધન' વર્કશોપમાં તજજ્ઞ તરીકે સેવા
  માધ્યમિક શિક્ષણ તાલીમ ભવન, ગાંધીનગર. તા. ૦૧-૦૮-૦૭ થી ૦૩-૦૮-૦૭
- Board of Studies વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની મીટીંગમાં હાજરી અને સક્રિય ભાગીદારી - તા. ૨૯-૦૮-૦૭

Scanned with CamScanner

- ઈન્ટરનેશનલ કોન્ફરન્સ (ઓલ ઈન્ડિયા એસોસિએશન ફોર એજ્યુકેશનલ રીસર્ચ)નાં ઉપક્રમે એજ્યુકેશન ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ કોન્ફરન્સમાં 'ધ રોલ ઓફ ટીચર એજ્યુકેશન ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ' વિષયક પેપર રીડીંગ કર્યું.
  દાદા દુખિયાલ કોલેજ ઓફ એજ્યુકેશન, આદીપુર - તા. ૧૪/૧૫-૦૯-૨૦૦૭
- આંતર કોલેજ વ્યાખ્યાન નિમિત્તે વક્તા તરીકે વ્યાખ્યાન. વિષય : ..........................
  શ્રીમતિ વી. બી. ભક્ત શિક્ષણ મહાવિદ્યાલય, કામરેજ ચાર રસ્તા - તા. ૦૪-૧૦-૨૦૦૭
- અધ્યાપક પસંદગીમાં કુલપતિ નિયુક્ત વિષય નિષ્ણાત તરીકે સેવા
  જય ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ, પાંડેસરા સંચાલિત સૂચિત બી.એડ્. કોલેજ - તા. ૧૧-૧-૦૮
- NAAC અંગે વર્કશોપમાં હાજરી
  એકેડેમીક સ્ટાફ કોલેજ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ - તા. ૧૭-૦૧-૦૮
- રીફ્રેશરકોર્સમાં સક્રિય સહભાગીદારીતા
  સી.સી.આર.ટી. આયોજીત રીફ્રેશર કોર્સ "An integrated approach to education"
  પંજાબારી, ગોહતી, આસામ - તા. ૨૨-૦૨-૦૮ થી તા. ૨૬-૦૨-૦૮
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને વી.ટી.ચોક્સી સાર્વજનિક કોલેજ ઑફ એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે અધ્યાપક વ્યાવસાયિક સજ્જતા સેમિનારમાં સહભાગી થયા. તા. ૧૭ અને ૧૮ એપ્રિલ ૨૦૦૮

## ડૉ. જયંત શાહ

- થર્ડ એમ.બી.બી.એસ. પાર્ટ-૧, પ્રેક્ટિકલ પરીક્ષામાં ઓબ્ઝર્વર તરીકે કામગીરી
  ગર્વમેન્ટ મેડિકલ કોલેજ, મજુરાગેટ, સુરત, તા. ૦૩-૦૩-૦૮ થી તા. ૦૫-૦૩-૦૮
- અધ્યાપક પસંદગીમાં કુલપતિ નિયુક્ત વિષય નિષ્ણાંત તરીકે સેવા પાર્થ એજ્યુકેશન ટ્રસ્ટ, સ્વામી નારાયણ ગુરૂકુળ, બી,એડ્. કૉલેજ, સરથાણા - તા. ૦૨-૦૧-૦૮
- Intel અને NCTE ના ઉપક્રમે ડિપાર્ટમેન્ટ ઑફ કમ્પ્યુટર સાયન્સ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના સહયોગથી ICT Workshop for Teacher Educator માં તા. ૧૭-૦૫-૨૦૦૭ થી તા. ૨૪-૦૫-૨૦૦૭ સુધી તાલીમ પ્રાપ્ત કરી.
- અધ્યાપક પસંદગી સમિતિમાં કુલપતિ નિયુક્ત વી.સી.નોમિની તરીકે સેવા - ઈન્ટર વુમન ચેરીટેબલ ટ્રસ્ટ કામરેજ સંચાલિત અંગ્રેજી માધ્યમ બી.એડ્. કૉલેજ, કામરેજ જિલ્લો - સુરત તા. ૨૧-૦૭-૨૦૦૭ અને તા. ૨૮-૦૭-૨૦૦૭
- અધ્યાપક પસંદગી સમિતિમાં કુલપતિ નિયુક્ત વી.સી.નોમિની તરીકે સેવા - બી.જે.પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન બારડોલી - તા. ૨૪-૧૦-૨૦૦૭
- સ્થાનિક તપાસ સમિતિમાં કુલપતિ નિયુક્ત સભ્ય તરીકેની કામગીરી - સરકારી બી.એડ્.કૉલેજ ઑફ કૉલેજ વાંસદા, જિલ્લો - નવસારી તા. ૨૪-૦૧-૨૦૦૮
- અધ્યાપક પસંદગી સમિતિમાં કુલપતિ નિયુક્ત વી.સી.નોમિની તરીકે સેવા - વિદ્યાભારતી ટ્રસ્ટ કૉલેજ ઑફ એજ્યુકેશન પો. ઉમરાખ તા. બારડોલી જિલ્લો - સુરત તા. ૩૦-૦૧-૨૦૦૮

Scanned with CamScanner

- અધ્યાપક પસંદગી સમિતિમાં વી.સી.નોમિની તરીકે સેવા - નર્મદા કૉલેજ ઑફ એજ્યુકેશન, માંગરોલ - જિલ્લો - નર્મદા તા. ૦૫-૦૨-૨૦૦૮
- સ્થાનિક તપાસ સમિતિમાં કુલપતિ નિયુક્ત સભ્ય તરીકેની કામગીરી - સરકારી બી.એડ્. કૉલેજ (બેઝિક) રાજપીપળા. તા. ૦૫-૦૨-૨૦૦૮
- અધ્યાપક પસંદગી સમિતિમાં કુલપતિ નિયુક્ત વી.સી.નૉમિની તરીકે સેવા - શ્રી સર્વોદય શિક્ષણ મંડળ કૉલેજ ઑફ એજ્યુકેશન, ઘોડદોડ રોડ, સુરત. તા. ૧૪-૦૪-૨૦૦૮
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને વી.ટી.ચોક્સી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે અધ્યાપક વ્યાવસાયિક સજ્જતા સેમિનારમાં સહભાગી થયા. તા. ૧૭ અને ૧૮ એપ્રિલ ૨૦૦૮

## પ્રા. પારૂલ ટંડેલ

- INTEL અને NCTE નાં ઉપક્રમે ડીપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યુટર સાયન્સ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનાં સહયોગથી ICT Workshop for Teacher Educator માં તા. ૧૭-૦૫-૦૭ થી તા. ૨૪-૦૫-૦૭ સુધી તાલીમ લીધી.
- તા. ૧૪-૦૯-૦૭ના રોજ એસ.વી.એમ. ગુજરાતી માધ્યમ શાળા, અંકલેશ્વર, દીવા રોડમાં 'હિન્દી દિન' તથા 'ગણેશ ચતુર્થી' દિનની ઉજવણી નિમિત્તે અતિથિ વિશેષ તરીકે હાજરી આપી.
- અધ્યાપક વ્યાવસાયિક સજ્જતા સેમિનારમાં સહભાગીદારીતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને વી. ટી. ચોક્સી, સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશનનાં સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સેમિનાર - તા. ૧૭ અને ૧૮ એપ્રિલ ૨૦૦૮
- કોલેજની સામાજિક પ્રવૃત્તિઓનાં ભાગરૂપે વિવિધ હોસ્પિટલમાં દર્દીઓને હૂંફ આપવા પ્રશિક્ષણાર્થીઓની ટીમના માર્ગદર્શક તરીકે.

  - 'સેવાશ્રમ' હોસ્પિટલ, ભરૂચ - તા. ૧૦-૦૧-૦૮

  - 'સરદાર વલ્લભભાઈ પટેલ' હોસ્પિટલ, અંકલેશ્વર - તા. ૨૯-૦૨-૨૦૦૮

## કવિતા રાઠવા (ગ્રંથપાલ)

- તા. ૧૪-૧૦-૦૭ના રોજ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, અમદાવાદ અને નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારીના સંયુક્ત ઉપકમે યોજાયેલ પ્રાદેશિક સેમિનારમાં "લાયબ્રેરી મેનેજમેન્ટ સોફ્ટવેરના પસંદગીના ધોરણો" વિષયમાં પેપર રજૂ કર્યું.
- તા. ૧૭-૦૨-૦૮ના રોજ "એલ્યુમિની એસોસિયેશન", ડિપાર્ટમેન્ટ ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ, વલ્લભવિદ્યાનગર ખાતે "કોમ્પ્યુટરાઈઝેશન અને નેટવર્કીંગ ઓફ કોલેજ લાયબ્રેરી" અંગેના એક દિવસીય સેમિનારમાં સહભાગી થયા.

Scanned with CamScanner

# વિવિધ સમિતિઓનો અહેવાલ

## સાંસ્કૃતિક સમિતિ

મંત્રી : હેમાંગીની ડી. પ્રજાપતિ

વિદ્યાર્થી સંઘની મહત્ત્વની અને પ્રવૃત્તિમય પાંખ એટલે સાંસ્કૃતિક સમિતિ. વિદ્યાર્થી સંઘની પ્રથમ મિટિંગમાં જ આ વર્ષે કંઈ વિશિષ્ટ કરવાના અમોએ નિર્ધાર કરેલો. મેં, ડાયરાના એક કલાકાર તરીકેના મારા અનુભવનો લાભ કૉલેજને મળે તે હેતુથી, સાંસ્કૃતિક મંત્રી તરીકે ઉમેદવારી નોંધાવેલી. મારામાં વિશ્વાસ મૂકી સમિતિના મંત્રી તરીકે મને જવાબદારી સોંપવા બદલ કૉલેજ પરિવારની હું ઋણી છું. ૨૦૦૭-૦૮ દરમ્યાન સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે યોજાયેલ પ્રવૃત્તિનો અહેવાલ રજૂ કરતાં આનંદ અનુભવું છું.

### (૧) સ્વાતંત્ર્ય દિનની ઉજવણી :

સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ પ્રશિક્ષણાર્થીઓ દ્વારા દેશભક્તિનાં ગીતો રજૂ કરી ભારત માતાને વંદન તથા શહીદ થયેલા વીર જવાનો અને રાષ્ટ્ર નેતાઓને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી. ગીતોની પસંદગી વૈવિધ્યસભર અને રજૂઆત દાદ માંગી લે તેવી હતી.

સ્વાતંત્ર્ય દિને કોલેજ કેમ્પસમાં પબ્લિક સ્કૂલ ખરોડના સ્ટાફ અને ભૂલકાંઓ સાથે આદરણીય ટ્રસ્ટીગણ તથા આમંત્રિતોની ઉપસ્થિતિમાં પ્રશિક્ષણાર્થીઓએ સવારે ૮.૩૦ કલાકે ધ્વજવંદન કર્યું. આઝાદીના જતન માટે શિક્ષકોની ભૂમિકા શું છે તે કૉલેજના માનનીય પ્રાચાર્ય શ્રી તથા આદરણીય પ્રાધ્યાપકગણ દ્વારા જાણવા મળ્યું. મોં મીઠું કરી સૌ વિખરાયા.

### (૨) નવચેતના શિબિર

ભારત દેશનો નાગરિક તન અને મનથી તંદુરસ્ત રહેવો આવશ્યક છે. ત્યારે નાગરિકને ઘડનારો શિક્ષક તન-મનની તંદુરસ્તી માટે જાગૃત થાય એ હેતુથી તા. ૨૪-૯-૦૭ થી ૨૮-૯-૦૭ દરમ્યાન સાંજે ૩.૩૦ થી ૪.૩૦ સુધી નવચેતના શિબિર યોજવામાં આવી.

શ્રી શ્રી રવિશંકર મહારાજના કૃપાપાત્ર એવા તાલીમાર્થી રૂપલબહેન ભાવસારે આ શિબિરમાં સ્ટાફ અને તાલીમાર્થીઓ સમક્ષ તેમના સુમધુર સ્વર દ્વારા પાંચ પ્રકારની યોગ ક્રિયાઓની થીયરીકલ અને પ્રેક્ટીકલ રજૂઆત કરી. પ્રશિક્ષણાર્થીઓએ પણ ખૂબજ ધ્યાનથી તેમની વાત સાંભળી યોગ ક્રિયાઓમાં ભાગ લીધો હતો. તેમણે કરેલી બૌદ્ધિક વાતો પણ મનનીય હતી. શિબિરની પૂર્ણાહૂતિ પ્રસંગે આચાર્યશ્રી પ્રફુલસિંહ રાજે તેમના આ સફળ પ્રયત્નને બિરદાવ્યો હતો અને અભિનંદન આપ્યા હતા.

### (૩) નવરાત્રી પર્વ

મા જગદંબા પાસે શક્તિ માગવાના દિવસો એટલે નવરાત્રી પર્વ. નવરાત્રી શા માટે ? તેના બૌદ્ધિક પાસાની સમજૂતિ બાદ પ્રશિક્ષણાર્થીઓએ બે તાળી, ત્રણ તાળી, દોઢિયું વગેરે પ્રકારના વૈવિધ્યસભર ગરબા રજૂ કરી નવરાત્રી પર્વનો આસો સુદ-આઠમના રોજ એક કલાક સુધી લ્હાવો લીધો હતો.

### (૪) ગીત સ્પર્ધા : (સુગમ ગીત સ્પર્ધા)

પ્રશિક્ષણાર્થીઓમાં રહેલી શક્તિઓનો આવિષ્કાર કરવાના હેતુથી સુગમગીત સ્પર્ધા યોજાઈ. ખૂબ જ

Scanned with CamScanner

મધુર, કર્ણપ્રિય સ્વરવાળા દશ જેટલા પ્રશિક્ષણાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો. બીજું રજૂ થતું ગીત, પ્રથમ રજૂ થયેલ ગીતને ભુલાવે તેવું હતું - નિર્ણાયકોની પરીક્ષા ખરેખરી હતી. સ્પર્ધાને અંતે વિજેતા થયેલ પ્રશિક્ષણાર્થીઓ નીચે મુજબ હતા.

પ્રથમ : પટેલ વીણા
દ્વિતિય : પ્રજાપતિ હેમાંગીની ડી.
તૃતિય : પરમાર વૈશાલી

નિર્ણાયકો તરીકે સેવા - પ્રા. પારૂલબેન ટંડેલ, ગ્રંથપાલ કવિતાબહેન રાઠવા અને પ્રા. ડૉ. જયંત શાહની મળી હતી.

**(૫) પ્રજાસત્તાક દિન :**

પ્રજાસત્તાક દિન કૉલેજ કેમ્પસમાં પબ્લિક સ્કૂલ-ખરોડનાં પ્રાંગણમાંથી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટના પદાધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં પ્રશિક્ષણાર્થીઓ, અધ્યાપકગણ, પબ્લિક સ્કૂલ ખરોડના સ્ટાફ અને વિદ્યાર્થીઓ તથા વાલીગણના સંયુક્ત સહયોગ દ્વારા ઉજવાયો. પબ્લિક સ્કૂલ, ખરોડના વિદ્યાર્થીઓની પરેડ તથા પ્રસંગોચિત સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રશંસનિય હતો. પ્રશિક્ષણાર્થીઓએ પણ કોલેજના વ્યાખ્યાન ખંડમાં પ્રસંગોચિત વક્તવ્ય અને દેશભક્તિના ગીતો દ્વારા પ્રજાસત્તાક દિન ઉજવ્યો.

**(૭) ૧૭મો વાર્ષિકોત્સવ**

કૉલેજના પ્રશિક્ષણાર્થી ભાઈબહેનોની સુષુપ્ત વિવિધ કલા અને શક્તિઓને બહાર લાવવા પ્લેટફોર્મ પૂરું પાડતો કાર્યક્રમ એટલે વાર્ષિકોત્સવ પ્રસંગે યોજાતો સાંસ્કૃતિક કાર્યક્રમ. કોલેજના ૧૭મા વર્ષના વાર્ષિકોત્સવના ઉપક્રમે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન ટ્રસ્ટના પ્રમુખશ્રી આરીફભાઈ વજીફદારે શોભાવ્યું હતું. અતિથિવિશેષ તરીકે ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી સુનિલભાઈ પટેલે તથા મંત્રીશ્રી મહમદ ભૈયાતે કાર્યક્રમની શોભા વધારી હતી. ખરોડ ગામના હાઈસ્કૂલ તથા પ્રાથમિક શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ ઉપરાંત આમંત્રિતો, વાલીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અમારા કાર્યક્રમના પ્રેરક પ્રેક્ષકો હતા.

દીપ પ્રાકટ્ય દ્વારા કાર્યક્રમને ખુલ્લો જાહેર કરવામાં આવ્યો. ત્યારબાદ મા સરસ્વતીની વંદનાનું ગીત રજૂ થયું. કૉલેજના સુકાની ડૉ. પ્રફુલસિંહ જે. રાજે આવકાર પ્રવચન કર્યું તથા મહેમાનોનો પરિચય કરાવ્યો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મુખ્ય મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા કૉલેજ પરિવારે સ્વાગત કર્યુ. કાર્યક્રમમાં કૉલેજના વર્તમાન પ્રશિક્ષણાર્થીઓને સંદિપ પટેલ, અમિત પટેલ, માયા સિંધા, હેમાંગીની પ્રજાપતિ વગેરે વિવિધ કોલેજોમાં વિશિષ્ટ પ્રતિભા દર્શાવી કોલેજને ગૌરવ અપાવવા બદલ પ્રમાણપત્ર તથા પુરસ્કાર અર્પણ વિધિ સંપન્ન થયો. ૨૦૦૬-૦૭માં બી.એડ્.ની પરીક્ષામાં પ્રથમ આવેલ કુ. ધર્મી બી. પટેલને અપ્રતિમ પ્રતિભા હાંસલ કરવા બદલ શીલ્ડ અર્પણવિધિ પ્રશિક્ષણાર્થીઓ માટે પ્રેરણારૂપ બન્યો. પ્રસંગોચિત વક્તવ્યમાં શ્રી સુનિલભાઈ પટેલે કોલેજની વિકાસ ગાથા વર્ણવી હતી અને સૌ તાલીમાર્થીઓને તેજસ્વી કારકીર્દિ હાંસલ કરવા શુભેચ્છા વ્યક્ત કરી હતી.

સૌની આતુરતાનો અંત એટલે સાંસ્કૃતિક કાર્યક્રમનો આરંભ. સૌ પ્રથમ 'સ્વાગત માઈમ' દ્વારા સૌનું સ્વાગત કરી મંત્રમુગ્ધ કર્યા કોલેજના પ્રશિક્ષણાર્થી ભાઈઓની ટીમે. ત્યારબાદ બહેનોએ 'રંગીલો મારો ઢોલ' રાજસ્થાની નૃત્ય રજૂ કરી પ્રેક્ષકોને તાલ અને લય પૂરાવવા મજબૂર કર્યા.

'હાજી અલી' શીર્ષકસ્થ કવ્વાલી રજૂ કરી પ્રશિક્ષણાર્થીઓએ પ્રેક્ષકગણનો ઉમદા પ્રતિભાવ મેળવ્યો. પુરસ્કાર પણ પ્રાપ્ત કર્યો. 'જૂના સ્વર્ગમાં આજનો વિદ્યાર્થી' પ્રહસન રજૂ થયું. આ પ્રહસન દ્વારા સ્વર્ગમાં પણ

Scanned with CamScanner

આધુનિક ઉપકરણોની બોલબાલા છે તે દર્શાવી અસરકારક સંવાદો દ્વારા પ્રેક્ષકગણને હાસ્યમાં તરબોળ કરી દીધું. ત્યારબાદના ક્રમે 'રંગીલા છેલ' નામનું પ્રાદેશિક નૃત્ય રજૂ થયું. જેમાં પ્રશિક્ષણાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો.

આજના સમયની મોટી સમસ્યા 'ભ્રૂણ હત્યા' પર પ્રકાશ પાડતું નાટક રજૂ થયું. જેમાં કલાકાર પ્રશિક્ષણાર્થીઓએ અભિનય દ્વારા કમાલ કરી. પ્રેક્ષકગણે નાટકના થીમની તથા વેધક સંવાદો રજૂ કરવા બદલ સૌ કલાકારોની પ્રશંસા કરી. અભિનય અને સંવાદ અભિવ્યક્તિમાં મોખરે રહ્યા રંજન મહેતા. તેમણે જૂની પરંપરાની 'બા'નું પાત્ર હૂબહૂ ભજવ્યું. ચાણક્ય-અર્થશાસ્ત્રના ધરોહરનું પાત્ર સંદિપ પટેલે એકપાત્રિય અભિયન દ્વારા રજૂ કરી પ્રેક્ષકોનો ઉમદા પ્રતિભાવ મેળવ્યો. અંગ્રેજી પદ્ધતિના પ્રશિક્ષણાર્થીઓ પણ પાછા પડે તેમ નહોતા. તેમણે The Show Must go on રજૂ કર્યું. ગુજરાતને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુંજતું કરનાર ગરબો પ્રશિક્ષણાર્થી બહેનોએ રજૂ કર્યો. જેના શબ્દો હતા 'ફળિયે ફોરી દાડમડીને' ત્યાર બાદ સવા બશેરનું મારું દાતરડું ના શબ્દોથી શરૂ થતું વનવાસી નૃત્ય પ્રશિક્ષણાર્થી ભાઈઓ રજૂ કર્યું. જેના એકશન વૈવિધ્ય તથા વિવિધ પીરામીડોનું સર્જન ધ્યાનાકર્ષક રહ્યા. વળી રંજન મહેતાએ મળેલા જીવની 'જીવલી'ના પાત્રને રંગમંચ પર એકપાત્રિય અભિયન દ્વારા જીવતું કર્યું, જેને પ્રેક્ષકોએ ખૂબ વખાણ્યું. અંતિમ કૃતિ 'એશા દેશ હૈ મેરા' રજૂ કરીને ભારતની ગૌરવ ગાથા પ્રશિક્ષણાર્થીઓ દ્વારા ગવાઈ. આ કૃતિ કાર્યક્રમની શ્રેષ્ઠ કૃતિ તરીકે પ્રેક્ષકોએ બીરદાવી. સાંસ્કૃતિક મંત્રી હેમાંગીની પ્રજાપતિએ રાષ્ટ્રગીત ગાનથી આભાર દર્શન કર્યું. કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઈ.

સાંસ્કૃતિક ઉત્સવ ખરેખર આનંદપર્વ બની રહ્યો. અલ્પાહાર બાદ સૌ સુખદ સ્મૃતિઓને વાગોળતાં છૂટા પડયા

## સાહિત્ય સમિતિ : મંત્રી : માયા એમ. સિંધા

मातेव रक्षति पितेव हिते नियुङ्क्ते
कान्तेव चापिरमयत्यपनीय स्वेदम ।
लक्ष्मीं तनोति विनतोति च दिक्षु कीर्तिम्
किं किं न साधयति कल्पतेव विद्या ।।

અર્થાત્ જે માતાની જેમ રક્ષણ કરે છે, પિતાની જેમ હિતોનું પાલન કરે છે. પત્નીની જેમ દુ:ખ-દર્દને હરી લે છે અને દરેક દિશામાં કીર્તિ ફેલાવે છે. તેવી વિદ્યા શું શું નથી આપતી ? न हि ज्ञानेनसदृशम् पवित्रइद विद्यते ।

તો, આવી વિદ્યા, જ્ઞાન જેવું પવિત્ર આ જગત ઉપર કંઈ જ નથી. જ્ઞાન એક મોટી શક્તિ છે. આજની આગળ વધેલી દુનિયાને આજે જ્ઞાનની ખૂબ જ જરૂર છે. આવું જ્ઞાન આપણને શાળા-કોલેજોમાંથી શિક્ષક મારફત પ્રાપ્ત થાય છે. આવા શિક્ષકોનું ઘડતર કરતી અમારી કોલેજમાં ૨૦૦૭-૦૮ દરમ્યાન સાહિત્ય સમિતિની રચના સહેતુક થઈ. આ સમિતિના ઉપક્રમે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન તથા અમલ થયો. માનનીય આચાર્યશ્રી તથા આદરણીય અધ્યાપક ગણ વિદ્યાલયનાં કોઈપણ કામમાં ચોક્કસ પ્રકારનું આયોજન તે મહાવિદ્યાલયની આગવી વિશેષતા છે.

વિદ્યાર્થી જીવનમાં જો કાંઈ સિદ્ધ કરવા જેવું તત્ત્વ મને લાગ્યું હોય તો તે જીવનકળા છે. જે કળા અહીંથી પ્રાપ્ત થાય છે. વર્ષભર પ્રવૃત્તિઓથી ધમધમતી રહેતી એજ્યુકેશન કોલેજના સાહિત્ય સમિતિ અંતર્ગત વર્ષ ૨૦૦૭-૦૮ દરમિયાન થયેલા કાર્યક્રમોનો અહેવાલ રજૂ કરતા હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

Scanned with CamScanner

**(૧) કૉલેજ સ્થાપના દિન અને શિક્ષક દિન :**

સૌપ્રથમ ૫મી સપ્ટેમ્બર - કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ અર્થાત્ અમારી કૉલેજનો સ્થાપનાદિન અને શિક્ષકદિન બંનેની સંયુક્ત રીતે ઉજવણી કરવામાં આવી. આ બેવડા ઉત્સવ માટે આગલા દિવસથી કૉલેજના મકાનને ખૂબ સુંદર રીતે સજાવી દેવામાં આવ્યું.

આ દિવસે પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રાર્થના, સ્વાગતગીત, સમૂહગીત રજૂ થયા. અનોખી રીતે દીપપ્રાગટ્ય બાદ અતિથિઓના પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યા. ડૉ. રાધાકૃષ્ણન્‌ના જીવનનું શબ્દચિત્ર પ્રશિક્ષણાર્થી પારૂલબેન પટેલે રજૂ કર્યું. કાર્યક્રમમાં અતિથિવિશેષ મહંમદભાઈ ભેયાત તથા પ્રમુખશ્રી આરીફભાઈ વજીફદારે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું.

શિક્ષકદિન નિમિત્તે અમારી કોલેજમાં એક વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિષય હતો,

**'શું આજનું શિક્ષણ સમાજની જરૂરિયાત સંતોષે છે ?'**

જેમાં વિજેતા : **પ્રથમ** : રંજનબહેન મહેતા, **દ્વિતીય** હેમાંગિનીબહેન પ્રજાપતિ રહ્યાં હતાં.

નિર્ણાયક તરીકેની ભૂમિકા - ડૉ. જયંતભાઈ એ. શાહ તથા પ્રા.પારૂલબેન ટંડેલ અને ગ્રંથપાલ કવિતાબેન રાઠવાએ સેવા આપી હતી. પ્રાચાર્યશ્રી પી. જે. રાજ સાહેબે વિજેતાઓને અભિનંદન આપ્યા હતા.

તદ્‌ઉપરાંત આ જ દિને વિશેષ ઉપક્રમે એક નિબંધ સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં વિષય 'શિક્ષણમાં સરકારની નીતિ' હતો.

આ નિબંધ સ્પર્ધામાં વિજેતા આ મુજબ હતાં.

(૧) હિરલ ગભાણિયા, પ્રથમ (૨) ભુતાવાલા ફોજિયા, દ્વિતીય

**(૨) હિન્દી દિનની ઉજવણી :**

ત્યારબાદ ૧૪મી સપ્ટેમ્બરે હિન્દી દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં પ્રશિક્ષણાર્થીઓએ ઉમળકાભેર વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. ભારતીય સંસ્કૃતિ મુજબ પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત થઈ. સાહિત્ય સમિતિ અને હિન્દી મેથડના પ્રશિક્ષણાર્થીઓના સહયોગથી યોજાયેલ આ કાર્યક્રમમાં વિવિધ હિન્દી ગીતોનો આનંદ માણ્યો. સુમિત્રાબહેન પટેલે 'રાષ્ટ્રભાષા હિન્દી કી વાસ્તવિક સ્થિતિ'ના વિષયમાં પોતાનું વક્તવ્ય આપ્યું. કબીરજીના દોહા-ચોપાઈની પણ રમઝટ જામી. 'હિન્દી સાહિત્યના ઈતિહાસ' પર અત્યાર સુધીની વિકાસયાત્રાનું વિવરણ કરવામાં આવ્યું.

પ્રાચાર્યશ્રી ડૉ. પી. જે. રાજ સાહેબે પ્રસંગાનુરૂપ વક્તવ્ય આપ્યું. સામાન્યમંત્રી જલ્પાબહેન પટેલે પણ પોતાના વિચાર પ્રગટ કર્યા. અંતમાં સાહિત્યમંત્રી સિંધા માયાબહેન મહેન્દ્રસિંહે આભારવિધિ અંતર્ગત દરેકનો આભાર વ્યક્ત કર્યો.

**(૩) ગાંધીજયંતી :**

૨જી ઓક્ટોબર નિમિત્તે, પૂર્વસંધ્યાએ અનોખી રીતે ગાંધીજીને યાદ કરી. શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતાં. ગાંધીજીના વિવિધ પ્રસંગોના ફોટોગ્રાફસ દર્શાવી રૂપલબેન ભાવસારે સૌને ગાંધીદર્શન કરાવ્યું હતું. તદ્‌ઉપરાંત ગીતોની રમઝટ, ગાંધી વિચારોની છોળો અને ગાંધીજીને ભાવભરી શ્રદ્ધાંજલિ આપી હતી.

Scanned with CamScanner

## રમતગમત સમિતિ :

મંત્રી : જયેશ પટેલ

કૉલેજની રમતગમત સમિતિ આયોજિત રમતોત્સવ ૨-૨-૦૮ના રોજ સંપન્ન થયો. જેમાં કૉલેજના તમામ પ્રશિક્ષણાર્થીઓ તથા કર્મચારીગણ સહભાગી થયા. પ્રારંભમાં પ્રાર્થના બાદ પ્રાચાર્ય ડૉ. પી. જે. રાજે રમત દ્વારા વ્યક્તિમાં ગુણોનો વિકાસ કરી શકાય છે. તેમ જણાવી જીવનને એક રમત સમજી જીવવાની વાત કરી. જેમ રમતમાં 'અમ્પાયર ઈઝ ગોડ' હોય છે. તેમ જીવનમાં 'ગોડ ઈઝ એમ્પાયર' સમજીને તેના નિર્ણયો માથે ચઢાવવા જોઈએ, ત્યારબાદ રમતોત્સવને ખુલ્લો જાહેર કરી રમતોનો આરંભ કરવા જણાવ્યું.

**વિવિધ રમતોનું પરિણામ**

| | | |
|---|---|---|
| (૧) ૧૦૦ મીટર દોડ (ભાઈઓ) | પ્રથમ | સોકત અલી ઠાકોર |
| | દ્વિતીય | યોગેશ વસાવા |
| (૨) ૧૦૦ મીટર દોડ (બહેનો) | પ્રથમ | જીજ્ઞેશા પટેલ |
| | દ્વિતીય | સુમિત્રા પટેલ |
| (૩) સંગીત ખુરશી (બહેનો) | પ્રથમ | સોનલ ચૌધરી |
| (૪) ક્રિકેટ | એ-ટીમના કેપ્ટન | સોકત અલી ઠાકોર |
| | બી-ટીમના કેપ્ટન | યોગેશ વસાવા |

પ્રથમ દાવ લઈ બી-ટીમે ૧૫૬ રન નોંધાવ્યા. જેમાં અરવિંદ પરમારના ૫૪ રન, ઈસ્માઈલ જોગીયાત (ક્લાર્ક)ના ૨૮ રન, સુનિલ યાદવના ૧૩ રન મુખ્ય હતા. જ્યારે એ-ટીમે ૧૫૭ રન કરી વિજય મેળવ્યો. જેમાં સુભાષ પરમારના ૫૮ રન, સૌકત ઠાકોરના ૩૮ રન અને દિવાકર પ્રજાપતિના ૧૫ રન મુખ્ય હતા.

| | |
|---|---|
| (૫) ખોખો (બહેનો) | એ-ટીમ |
| | બી-ટીમ |

સ્પર્ધાને અંતે એ-ટીમ વિજેતા રહી હતી.

(૬) કેરમ (ડબલ્સ-બહેનો) જલ્પાબહેન પટેલ તથા વીણા પટેલની જોડી કેરમ વિજેતા બની હતી.

| | | |
|---|---|---|
| (૭) વોલીબોલ | એ-ટીમ | વસાવા સુનિલ (કેપ્ટન) |
| | બી-ટીમ | ગામીત નિલેશ (કેપ્ટન) |

રસાકસીના અંતે બી-ટીમ વિજેતા જાહેર થઈ હતી. પ્રશિક્ષણાર્થીઓએ રમતોત્સવને આનંદ, ઉત્સાહથી સફળ બનાવ્યો.

## ગ્રંથાલય સમિતિ :

**મંત્રી : સુનિલ યાદવ**

**પુસ્તક પરિચય :**

ગ્રંથાલય સમિતિ અન્વયે 'પુસ્તક પરિચય'ની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. જેમાં ગ્રંથપાલ કવિતાબહેન રાઠવાએ પુસ્તક સમીક્ષા / પુસ્તક પરિચય અંગેની માહિતી તેમના વક્તવ્યમાં આપી હતી. જેમાં પુસ્તક પરિચય કેવી રીતે કરવું. ગ્રંથ સમીક્ષાથી પુસ્તક પરિચય કેવી રીતે જુદો પડે, તેના હેતુ, તેમાં સમાવવામાં આવતી

Scanned with CamScanner

મુદ્દાની વિગતે માહિતી આપી હતી. ત્યારબાદ દરેક પ્રશિક્ષણાર્થીઓએ પોતાને મનગમતાં પુસ્તકનો પુસ્તક પરિચય લેખિત સ્વરૂપે એક મહિના બાદ સબમિશન કર્યું હતું.

**સ્ક્રેપબુક બનાવવી :**

ગ્રંથાલય સમિતિ અન્વયે પોતાની શિક્ષણ પદ્ધતિમાં વર્તમાનપત્રમાં આવતી માહિતીનો સાંદર્ભિક ઉપયોગ કરી પોતાના વિષયવસ્તુને વધુ દૃઢ બનાવવા તેમજ તે અંગે પોતાના વિષયવસ્તુ સાથે સહસંબંધ સ્થાપી પૂરક માહિતી વિદ્યાર્થીઓને આપે તે હેતુ સહ વર્તમાનપત્રમાં આ બધાં ચિત્રો, લેખો તેમજ માહિતીમાંથી સ્ક્રેપબુક બનાવવાની પ્રવૃત્તિ હાથ ધરાઈ હતી. જેમાં કોલેજના પ્રશિક્ષણાર્થી સુનિલકુમાર યાદવ, ગામિત નિલેશ, વસાવા યોગેશ, પટેલ અમિત, પટેલ કમલેશ, પટેલ જયેશ દ્વારા સ્ક્રેપ બુક બનાવવામાં આવી.

## પ્રદાન મુખ્ય બને ને અસર ગૌણ બને ત્યારે શિક્ષણ શૂન્યતા સર્જે છે

આજે સર્વત્ર પ્રદાનને જ મહત્ત્વ આપવામાં આવે છે પણ તેની અસર અંગે ચિંતા સેવાતી નથી. વિજ્ઞાનના આવિષ્કારે આજે માહિતીઓના પ્રદાનને હરણફાળ આપી છે. પણ અસરના પ્રકારો અંગે ચિંતા સેવી નથી.

અણુમાં પડેલી તાકાતને વિજ્ઞાને પ્રગટ કરી દીધી. અણુબૉંબ સર્જાયા. પણ તેની અસર? વિશ્વને સતત ભયના ઓથાર નીચે જીવતું કરી દીધું.

ધરતીનાં પેટાળમાં શું છે? ક્યાં છે ? કેટલું છે ? વિજ્ઞાને શોધી કાઢ્યું. પછી તેની અસર ? ધરતીના પેટાળને ખોદી ખોદીને તેને બોદું કરી નાંખવામાં આવ્યું.

જમીન નીચે ક્યાં અને કેટલે ઊંડે કેટલું પાણી છે? તેને વગર મહેનતે કઈ રીતે ઉપર લાવી શકાય ? તે વિજ્ઞાને શોધી કાઢ્યું. પછી તેની અસર ? પીવાના પાણીના મુદ્દે યુદ્ધો ફાટી નીકળે તેવી તીવ્ર કટોકટી ઊભી થઈ.

ખનિજોના વિવિધ ઉપયોગો રજૂ થયા. પછી તેની અસર? પર્યાવરણશાસ્ત્રીઓને પૂછો !

પેટમાં બાળક છે... કે બાળકી ? તેની આગોતરી જાણકારી અપાવતા સાધનો ઉપલબ્ધ થયા. તેની અસર જગજાહેર છે.

દરિયાના કયા ભાગમાં માછલાં ચિક્કાર છે તેની ભાળ મળવા માંડી અને મચ્છીમારી દ્વારા દરિયાને વાંઝિયો બનાવવાની પ્રક્રિયા આરંભાઈ ગઈ.

હજારો માઈલ દૂર શું થઈ રહ્યું છે ? તેનું જીવંત પ્રસારણ દિવાનખાના સુધી કરી આપતી સેટેલાઈટ શક્તિ સક્રિય થઈ. પરિણામે, માણસના ખોળિયે રાક્ષસો પાકતા ગયા. હિંસા અને દુરાચારે માઝા મૂકી દીધી.

લોખંડના સાધનોના જોડાણની તાકાતનો પરિચય વિજ્ઞાને કરાવ્યો. યંત્રો બન્યાં અને માણસ યંત્રવત્ જડ બનતો ગયો. ઉત્પાદન વધતું ગયું, માલનું અને બેકારીનું.

પ્રદાન અંગે વિજ્ઞાને ઘણું કરી દેખાડયું છે પણ અસર અંગે તેનું મોં નીચું છે. પ્રદાન મુખ્ય બને ને અસર ગૌણ બને ત્યારે શિક્ષણ શૂન્યતા સર્જે છે.

Scanned with CamScanner

# ઋણ સ્વીકાર

*"સહભાગીતા છે આ સર્જનમાં જેઓની*
*તે સર્વનો કૃતજ્ઞ બની આભાર માનું એમનો."*

- **માનનીયશ્રી અહમદભાઈ પટેલ (સંસ્થાના સ્થાપક પ્રમુખશ્રી)** હરહંમેશ કોલેજ પરિવારના પ્રેરક અને દીવાદાંડી સમાન સતત દિશાસૂચન કરવા બદલ તેઓના અમે સદૈવ ઋણી રહીશું.
- **ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તેમજ હોદ્દેદારો** કે જેઓએ સંસ્થાના પ્રગતિપંથને ઉર્ધ્વગતિમાં કંડારવા સતત સલાહકાર બની સહાયક થવા બદલ અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.
- **ખરોડ ગામના સરપંચશ્રી મહંમદભાઈ ભેંચાત તથા ગ્રામજનો, શૈક્ષણિક સંસ્થાઓ અને આરોગ્યકેન્દ્ર વગેરે...** જેઓએ દરેક કાર્યપ્રવૃત્તિમાં સહાયતા કરી કાર્યને વેગ આપ્યો છે. જેઓના અમે સહૃદયી આભારી છીએ.
- **વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી તેમજ યુનિવર્સિટીના પદાધિકારીશ્રી** કે જેઓએ કોલેજની શૈક્ષણિક પ્રગતિ માટે માર્ગદર્શન આપવા બદલ અમે સદાયે કૃતજ્ઞ બની રહીશું.
- **ગુજરાત સરકાર તેમજ ઉચ્ચ શિક્ષણ અને નાણાં વિભાગ** દ્વારા સમયસર માન્યતા, ગ્રાન્ટ તેમજ શિષ્યવૃત્તિના વહીવટી કાર્ય માટે અમો આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.
- **સ્મીરા ગ્રાફિક્સ, ભરૂચના શ્રી મુકેશભાઈ તથા સહાયક કર્મચારીના** અમો ઋણી છીએ કે જેઓ દ્વારા વૈચારિક મનોમંથનને મુદ્રિત કરી "ઉત્કર્ષ" રૂપે સાકાર કર્યું છે.
- વર્ષ : ૨૦૦૭-૦૮ના પ્રેક્ટિસ લેશન તેમજ વાર્ષિક પાઠ માટે યોગ્ય આયોજન, અમલ, મંજૂરી આપી સહૃદયી સહયોગ આપવા બદલ શાળા પરિવારના અમે આભારી છીએ.

**(અ) શિક્ષણ પાઠ (પ્રેક્ટિસ લેશન) માં સહાયક શાળાઓ.**

(૧) ઈ.એન.જીનવાલા હાઈસ્કૂલ, અંકલેશ્વર.
(૨) એમ.ટી.એમ. ગર્લ્સ હાઈસ્કૂલ,
(૩) ધી ખરોડ અંજૂમન સાર્વજનિક હાઈસ્કૂલ, ખરોડ.
(૪) સ્વામી નારાયણ ગુરૂકુલ વિદ્યાલય, અંકલેશ્વર (જી.આઈ.ડી.સી.)
(૫) લાયન્સ સ્કૂલ, અંકલેશ્વર. (જી.આઈ.ડી.સી.)
(૬) શ્રી ગહુ વિદ્યાલય, અંકલેશ્વર. (જી.આઈ.ડી.સી.)
(૭) શ્રી ટી. એમ. શાહ અને એ. વી. એમ. હાઈસ્કૂલ, (અંકલેશ્વર)
(૮) શ્રી ઝેનિથ હાઈસ્કૂલ, અંકલેશ્વર.
(૯) શ્રી જ્ઞાનદીપ અનુપ કુંવરબા હાઈસ્કૂલ, અંદાડા.
(૧૦) એમિટી હાઈસ્કૂલ, ભરૂચ.
(૧૧) નારાયણ વિદ્યાવિહાર, ભોલાવ (ભરૂચ)

Scanned with CamScanner

(બ) વાર્ષિક પાઠમાં સહાયભૂત થનાર શાળાઓ

- શ્રી જ્ઞાનદીપ અનુપ કુંવરબા હાઈસ્કૂલ, અંદાડા

❖ મયકેતર શિક્ષણ કાર્યક્રમ હેતુપૂર્ણ પરિપૂર્ણ કરવા શાળાના આચાર્ય, શિક્ષકો તેમજ કર્મચારીઓના સહકારથી કાર્યક્રમની સફળતાના સહાયક આપ સૌ શાળા પરિવારના અમે ઉપકૃત બની રહીશું.

(૧) શ્રી બી. એચ. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ, ટાંકલ (જિ. નવસારી)
(૨) પુ. વા. સા. હાઈસ્કૂલ, ગણદેવા (ખારેલ) જિ. નવસારી
(૩) નર્મદા વિદ્યાલય, નર્મદાનગર, ભરૂચ.
(૪) શ્રી આર. એન. પટેલ વિદ્યાલય, સરભાણ

❖ **ઈન્ટર્નશીપ કાર્યક્રમમાં સહયોગી શાળાઓના.....**

શિક્ષક તરીકેની વ્યાવસાયિક ભૂમિકાના કાર્યક્ષેત્રને સંપૂર્ણ રીતે જાણે, તે ધ્યેયની પરિપૂર્તિ માટે તા. ૧૬-૦૨-૦૮ થી તા. ૨૯-૦૨-૦૮ના સમયાવધિ દરમ્યાન પ્રાયોગિક પાઠ અને શૈક્ષણિક સહઅભ્યાસ પ્રવૃત્તિ માટે સતત માર્ગદર્શન અને હૂંફ આપવા બદલ અમો આભારી છીએ.

❖ **ઈન્ટર્નશીપ શાળાની યાદી :**

(૧) ધી ખરોડ અંજુમને સાર્વજનિક હાઈસ્કૂલ, ખરોડ
(૨) સાર્વજનિક હાઈસ્કૂલ, પાનોલી.
(૩) શ્રીમતિ એમ. ટી. એમ. ગર્લ્સ હાઈસ્કૂલ, અંકલેશ્વર.
(૪) ઈ. એન. જીનવાલા હાઈસ્કૂલ, અંકલેશ્વર.
(૫) શ્રી તક્ષશિલા વિદ્યાલય, નવા બોરભાઠા, અંકલેશ્વર.
(૬) લાયન્સ સ્કૂલ, અંકલેશ્વર. (જી.આઈ.ડી.સી.)
(૭) સ્વામી નારાયણ ગુરુકુલ, અંકલેશ્વર. (જી.આઈ.ડી.સી.)
(૮) ગટુ વિદ્યાલય, અંકલેશ્વર. (જી.આઈ.ડી.સી.)
(૯) સંસ્કાર ભારતી વિદ્યાલય, સામોર (અંકલેશ્વર)
(૧૦) શ્રી શાંતિવિદ્યાલય, લીંક રોડ, ભરૂચ.
(૧૧) શ્રી નર્મદા વિદ્યાલય, નર્મદાનગર, ભરૂચ.
(૧૨) શ્રી સજોદ સાર્વજનિક હાઈસ્કૂલ, સજોદ.

❖ સંસ્થાની પ્રાસંગિક મુલાકાત લઈ પોતાના વિચારોનું પ્રત્યાયન કરી કોલેજ પરિવારમાં વૈચારિક સમૃદ્ધિ કરવા બદલ અમો સહુ આપના આભારી રહીશું.

❖ **આંતર કોલેજ વ્યાખ્યાન :**

(૧) ડૉ. મયુરીબેન ભાટિયા, પ્રાધ્યાપિકા, શ્રી રંગનવચેતન આર્ટસ્ કોલેજ, વાલીયા.
(૨) ડૉ. કિશોર નાયક, પ્રાધ્યપકશ્રી, શ્રી રંગ શિક્ષણ મહા વિદ્યાલય, બીલીમોરા.

❖ **શુભેચ્છા સમારોહ :**

માનનીયશ્રી ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી (કુલપતિશ્રી), વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

Scanned with CamScanner

# સંપર્ક સેતુ : ૨૦૦૭-૨૦૦૮

| રોલ નં. | નામ / સરનામું | પદ્ધતિ | શૈક્ષણિક લાયકાત | જન્મ તારીખ | મોબાઈલ / ફોન નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | **ભુતાવાલા ફોજીયા ફીરોજ**<br>પટેલ સ્ટ્રીટ, ટંકારીઆ.<br>તા.જી. ભરૂચ.<br>પીન - ૩૯૨ ૨૪૦ | અંગ્રેજી-<br>સામાજિક<br>વિજ્ઞાન | એમ.એ.<br>(અંગ્રેજી) | ૦૮-૦૩-૮૪ | ૯૪૨૭૪૧૩૦૨૧ |
| ૨ | **કંથારિયા અશોક મોહનભાઈ**<br>૨૪૩, કૃષ્ણ સ્ટ્રીટ, મોટીવેડ,<br>સુરત સીટી, સુરત પીન-૩૯૫ ૦૦૪ | અંગ્રેજી-<br>સામાજિક<br>વિજ્ઞાન | એમ.એ.<br>(અંગ્રેજી) | ૧૭-૦૮-૮૪ | ૯૮૭૯૪૨૯૧૬૭ |
| ૩ | **માંજરા ઈમ્તીયાઝ હાસીમ**<br>મુ.પો. જૂના દિવા, બાર ફળિયા,<br>તા. અંકલેશ્વર, જી. ભરૂચ-૩૯૩ ૦૧૮ | અંગ્રેજી-<br>સામાજિક<br>વિજ્ઞાન | એમ.એ.<br>(અંગ્રેજી) | ૩૦-૦૫-૮૨ | (૦૨૬૪૬)<br>૨૪૭૭૦૭<br>૯૮૨૪૧૪૬૯૮૯ |
| ૪ | **પટેલ વીણાબહેન શાંતિલાલ**<br>મુ.સારંગપુર (મંદિર ફળીયું)<br>પો. મોતાલી, તા. અંકલેશ્વર,<br>જી. ભરૂચ. પીન-૩૯૩ ૦૦૧ | અંગ્રેજી-<br>સામાજિક<br>વિજ્ઞાન | એમ.એ.<br>(અંગ્રેજી) | ૦૪-૦૧-૮૫ | ૯૯૨૫૦૫૧૬૪૬<br>૯૪૨૮૧૭૮૩૬૨ |
| ૫ | **રાણા પ્રિતી ભરતભાઈ**<br>બી-૨૮, જયશ્રી કૃષ્ણનગર,<br>ચોમલેશ, હાંસોટ રોડ, અંકલેશ્વર<br>જી. ભરૂચ. પીન-૩૯૩ ૦૦૧ | અંગ્રેજી-<br>સામાજિક<br>વિજ્ઞાન | એમ.એ.<br>(અંગ્રેજી) | ૦૨-૦૫-૮૫ | ૯૮૯૮૪૭૭૬૫૯ |
| ૬ | **ઠાકોર સોકતઅલી દાઉદભાઈ**<br>મુ.પો.વોરાસમની<br>તા. વાગરા, જી. ભરૂચ<br>પીન-૩૯૩ ૦૦૧ | અંગ્રેજી<br>સામાજિક<br>વિજ્ઞાન | બી.એ.<br>અંગ્રેજી | ૨૦-૦૫-૮૭ | ૯૯૯૮૧૮૫૬૮૬<br>(૦૨૬૪૧)<br>૨૨૧૧૧૧ |
| ૭ | **વૈદ મનિષા રામગોપાલ**<br>સ્ટ્રીટ-૧૯, ક્વાર્ટર-૨૪, નર્મદાનગર<br>ભરૂચ | અંગ્રેજી<br>સામાજિક<br>વિજ્ઞાન | | ૧૪-૦૯-૭૪ | ૯૮૨૫૫૬૭૩૭૪ |
| ૮ | **વસાવા યોગેશકુમાર મહેન્દ્રભાઈ**<br>મુ.પો. વિરપોર<br>તા. રાજપીપળા, જી. નર્મદા<br>પીન-૩૯૩ ૧૪૫ | અંગ્રેજી<br>સામાજિક<br>વિજ્ઞાન | એમ.એ.<br>(અંગ્રેજી) | ૧૯-૦૬-૮૫ | ૯૩૭૭૩૦૪૧૨૦<br>(૦૨૬૪૦)<br>૨૪૬૦૨૪<br>૯૩૭૭૩૦૪૧૪૪ |

Scanned with CamScanner

| રોલ નં. | નામ / સરનામું | પદ્ધતિ | શૈક્ષણિક લાયકાત | જન્મ તારીખ | મોબાઈલ / ફોન નંબર |
|---|---|---|---|---|---|
| ૯ | **પટેલ અમિતકુમાર નાથુભાઈ**<br>મુ.પો. કોબા<br>તા. ઓલપાડ, જી. સુરત-૩૯૪ ૫૪૦ | ગુજરાતી<br>સમાજવિદ્યા | એમ.એ.<br>(ગુજરાતી) | ૦૯-૧૨-૮૪ | ૯૯૧૩૫૬૬૦૧૪<br>(૦૨૬૨૧)<br>૨૯૧૫૯૯ |
| ૧૦ | **પટેલ સંદિપકુમાર કિરીટભાઈ**<br>દાજિબાવા ટેકરો, રામજી મંદિર પાસે,<br>જંબુસર, જી. ભરૂચ. | ગુજરાતી<br>સમાજવિદ્યા | એમ.એ.<br>(ગુજરાતી) | ૧૪-૧૧-૮૩ | ૯૩૭૪૭૧૭૦૭૮ |
| ૧૧ | **સિંધા માયાબહેન મહેન્દ્રસિંહ**<br>બેન્ક ફળિયું, મુ.પો.અટાલી<br>તા. વાગરા, જી. ભરૂચ | ગુજરાતી<br>સામાજિક<br>વિજ્ઞાન | એમ.એ.<br>(ગુજરાતી) | ૧૬-૧૦-૭૯ | ૯૮૨૫૫૭૪૩૯૯<br>પીપી (૦૨૬૪૧)<br>૨૫૪૨૬૩ |
| ૧૨ | **સોની અમીબહેન અરવિંદલાલ**<br>૬૭, જય ગાયત્રીનગર સોસાયટી,<br>અમીતનગર સર્કલ, વી.આઈ.પી. રોડ,<br>કારેલીબાગ, વડોદરા. | ગુજરાતી<br>સામાજિક<br>વિજ્ઞાન | એમ.એ.<br>(ગુજરાતી) | ૧૧-૦૧-૮૩ | ૯૩૨૭૬૪૫૩૬૧ |
| ૧૩ | **ઝાલા માયાબહેન પ્રભુભાઈ**<br>મુ.પો. ધોરણ પારડી, તા. કામરેજ<br>જી. સુરત-૩૯૪ ૧૫૦ | ગુજરાતી<br>સામાજિક<br>વિજ્ઞાન | એમ.એ.<br>(ગુજરાતી) | ૨૨-૦૪-૮૩ | ૯૯૦૪૧૫૨૭૫૭<br>(૦૨૬૨૧)<br>૨૯૦૦૪૯ |
| ૧૪ | **મનસુર રઈશા અબ્દુલ રઝાક**<br>મુ.પો.સાયણ, તા. ઓલપાડ<br>જી. સુરત-૩૯૪ ૫૪૦ | સામાજિક<br>વિજ્ઞાન<br>ગુજરાતી | એમ.એ.<br>(ઈતિહાસ) | ૨૭-૦૨-૮૩ | ૯૯૦૪૨૧૨૮૨૯<br>(૦૨૬૨૧)<br>૨૪૪૦૦૬ |
| ૧૫ | **પટેલ વિજયકુમાર મોહનભાઈ**<br>મુ.પો. ભીનાર (ટાંકલી ફ.)<br>તા. વાંસદા, જિ. નવસારી-૩૯૬૫૯૧ | સામાજિક<br>વિજ્ઞાન<br>ગુજરાતી | એમ.એ.<br>(ઈતિહાસ) | ૧૭-૧૧-૭૮ | ૯૪૨૭૫૧૫૭૨૫<br>(૦૨૬૩૦)<br>૨૩૬૧૪૬ |
| ૧૬ | **પરમાર વૈશાલીબહેન પરભુભાઈ**<br>મુ.પો.તા. ઓલપાડ, કોલેજ રોડ,<br>જી. સુરત-૩૯૪ ૫૪૦ | ગુજરાતી<br>હિન્દી | એમ.એ.<br>(ગુજરાતી) | ૦૬-૦૪-૮૪ | ૯૮૭૯૩૧૪૫૦૦<br>(૦૨૬૨૧)<br>૨૨૦૩૨૧ |
| ૧૭ | **પટેલ સુમિત્રાબહેન દ્વારકાભાઈ**<br>બી-૨૦૫, બિલ્ડીંગ સાઈ સૃષ્ટિ આમલી<br>યોગીદર્શન-૨ની સામે,<br>સેલવાસ, દાદરા નગર હવેલી. | ગુજરાતી<br>હિન્દી | એમ.એ.<br>(ગુજરાતી) | ૨૫-૦૬-૮૨ | ૯૨૨૮૪૩૪૬૧૬<br>૯૨૨૮૧૬૮૧૦૫ |
| ૧૮ | **વસાવા દિલીપભાઈ ચંદુભાઈ**<br>મુ. ધોલેખામ, પો. કાંટીપાડા<br>તા. ઝઘડીયા, જી. ભરૂચ-૩૯૩ ૧૩૦ | ગુજરાતી<br>હિન્દી | એમ.એ.<br>(ગુજરાતી)<br>બી.પી.એડ્ | ૦૧-૦૬-૮૦ | ૯૯૭૯૧૨૫૫૫૮<br>૯૯૧૩૧૨૦૯૫૪ |

Scanned with CamScanner

| રોલ નં. | નામ / સરનામું | પદ્ધતિ | શૈક્ષણિક લાયકાત | જન્મ તારીખ | મોબાઈલ / ફોન નંબર |
|---|---|---|---|---|---|
| ૧૯ | **ચૌધરી રેખાબહેન રમેશભાઈ**<br>મુ.પો. કેળકુઈ (નદી ફળિયું)<br>વાયા. બુહારી, જી. સુરત-૩૯૪ ૬૩૦ | હિન્દી<br>ગુજરાતી | એમ.એ.<br>(હિન્દી) | ૨૮-૦૩-૮૪ | ૯૮૨૫૩૫૪૫૩૬<br>(૦૨૬૨૫)<br>૨૨૨૫૯૬ |
| ૨૦ | **ગોહિલ કિશોરકુમાર દેવજીભાઈ**<br>મુ.પો. દયાદરા,<br>તા.જી. ભરૂચ-૩૯૨ ૦૨૦ | હિન્દી<br>ગુજરાતી | એમ.એ.<br>(હિન્દી) | ૦૬-૧૨-૭૯ | ૯૯૧૩૦૪૭૩૧૯<br>(૦૨૬૪૨)<br>૨૮૨૯૦૫ |
| ૨૧ | **પટેલ ધર્મિષ્ઠાબહેન ધીરૂભાઈ**<br>મુ.પો. ઊડાંચ વાણિયા ફળિયા<br>તા. ગણદેવી, વાયા. બીલીમોરા.<br>જી. નવસારી-૩૯૬ ૩૨૧ | હિન્દી<br>ગુજરાતી | એમ.એ.<br>(હિન્દી) | ૦૪-૦૨-૮૪ | ૯૯૭૮૨૬૦૨૦૫<br>૯૩૭૫૯૬૮૫૪૫ |
| ૨૨ | **પટેલ રશ્મિતાબહેન ફકીરભાઈ**<br>મુ.પો. મોટી દેવસર લક્ષ્મી ફળિયા,<br>તા. ગણદેવી, વાયા. બીલીમોરા<br>જી. નવસારી-૩૯૬ ૩૨૧ | હિન્દી<br>ગુજરાતી | એમ.એ.<br>(હિન્દી) | ૩૦-૦૫-૮૩ | ૯૯૭૮૨૬૪૩૬૩<br>૯૯૦૯૪૯૩૪૬૪<br>(૦૨૬૩૪)<br>૨૮૧૭૬૫ |
| ૨૩ | **વસાવા કલ્પનાબહેન દામજીભાઈ**<br>મુ.પો. બિલવાણ, તા. ઉમરપાડા<br>જી. સુરત-૩૯૪ ૪૪૫ | હિન્દી<br>ગુજરાતી | એમ.એ.<br>(હિન્દી) | ૦૧-૦૬-૮૩ | ૯૪૨૭૮૭૪૭૧૬<br>(૦૨૬૨૯)<br>૨૯૫૦૪૪<br>૨૯૫૦૪૮ |
| ૨૪ | **વસાવા સુનિલકુમાર મોહનભાઈ**<br>મુ. તાબદા, પો. ખોડીપાડા,<br>તા. દેડીયાપાડા, જી. નર્મદા | હિન્દી<br>ગુજરાતી | એમ.એ.<br>(હિન્દી) | ૨૫-૦૬-૮૨ | |
| ૨૫ | **કટારીયા સુભાષચંદ્ર ગોપાળભાઈ**<br>ડો. આંબેડકરનગર, મુ.પો. સજોદ<br>તા. અંકલેશ્વર-૩૯૩ ૦૨૦<br>જી. ભરૂચ. | સામાજિક<br>વિજ્ઞાન<br>અર્થશાસ્ત્ર | એમ.એ.<br>(અર્થશાસ્ત્ર) | ૦૭-૧૨-૭૮ | ૯૯૭૯૨૭૮૪૩૦<br>(૦૨૬૪૬)<br>૨૬૫૮૦૦ |
| ૨૬ | **પટેલ કમલેશકુમાર મગનલાલ**<br>મુ.પો. કોબા, તા. ઓલપાડ,<br>જી. સુરત- ૩૯૪ ૫૪૦ | સામાજિક<br>વિજ્ઞાન<br>અર્થશાસ્ત્ર | એમ.એ.<br>(ઈતિહાસ) | ૦૮-૦૩-૮૩ | ૯૯૨૫૦૧૬૧૮૨<br>(૦૨૬૨૧)<br>૯૧૮૯૫ |
| ૨૭ | **પટેલ વિજયકુમાર ભીખાભાઈ**<br>જુના બોરભાઠા બેટ,<br>હંસદેવજી આશ્રમ પાસે,<br>તા. અંકલેશ્વર, જી. ભરૂચ. | સામાજિક<br>વિજ્ઞાન<br>અર્થશાસ્ત્ર | એમ.એ.<br>(મનોવિજ્ઞાન) | ૦૧-૦૬-૮૦ | ૯૯૦૪૦૧૦૦૩૭ |

Scanned with CamScanner

| રોલ નં. | નામ / સરનામું | પદ્ધતિ | શૈક્ષણિક લાયકાત | જન્મ તારીખ | મોબાઈલ / ફોન નંબર |
|---|---|---|---|---|---|
| ૨૮ | **ત્રિવેદી શિલ્પા નીરૂભાઈ**<br>એચ-૫૪, શુભમ્ સોસાયટી,<br>લિંક રોડ, ભરૂચ. | સામાજિક વિજ્ઞાન અર્થશાસ્ત્ર | એમ.એ. (મનોવિજ્ઞાન) | ૨૮-૦૪-૮૪ | ૯૪૨૮૩૨૬૫૪૦<br>૯૮૨૪૧૧૯૨૭૫ |
| ૨૯ | **આજગિયા રિતેષકુમાર રમેશભાઈ**<br>૧૫, રાધાસ્વામી સોસાયટી,<br>સીંગણપુર ચાર રસ્તા, વેડરોડ,<br>સુરત-૩૯૫ ૦૦૪ | અર્થશાસ્ત્ર નામાના મૂળતત્વો | એમ.કોમ. (નામાના મૂળતત્વો) | ૧૫-૦૪-૮૪ | ૯૮૨૪૪૪૫૪૪૦ |
| ૩૦ | **ભાવસાર રૂપલ ચીનુભાઈ**<br>૧૦૧, નવજીવન એપાર્ટમેન્ટ,<br>રીના પાર્કની સામે, રઘુવીર નગર,<br>તીથલ રોડ, વલસાડ-૩૯૬ ૦૦૧ | અર્થશાસ્ત્ર નામાના મૂળતત્વો | એમ.કોમ. (નામાના મૂળતત્વો) | ૦૨-૦૬-૭૩ | ૯૪૨૮૩૮૦૪૭૬<br>(૦૨૬૩૨)<br>૨૪૭૭૩૬ |
| ૩૧ | **ભોજ કલ્પેશકુમાર જેઠાભાઈ**<br>૭૨, ત્રિભુવનનગર, અખંડ આનંદ<br>કોલેજ સામે, વેડરોડ, સુરત-૪ | અર્થશાસ્ત્ર નામાના મૂળતત્વો | એમ.કોમ. (નામાના મૂળતત્વો) | ૦૩-૧૨-૮૨ | (૦૨૬૧)<br>૨૫૧૨૧૧૦ |
